Barcode - 99999990820376
Title - Imam Al-Mhedi.
Subject -
Author - Huda Vali Mahamad Nanaji
Language - gujarati
Pages - 172
Publication Year - 1948
Creator - Fast DLI Downloader
https://github.com/cancerian0684/dli-downloader
Barcode EAN.UCC-13
9 999999 082037

BOMBAY

ધી ઇસ્માઇલી સોસાઇટી

ગુજરાતી અનુવાદ સીરીઝ નં. ૩

## પ્હેલા ફાતમી ખલિફ

# ઇમામ અલ-મ્હેદી

૩

બે અરબી કૃતિયો

'હિસ્તિતારૂલ ઇમામ' અને 'સિરાત જા'ફર અલ હાજીબ'

ના અંગ્રેજી અનુવાદ ઉપરથી ગુજરાતી

અનુવાદક

વલીમહમદ નાનજી હુદા

આવૃત્તિ ૧ લી નકલ ૧૦૦૦

૧૯૪૮

કિંમત રૂ. ૨ાા આફ્રિકા માટે શી. ૨ાા

ઇસ્માઇલી સોસાઇટી માટે પ્રગટ કરનાર

થેકર એન્ડ કું. બુકસેલર્સ

રામપાર્ટ રૉવ મુંબઇ—ઇન્ડીયા

गूजरात विद्यापीठ ग्रंथालय

[ गूजराती कॉपीराइट विभाग ]

अनुक्रमांक ૨૬૮૭૮

किमत ૧-૮-૦

ग्रंथनाम ઇમામ - અલ - ગઝાલી

वर्गांक ૫૭૨૬.૬૨૬૨

પ્હેલા ફાતમી ખલિફ

# ઇમામ અલ-મ્હેદી

THE ISMAILI SOCIETY

Story of

# IMAM-AL-MAHDI

## (The First Fatmid Caliph.)

Guj. Translations of

# ISTITARUL IMAM
# &
# SIRAT JA'FAR-AL-HAJIB.

by

V. N. HOODA.

1948

*Published for the* Ismaili Society *by*
THACKER & CO, LTD,
Rampart Row, BOMBAY, INDIA,

ધી ઇસ્માઇલી સોસાઇટી

ગુજરાતી અનુવાદ સીરીઝ નં. ૩

# પ્હેલા ફાતમી ખલિફ

# ઇમામ અલ-મ્હેદી

## ૩

બે અરબી કૃતિયો

'ઇસ્તિતારુલ ઇમામ' અને 'સિરાત જા'ફર અલ હાજીબ'

ના અંગ્રેજી અનુવાદ ઉપરથી ગુજરાતી

અનુવાદક

**વલીમહમદ નાનજી હુદા**

આવૃત્તિ ૧ લી                    નકલ ૧૦૦૦

૧૯૪૮

કિંમત રૂ. ૧ાા                    આફ્રિકા માટે શી. ૨

ઇસ્માઇલી સોસાઇટી માટે પ્રગટ કરનાર

થૅકર ઍન્ડ કું. બુકસેલર્સ

રામપાર્ટ રૉ     મુંબઇ-ઇન્ડીયા

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાતી કૉપીરાઈટ-સંગ્રહ
૨૬૯૭૯

: મુદ્રક :
જાદવજી પિતાંબર ઠક્કર
ઉષા પ્રિન્ટરી લી૦
દેવકરણ મેનશન, પ્રિન્સેસ
સ્ટ્રીટ, મુંબઈ, ૨.

# યાદી

સને ૧૯૪૬ ના ફેબ્રુઆરી માસની ૧૬મી તારીખે મુંબઇમાં સ્થાપન થયેલી "ધી ઇસ્માઇલી સોસાયટી"નો હેતુ ઇસ્માઇલીઝમ એટલે ઇસ્લામમાં ઇસ્માઇલીની બધી શાખાઓની હીલચાલો, તેમનાં સાહિત્ય, ઇતિહાસ, ફીલસુફી, આધ્યાત્મવાદ અને એવાં બધાં સાથે સંકળાયેલી સઘળી બાબતોના સ્વતંત્ર અને બારીક અભ્યાસને ઉત્તેજીત બનાવી તેમાં વૃદ્ધિ કરવાનો છે સોસાઇટીએ પોતાનાં કાર્યક્ષેત્રમાંથી કોઇપણ તરેહના ધાર્મિક અથવા રાજદ્વારી પ્રચાર કે વાદવિવાદને બાકાત રાખેલ છે અને ઇસ્માઇલીની કોઇ અમુક શાખાનું દૃષ્ટિબિન્દુ સાબિત કરવાની તેની ઇચ્છા નથી. આવા અભ્યાસ સાથે સંબંધ ધરાવતા જુદાજુદા વિષયો ઉપરના વૃતાંતો, પુરાતન ઇસ્માઇલી કૃતિઓની મુળ પ્રતોની બારીક તપાસ સાથેની આવૃતીઓ તેના તરજુમા અને ટુંકા પત્રો અને નોંધોના સંગ્રહ પ્રગટ કરવાનો ઇસ્માઇલી સોસાયટી ઇરાદો રાખે છે અને ઇસ્માઇલીઝમના જ્ઞાનમાં હિસ્સો આપતી સમ્પુર્ણ યોગ્ય લાગતી જુદા જુદા લેખકોની કૃતિઓ પ્રગટ કરવાનું સ્વિકારે છે. વિષયના અગત્યના અભ્યાસ ઉપર અવલંબિત હોય એવા વિચારો અને અભિપ્રાયોની છુટથી આપ લે થાય એને ઉત્તેજન આપવાની ઇસ્માઇલી સોસાયટીની હંમેશની નિતી છે. એ ખાસ લક્ષમાં રાખવાની જરૂર છે કે ઇસ્માઇલી સોસાયટી તરફથી કોઇપણ કૃતિ બહાર પડે એથી એનો કોઇપણ રીતે એવો અર્થ થવો જોઇતો નથી કે એમાં દર્શાવેલા વિચારો અથવા દૃષ્ટિબિન્દુઓને સોસાયટીની અનુમતી છે અથવા તે સ્વિકારે છે.

# પ્રસ્તાવના.

આજથી એક હજાર વર્ષથી વધુ પ્હેલાં જ્યારે સર્વત્ર અને ખાસ કરીને ઇસ્લામી જગ્ત ઉપર દુન્યવિ સત્તાનું પ્રલોભન, ધાર્મિક અસહિષ્ણુતા, કંગાલિયત, જુલ્મ, અરાજકતા અને જુદા જુદા દૃષ્ટિબિન્દુવાળા ધર્મના વાડાઓ વચ્ચે કાતિલ મતભેદો અને વિતંડાવાદના શ્રપતાની ઓળાઓ ફરી વળ્યા હતા અને વાતાવરણ અતિ કલુષિત બની ગયું હતું ત્યારે શાન્તિ વાન્છુ આમ જનતા અને સુલેહ પસંદ ધર્મિષ્ટ જનોની મીટ હ૦ રસુલિલ્લાહની પેલી પ્રખ્યાત હદીસ ઉપર મંડાઇ રહી હતી કેઃ—"મારી હિજરત બાદ ત્રણસો વર્ષે સૂર્ય જે દિશામાં આથમે છે ત્યાંથી ઉદય થવા પામશે."

કાળી ઘોર અંધારી રાત્રી વિતતા, પરોઢમાં સૂર્યના ઉદયથી જંખના જેવી એ હદીસને ટેકો આપે એવી તેમજ તેનું વધારે સ્પષ્ટિકરણ કરનારી અનેક વિધ વિધ હદીસો એ વખતે લોકોમાં એક અથવા બીજા સ્વરૂપે પ્રચલિત થઇ ચુકી હતી.

હ૦ ઇમામ જા'ફર સાદિક બાદ ઇમામતની મસનદ ઉપર બિરાજમાન થનાર નકી થયેલ વલી અહદ હ૦ શાહ ઇસ્માઇલની દેખિતી વફાતનો સુપ્રસિદ્ધ મોજીઝાનો પ્રસંગ અને ત્યાર બાદ

કેટલાક વખત પછી હ૦ શાહ ઇસ્માઇલનું મદીના શહેરમાં દેખાવું વગેરે ખબરોએ અબ્બાસી ખલીફાના દિલમાં બેચેની પેદા કરી દીધી હોવાથી, હ૦ શાહ ઇસ્માઇલના વલી અહદ યાને હ૦ ઇમામ જા'ફર સાદિક બાદના ભવિષ્યના ગાદીવારસ શાહ મહમદ બિન ઇસ્માઇલની સલામતી માટે હ૦ ઇમામ જા'ફર સાદિકે યોગ્ય પગલાં લઇ તેમને દરે હિજ્ યાને સલામત જગ્યાએ પ્હોંચાડી, આમ જનતાની નજરથી દૂર કરી દીધાના ખબરથી ભાવિક જનતા અજાણ ન્હોતી.

હ૦ શાહ ઇસ્માઇલ બાદના ઇમામોએ પોતાના દુશ્મનોથી બચવા અને વિરૂધિયો જેને પોતાની ફૂંક વડે ઓલવી નાંખવા માંગતા હતા તે ચીજને ખુદાતઆલા હમેશાં ટકાવી રાખનાર છે એની સત્યતા પૂરવાર કરવા દરેક સાવચેતીના પગલાં લઇને પોતાના નાના હ૦ રસુલ સ૦ નું પવિત્ર કાર્ય ચાલુ રાખ્યું હતું અને દુનિયાનાં ચારે ખુણામાં પોતા તરફથી ધર્મપ્રચારકો મોકલી લોકોને હક અને બાતલ બતાવતા રહેતા હતા. એ પ્રચારમાં લોકોને નવિન આશાઓ અને ઉમેદો પૂરી થવાની આગાહીયો હતી અને પ્રચલિત જુલમ, અરાજકતા, અંધકાર અને પાપના પોરાનો અંત અને તેને બદલે આવનાર શાન્તિ અને સુરાજ્યવ્યવસ્થાના ખુશ ખબરોની મીઠી સુગંધ તેમાં ભરેલી હતી.

હીજરી સનની ત્રીજી સદીનો અંત જેમ જેમ નજીક આવતો ગયો તેમ તેમ લોકોમાં નવિન આશાઓના અંકુરો ફુટયા

અને તેને ઉ-તેજીત બનાવનારા પ્રચારે તેમને અધિરા બનાવી દીધા આ પ્રચારની અસરે સ્થાપિત અબ્બાસી રાજ્ય કર્તાઓ અને અધિકારી વર્ગમાં વ્યાકુળતા વધારી દીધી અને તેઓએ પણ એ આવનાર આંધીને ટાળવા અને પોતાની રાજ્ય સત્તા અખંડ ટકાવી રાખવા હ. અલીના વંશજો—ઇમામો અને તેમના અનુ-આઇયોને બની શકે તેટલા હલકા ચિતરવા, તેમની વંશાવળી ખોટી ઠરાવવા અને તેમને દરેક પ્રકારે હલાક કરવા, કેદ પકડી રીબાવવા અને બદનામ કરવાના કાર્ય માટે જાસુસીની અતિ વિશાળ જાળને સતેજ અને મજબુત બનાવવાના કાર્યમાં પોતાનાં સર્વ શ્રી અને શકિતનો વ્યય કરવામાં કચાસ રાખી નહિ.

એ સાથે સાથે કેટલાએક લેભાગુ સ્વાર્થીઓએ પણ એ હદીસના ઓઠા નીચે પોતાનો સ્વાર્થ સાધવા જતાં હલાકી અને વિટમ્બણાઓ વ્હોરી લીધી એટલુંજ નહિ પણ એમાં અનેક નિર્દોષોનો ભોગ અપાણો.

પશ્ચિમમાંથી ઊગનાર સૂર્ય તરીકે હ. અલીના સીધા વંશજ ઇમામ અલ–મ્હેદીના રકદા શહેરમાં ખલીફ તરીકે જાહેર થવા પ્હેલાં, અતિ વિશાળ અને શકિતશાળી અબ્બાસી રાજ્ય અમલમાં તેમને જે જે વિટમ્બણાઓમાંથી પસાર થવું પડયું અને સલમીયાથી ઠેઠ રકદા પ્હોંચવા સુધીમાં તેમને જે જે સારા નરસાં સંજોગો પાર કરવા પડયા તે બધાં પ્રસંગોએ હાજર રહેનાર તેમનાજ અંગત ખાદિમ જાફર

અલ-હાજીબની યાદદાસ્ત મુજબ તેના મોંઢાની વાતોની હકીકતોના વર્ણનોનો સંગ્રહ "સિરાત જા'ફર અલ-હાજીબ" નામની એક અરબી કૃતિરૂપે મળી આવે છે.

આ તેમજ તેની પૂર્વ ભૂમિકા પુરી પાડતી એક બીજી અરબી કૃતિ "ઇસ્તતારૂલ ઇમામ"નો અંગ્રેજી તરજુમો તેની અસલ અરબી મૂળ કૃતિઓ સાથે ઇ. સ. ૧૯૪૨માં મુંબઇમાં "ધી ઇસ્લામિક રીસર્ચ એસોસીયેશન" હસ્તક મી. ડબલ્યુ આઇવેનો તરફથી The rise of the Fatmids યાને "ફાતમીયોનો ઉદય" નામે પુસ્તકમાં બ્હાર પાડવામાં આવેલ છે.

અંગ્રેજી અથવા અરબી નહિ જાણનાર ગુજરાતી વાંચક આલમ આવી અતિ મહત્વની ઇતિહાસિક હકીકત જાણવા પામે એવા હેતુસર એ બેઉ કૃતિયોના અંગ્રેજી ભાષાંતર ઉપરથી કરેલો ગુજરાતી અનુવાદ આ પુસ્તકમાં આપવામાં આવેલ છે.

મૂળ અરબી કૃતિયો તેના લેખકો અને સમય સંબંધમાં પુસ્તકની શરૂઆતમાં પરિચય આપવામાં આવેલ છે જે વાંચતા વાંચક સમજી શકશે કે આ કૃતિયો જુના સમયના ફાતમી ઇતિહાસ ઉપર ઘણું સારૂં અજવાળું પાડે છે.

સાધારણ ગુજરાતી જાણનાર આનો બરાબર લાભ ઉઠાવી શકે એ હેતુસર અનુવાદની ભાષા અતિ સાદી અને છાપવાના ટાઇપો મોટા લેવાની ખાસ કાળજી રાખવામાં આવી છે.

આ અનુવાદને બારીકીથી વાંચી અભ્યાસ કરી એ પુસ્તક આકારે બ્હાર પડે તો ફાતમી ઇતિહાસ જાણવાની જીજ્ઞાસા ધરાવનાર ગુજરાતી વાંચક વર્ગને અતિ મહત્વનું વાચન મળવા પામશે એવો નિખાલસ અભિપ્રાય દર્શાવનાર મારા વિદ્વાન મિત્રોનો હું આભારી છું; તેમજ આ પુસ્તિકાને પોતાના ગુજરાતી અનુવાદ સીરીઝમાં સ્થાન આપી પ્રગટ કરવા માટે "ધી ઇસ્માઇલી સોસાઇટી"ના માનવંત પ્રેસીડન્ટ અને મેમ્બરોનો પણ આ સ્થળે ઉપકાર માનવાની રજા લઉં છું.

મુંબઇ માર્ચ ૧૯૪૮

વલીમહમદ નાનજી હુદા

# અનુક્રમણિકા


૧. "ઇસ્તિતારૂલ ઇમામ" અને "સિરાતલ જા'ફર અલ હાજીબ"નો પરિચય ... પા. ૧ થી ૭

૨. "ઇસ્તિતારૂલ ઇમામ"નો ગુજરાતી અનુવાદ" ... .... ... ... ,, ૮ થી ૬૪

૩. "સિરાત જા'ફર અલ હાજીબ"નો ગુજરાતી અનુવાદ ... ... ... ,, ૬૫ થી ૧૫૮

# પ્હેલા ફાતમી ખલિફા
# ઇમામ અલ-મ્હેદી

## 'ઇસ્તિતારૂલ ઇમામ' અને 'સિરાત જા'ફર હાજીબ.'

ઇસમાઇલી સાહિત્યની બે ન્હાની અરબી કૃતિયો, શિરસ્તા મુજબ એક સાથે અને ખરી રીતે એક બીજાની પુરવણી રૂપે એકજ હસ્ત લેખીત પ્રત તરીકે મળી આવે છે. આ બેઉ કૃતિયોમાં મગરીબમાં ફાતમી રાજ્ય વંશના સ્થાપક ઇમામ અલમ્હેદીનું વૃતાંત આપેલું છે કે જે દેખીતી રીતે પ્રાચિન ભુતકાલના સાચા ઇતિહાસના અવશેષો રૂપ છે. આ કૃતિયો ઇમામ અલમ્હેદી અને તેઓશ્રીએ જાતે અનુભવેલા પ્રસંગોનુ જીવતું જાગતું અને તાદૃષ્ય ચિત્ર આપણી સમક્ષ ખડું કરી દે છે.

"ઇસ્તિતારૂલ ઇમામ" કે જેનો અક્ષરશઃ અર્થ ઇમામનું ગુપ્તવાસમાં જવું એવો થાય છે તે ખરી રીતે

ઈમામ અલમ્હેદી પોતાના વતન સલમિયાથી વિદાય થયા તે પ્હેલા જે બનાવો બની ગયા તે વિષેનો ઇતિહાસ છે. એનો મૂળ વિષય હી. સ. ૩૮૯–૩૯૦ માં બદુઇ બળવાખોરો કે જેને પ્રાચિન ઇતિહાસકારો ધિક્કારભરી રીતે કુરમતીયાને નામે સંબોધે છે, તેમની સીરીયા ઉપરની લશ્કરી ચઢાઈને લગતા બનાવોનાં વર્ણન સંબંધી છે. હકીકતમાં એ બિલકુલ બનવા યોગ્ય છે કે બળવાખોરોની અંદર કુરમતીયા લોકો પણ સામેલ હતા કે જેઓ બીજાઓ સાથે સંભવિત લુંટ કરવાના હેતુસર જોડાયા હતા પણ લાંબી નજરે જોતાં માલમ પડે છે કે તેમાં ઘણે મોટે ભાગે ઇસ્માઇલી ધર્મમાં દાખલ થયેલા આરબ તાયફાવાળાઓ હતાં.

પંચરંગી ટોળાંઓનો આવો સંભુમેળો, આગેવાનો વચ્ચેનો કુસંપ, મુખ્ય મોવડીનું ચઢાઇની શરૂઆતમાંજ અકાળે અવસાન થવું, આ બધી બાબતોએ ધાર્મિક લડાઇ તરીકેના એના અસલ હેતુને ભુંડા કામો કરનારા લુંટારાના હુમલાના રૂપમાં ફેરવી નાંખ્યો કે જેમણે સ્થાનિક શાન્ત પ્રજા તેમજ ઇમામ અલમ્હેદીના મ્હેલ સુધાં બંધે ઠેકાણે લુંટ ચલાવી અને એ સ્થળ છોડતાં

પ્હેલાં ઇમામના લગભગ એક સો જેટલી સંખ્યાનાં સંબધિયોને કતલ કરી નાંખ્યા.

ઇમામ અલમ્હેદી જેવા અતિષય ઉચ્ચ કક્ષાના બુદ્ધિશાળી નર ચઢાઇ લઈ જનારાઓના સ્વભાવથી વાકેફ હતા અને તેના આવનાર પરિણામ વિષેનાં ભવિષ્યની તેમને સારી રીતે જાણ હતી. એઓ નામદાર પોતાના ઘરબાર અને દરેક ચીજનો ત્યાગ કરીને, પોતાના એકના એક બાકળપુત્ર ભવિષ્યના "ઇમામ અલ કાયમ"ને લઇને સલમીયા છોડી ગયા. તેઓશ્રી મામલાનો થતો વિકાસ જોવા થોડો વખત પેલેસ્ટાઇનમાં થોભ્યા અને જ્યારે તેઓશ્રીએ જોયું કે ચઢાઇનો અંત ખાનાખરાબીમાં આવતો જાય છે ત્યારે તેઓ નામદાર યમન કે જ્યાં ઇબ્ને હુવશાબે ઇસ્માઇલી દઆવતનું કામ અતિઘણું વિકશાવી દીધું હતું, ત્યાં જવાના ઇરાદા સાથે ઇજીપ્ત તરફ રવાના થયા પણ તેમને ખબર પડી કે ત્યાં ખાતે અશાન્તિ ફાટી નીકળી છે એટલે તેઓશ્રી પશ્ચિમ તરફ, મઘરીબ આફ્રિકા કે જ્યાં અબુ અબ્દલ્લાહ અશ શીહીએ બરબરી તાયફાવાળાઓમાં મક્કમ ફતેહો પ્રાપ્ત કરી હતી, તે તરફ વધ્યા.

અંહિયા વર્ણન પુરૂં થાય છે અને તેની પુરવણી રૂપે જા'ફરની સિરાત શરૂ થાય છે. "ઇસ્તિતારૂલ ઈમામ"ના કર્તા આહમદ અનયશાબુરી કરીને કોઇ શખ્સ છે કે જે ઘણુ કરીને ઇરાની દાઇ હતો અને જેણે ઈમામ અલમ્હેદીના સોબતીયોના વંશજોની વાતો ઉપરથી એ વિગતો ભેગી કરી હતી. તે ઈમામ અલ અજીઝ અને ઈમામ અલ હાકિમના રાજ્ય-કાળમાં હૈયાત હતો.

"સિરાત" શબ્દનો અર્થ ઘણે ભાગે જન્મ વૃતાંત થાય છે, પણ મધ્ય યુગના પ્રાચિન સાહિત્યમાં ખાસ કરીને ઇસ્માઇલી મજહબમાં તેનો અર્થ જુદા રૂપમાં કરવામાં આવે છે કે જેનો તરજુમો અંગ્રેજી રીત પ્રમાણે આપણે જાતિ અનુભવો અથવા ફલાણા ફલાણાની આપવિતીનું વર્ણન એમ કરીયે તો વધારે બંધબેસ્તુ થઈ પડે. સિરાત જા'ફર અલ હાજીબ ખરેખર ઈમામ અલમ્હેદીના એક જુના ગુલામ, ઘણુ કરીને જા'ફર નામના કોઇ ખાજાસરાના સ્મરણો છે, કે જે પોતાના માલિકના અંગત વિશ્વાસુ સેવક તરીકે તેઓશ્રીની આગળની કારકિર્દીના બધાં પ્રસંગો દરમિયાન તેમની

સાથે રહ્યો હતો. ઈમામ અલ અઝીઝના રાજ્ય કાળ દરમિયાન ઘણું કરીને ઇસ્તિતારૂલ ઇમામની કૃતિના સમય અગાઉ, મહુમદ બિન અલ યમની નામના કોઇ શખ્સે તેના આ સ્મરણો એકઠાં કરીને એક પુસ્તિકાના આકારમાં જમા કર્યાં હતા.

એ તો સુવિદિત વાત છે કે પ્રાચિન જગતમાં ગુલામોના જુદા જુદા પ્રકારો હતા. અમીરોના ઘરમાં અંગત ખાદિમો તરીકે જેમને રાખવાના હોય તેમને હંમેશા તેઓ બાલ્યાવસ્થામાં હોય ત્યારેજ ખરીદ કરવામાં આવતાં અને તેમને શેઠના બાળકોના સોબતીયો તરીકે તેમની સાથેજ કેળવવામાં આવતા. પુરૂષ બાળકોને ખાજાસરા બનાવી દેવાનો રિવાજ હતો અને જ્યારે તેઓ મોટી વયના થતાં ત્યારે તેમને મ્હેલના ઝનાના વિભાગની સેવા અર્થે મોકલી દેવામાં આવતા. જેઓ બુદ્ધિશાળી, શકિતશાળી અને સ્વામી ભકત હોય તેઓ, આપણે ફાતમી ઝમાનામાં જોયું છે તેમ, શાહઝાદાઓની સેવામાંથી ઉંચી પદ્વિ પ્રાપ્ત કરી શકતા. જા'ફર પોતે જણાવે છે તેમ, તેને તેના માલિકના ઝનાનાની સેવા અર્થે રાખવામાં આવ્યો હતો.

"હાજીબ" સંજ્ઞા, શાહી મ્હેલના સુપ્રીન્ટેન્ડન્ટ–શાહી મ્હેલના વહીવટદાર જેવો દરજ્જો ધરાવનાર માટે વપરાય છે અને એ લકબ આઝાદ શખ્શો અને નોકરીયાત વર્ગમાંથી ઉંચ દરજ્જાના માણુસોને બક્ષવામાં આવે છે. જા'ફરને એ દરજ્જો ખાસ કરીને તેની જીન્દગીભરની અતુલ સેવાની કદરશનાશી તરીકે આપવામાં અબ્યો હતો.

તેની યાદદાસ્તની વાતો–સ્મરણો એક મનોરંજન વાંચન પુરૂં પાડે છે; અલબત્તા તેને ઈતિહાસ કહી શકાય નહિ, અને ઘણી વિગતોના ઉંડાણુમાં ઉતરતાં કદાચ તે તદ્દન બંધબેસ્તુ નહિ લાગે. જે રીતે તે છે તે ખુલ્લું બતાવે છે કે, તે એક તાજી યાદદાસ્ત નહિ ધરાવનાર વૃદ્ધ પુરૂષની વાતો છે અને એ માટે તેના વાંચનારાઓને એ સ્પષ્ટ રીતે ખબરદાર રાખે છે, પણ એ વાતોની ધ્વનીમાં જે રણુકાર સંભળાય છે તેમાં ગંભિરતા, નમ્રતા અને જીવનની સચ્ચાઇનો અવાજ રહેલો છે. અલબત્તા લેખક તે જમાનાની એક વ્યક્તિ તરીકે ચમત્કારના અંકુરને મરજીયાત રીતે ખુબ વિકસવા દે છે છતાં એ ધ્યાન ખેંચે એવી રીતે સપ્રમાણિત છે. આવી મુદ્દાઓની વાતોમાં પ્રાચિન ફાતમી જમાનાના ખરેખરા ચિન્હો દેખાઈ આવે છે.

આ પુસ્તિકાના ધ્વનિ અને સૈયદ નાસિર ખુશરૂના સફરનામામાં ઘણું સામ્ય રહેલું છે. એ કહેવાની જરૂર નથી કે, ત્યાર પછીના જમાનાના, કપોળકલ્પિત–બનાવટી વાતો લખનાર, કે જે ફક્ત પોતાની મનઘડિત વાતોજ લખી જાણે છે, તેના હાથે આવી વાતોનો ધ્વનિ તદ્દન જુદાજ સ્વરૂપે, "અલફ લયલા"ને બરાબર મળતો બ્હાર પડયો હોત. આ આપણે સૈયદના ઇદરીસની હી. સ. ૯મી અને ઇસ્વી ૧૫મી સદીની ગુપ્ત કૃતિ "જહુરૂલ–મઆની"માં આપવામાં આવેલ ઇમામ અલમ્હેદીના અહેવાલમાં સાફ જોઈ શકીયે છીએ. એમાંના ચમત્કારો પરિવાર્તામાં હોય એવા કપોળકલ્પિત જેવા દેખાઈ આવે છે.

આ બેઉ કૃતિયો ઇ. સ. ૧૯૩૯ માં "બુલેટીન ઑફ ધી ફેકલટી ઑફ આર્ટસ ઓફ ધી ઇજીપશીયન હીસ્ટરી"માં પાને ૯૩ થી ૧૩૩ માં અરબીમાં સંપાદન કરવામાં આવેલ છે અને તેનો અંગ્રેજી તરજુમો મી. ડબલ્યુ આઇવેનો તરફથી સને ૧૯૪૨ માં મુંબઈથી બ્હાર પડેલ "ધી રાઇઝ ઓફ ફાતમાઈડઝ" નામના પુસ્તકમાં પાને ૧૫૭ થી ૨૨૩ માં આપવામાં આવેલ છે.

# ઈસ્તિતારૂલ ઈમામ

( મુળ લેખક વગેરે માટે જુઓ પાના ૧ થી ૩ )

"બિસ્મિલ્લાહ હિર રહેમાન નિર રહીમ"

"ખુદા તઆલાના નામથી શરૂ કરૂં છું જે કૃપાળુ અને દયાળુ છે."

"અલહમ્દોલિલ્લાહ"–બધાં વખાણ ખુદાતઆલાના છે; મહાન વખાણ કે જેને તે લાયક છે અને ખરેખર તે તેનેજ છાજે છે.

અને ખુદાવન્દતઆલા તરફના બધા રસુલોના સરદાર હ૦ **મહમદ** અને તેમની પાક **અહલે બૈયત** ઉપર ખુદાવન્દતઆલાના મહાન આશિર્વાદો ઊતરો.

વાચક ! જાણી લે ! ખુદાવન્દતઆલા તને સત્યનો જાણકાર બનાવે કે:–

દાઇઓએ જેવો ઇમામનો સંસર્ગ ગુમાવ્યો અને જેવા તેઓ મહાન મુંઝવણમાં આવી પડયા કે તરતજ

તેઓમાંના મુખ્ય આગેવાને "અસકર મુકરમ" નામે શહેરમાં મુખ્ય દાઇઓની એક સભા બોલાવી.

એ બધાં નીચે મુજબ સાત દાઇઓ હતા.*

(૧) અબુ ગફાર, (૨) અબુ સલમા, (૩) અબુલ હુસન બિન અત–તિરમીઝી, (૪) ઝીયાદ બિન અલ ખશાહમી, (૫) અહામદ બિન મવસીલી અને (૬) અબુ મુહમદ અલ કુફી. છેલ્લા (અબુ મુહમદ અલ કુફી) અબુ મહઝુલના પિતા થાય કે જે અબુ મહઝુલે (પાછળથી) આપણા મૌલાના આશ્રિતો અને હ૦ રસુલિલ્લાહની ઔલાદના માણસોને સલમીયામાં કતલ કર્યા હતા.

તેઓના (ઉપર જણાવેલા છએ દાઇઓ) ઉપર ખુદાતઆલાના આશિર્વાદો ઉતરો.

જ્યારે ઉપર જણાવેલા શખ્સો ભેગા થયા ત્યારે તેઓએ પોતપોતામાં કહ્યું કે "આપણે આપણા ઇમામનો સંસર્ગ ગુમાવી બેઠા છીએ. તેના વગર આપણા નિમાઝ–બંદગી, રોઝા વગેરે શા કામના છે! આપણને

---

* જો કે અહિં સાત દાઇયો જણાવેલ છે પણ દરેક પ્રતોમાં ફકત છજ નામો મળી આવે છે.

સમજ પડતી નથી કે જગાતની રકમ આપણે કોને આપવી ?"

ત્યાર બાદ તેમણે પેટા દાઇઓ અને મોમીનોની એક સભા ભરી; એમાં તેમણે ખર્ચ માટે એક ફંડ એકઠું કર્યું અને એ લોકોએ દાઇઓને એ ફંડની રકમ સોંપી સંબોધન કરતાં કહ્યું કે "જાઓ ઇરાન અને યમનના મુલ્કોમાં પ્રસરી જાઓ અને તેની (ઈમામની) શોધ કરો."

એ ઉપરથી દાઈઓએ દરેક ઠેકાણે જવા પોતાની સફર શરૂ કરી દીધી. તેઓ દરેકે પોતાની સાથે ઈમામની શારરિક ઓળખનું વર્ણન આપતું પત્રક (હુલીયો) પોતપોતાની સાથે લઇ લીધું.

તેઓ પોતાની સાથે સ્રીઓને બરનો માલ જેવો કે મરી મસાલા, લોબાન, સુગંધી પદાર્થો, કાંતવાની તરાકો, અરીસાઓ, અગરબત્તીયો અને જુદી જુદી જાતની કાંસકીઓ, પોતાના ખચ્ચરો ઉપર લાદીને ભટકતા ફેરીયાઓના વેશમાં નિકળી પડયા.

તેઓએ પોતપોતામાં એક ઇલાકાના જુદા જુદા જીલ્લાઓ દરેકને ફરવા માટે મુકરર કર્યા અને તે

ઇલાકામાં અમુક જગાએ અમુક નક્કી કરેલી તારીખે ભેગા થવાની ગોઠવણ કરી, કે જેથી અમુક ઇલાકાની સફર પૂરી કર્યા બાદ તેઓ તે નક્કી કરેલી જગાએ મળી, તેમણે (ઇમામના) જે કાંઈ સમાચાર મેળવ્યા હોય તે એક બીજા આગળ રજુ કરી શકે, અને જો એક ઈલાકામાં તેઓની ભાળ ન મળે તો તેઓ બીજા ઇલાકાની સફરે નિકળી તે ઇલાકામાં ભેગાં મળવાની તેવી બીજી જગ્યા નક્કી કરી શકે.

તેઓની સફરમાં જયારે જયારે સ્ત્રીઓ અને બાળકો તેમની આસપાસ ભેગા થતાં ત્યારે તેઓ અમુક વર્ણનવાળો કોઇ શખ્સ તેમની આજુબાજુમાં રહે છે કે કેમ? એવી પૂછપરછ કરતા. આ પ્રમાણે દરેક જગ્યાએ કરવામાં આવતું. એ પ્રમાણે તેઓ અલેપ્પો (હલબ), અપર મેસોપોટેમીયા અને બીજી જગ્યાઓ ખુંદી વળ્યા પણ તેમને (ઇમામનો) કાંઇ પત્તો મળ્યો નહિ.

છેવટે તેઓ હીમ્સના જીલ્લામાં આવી પ્હોંચ્યા અને "મઆર-તુન નુમાન" નામના ગામ પાસે તેઓ જઇ ચડયા. અહિં તેમણે પોતાની ભેગા થઈ મુલાકાત

કરવાની જગ્યા તરીકે એ શહેરની એક મસ્જીદ નકી કરી. હવે એવું બન્યું કે ઇમામ પણ એજ જીલ્લામાં, સમાક (જબ્બલે સમાક)ની ટેકરીયોમાં "કાફરી ભૂમ" નજીક "ચકલીયોના મઠ" તરીકે ઓળખાતા એક મઠમાં વસવાટ કરીને રહ્યા હતા.

સમાક ટેકરીયોમાં આવેલા મઆર-તુન નુમાન પાસેથી જ્યારે અબુ ગરીર અને ઝિયાદ પસાર થતા હતા ત્યારે તેઓ હમેશની માફક "કાંઈ તરાક લો, અગરબત્તી લો, આયનાઓ લો" વગેરે બોલી પોતાનો માલ વેચવા બુમો મારતા જતા હતા. એ ઉપરથી કેટલીએક સ્ત્રીઓ અને બાળકો તેમની આસપાસ ભેગાં થયાં એટલે તેમણે હમેશની માફક અમુક અમુક દેખાવનો કોઇ શખ્સ તેમની આજુબાજુમાં કયાંઇ રહે છે કે કેમ? એ વિષે પૂછપરછ કરી. તેમના આશ્ચર્ય વચ્ચે એક બાઇ અને છોકરાએ પૂછ્યું કે "જો એ વર્ણનવાળા શખ્સનો પતો આપીયે તો આ સામાનમાંથી ઇનામમાં શું આપશો?" એના જવાબમાં તેમણે દિવાલને લગાડવાનો રંગ, અગરબતીયો અને બીજી જે કાંઈ ચીજ તેઓ પસંદ કરે તે ઇનામમાં આપવા જણાવ્યું. એ ઉપરથી તે બાઇ અને બાળકે જણાવ્યું કે—

"થોડા વખત પ્હેલાં અમે જ્યારે પેલા ચકલીયોના મઠ પાસેથી પસાર થતાં હતાં ત્યારે અમે એ માણુસને એના નોકર સાથે ઊભેલો જોયો હતો." આ સાંભળી અબુ ગફીર પોકારી ઊઠયો "અલ્લાહુ, અલ્લાહુ, મને એ મઠનો રસ્તો બતાવો." અને તે પોતાના ખચ્ચર ઉપર સ્વાર થઇ તે મઠ પાસે આવી પ્હોંચ્યો. તેણે પોતે અગાઉ કદીએ ઈમામના દિદાર કરેલ નહિ હોવાથી, ઇમામની ઓળખ આપતા વર્ણનનો કાંગળ બ્હાર કાઢી રાખ્યો; પણ તેણે જેવી ઇમામના સામે નજર કરી કે તુરતજ (ઇમામના હુલીયા) વર્ણન ઉપરથી ઇમામને તે ઓળખી ગયો અને પોતાના ખચ્ચર ઉપરથી એકદમ નીચે ઉતરી પડયો અને જેની (ઈમામની) શોધ માટે તે ભટકતો હતો તે મળી જવા માટે ખુદાવન્દતઆલાના શુક્રાનાનો તેણે સિજદો કર્યો; અને ત્યાર બાદ તેણે ઈમામને નમન કર્યું.

"તું કોણ છે?" ઈમામે તેને પૂછયું.

દાઇએ પોતાનું નામ આપ્યું અને અર્જ ગુજારી કે—

"આપ નામદારથી અમારો સંસર્ગ તુટી જવા બાદ આજથી બરાબર એક વર્ષ પ્હેલાં અમે સાત

દાઇઓ આપ નામદારની શોધ કરી રહ્યા છીએ. પણ તે શોધ આજ સુધી નિષ્ફળ નિવડી હતી”

“હું મને પોતાને છુપાવવા માટે આ જગ્યાએ આવ્યો છું.” ઇમામે ફરમાવ્યું “અને તમે લોકો મને જાહેર કરવા માંગો છો! પણ ખૈર, જ્યારે તું અંહિ સુધી આવ્યો છે અને તેં મારી મુલાકાત લીધી છે એટલે હવે તું પાછો જા, અને તારા બધા હમશરીકોને ખબર આપ કે તેઓ અંહિ આવી મારા દિદાર કરે કે જેથી હું પણ તેમની મુલાકાત લઉં અને ફરમાનો આપું જે લઇ, ઈન્સાઅલ્લાહ, તેઓ પાછા ફરે.”

મનની સંપૂર્ણ શાન્તિ અનુભવતો ખુશાલ દિલે અબુ ગફીર પોતાના હમશરીકો પાસે આવ્યો, જેઓ પણ એ ખબર સાંભળી પારાવાર ખુશી થયા. તેઓ બધા ઈમામની મુલાકાત માટે “ચકલીયોના મઠ”માં આવી પ્હોંચ્યા.

ઈમામે તેઓ બધાંને ફરમાન કર્યું કે “તમે તમારે મુકામે પાછા જાઓ અને મારી ભાળ તમને મળી છે તેની બધા દાઈઓને ખબર આપો.”

એ ઉપરથી એ બધા—સાતે દાઇઓ પાછા ફર્યા

અને દરેક જગ્યાએ બધા દાઇઓને એ ખુશ ખબર પ્હોંચાડી દીધા.

કેટલાક વખત પછી તેમનામાંની એક સંખ્યા ઇમામના દિદાર કરવા ગઈ અને તેઓ નામદારને સલામી આપી અને તેઓશ્રી સાથે ફરીથી સંબંધ ચાલુ થવા માટે ખુદાતઆલાના શુક્રાના અદા કર્યા. ઇમામે તેમને ઘણીજ માયા સાથે આવકાર આપ્યો અને તેમને ફરમાવ્યું કે "હું થોડોક વખત થયા અંહિ રહું છું, પણ જરૂર પડે ત્યારે જોઇતા દવાદારૂ અંહિ મળી શકતા નથી તેમજ જ્યારે ઝરૂરત ઉભી થાય ત્યારે રસ ખોલવા માટે વાઢકાપ કરી શકે એવો કોઈ સારો હકીમ પણ અંહિ મળી શકતો નથી, એટલુંજ નહિ પણ અહિં કોઇ "હમામ" (સ્નાન ગૃહ) પણ નથી."

આ ઉપરથી એ કરતાં કોઇ વધારે સારા સ્થળની શોધ માટે તેઓ **શાહબુન, હામા** અને **કાફ્રતાબ** જેવા શહેરોમાં ગયા અને અચાનક તેઓએ **સલામીયા**ની મુલાકાત લીધી.

**મહમદ** બિન **અબ્દુલ્લાહ** બિન **સાલેહ** કે જેને બગદાદના ખલીફાએ શહેર છોડી જવા અને પોતાને

રહેવા માટે મકાન બાંધી શકે એવી કોઇ બગદાદથી દૂર જગ્યા શોધી કાઢવા ફરમાન કર્યું હતું તેના હાથે વસાવેલું નવી બાંધણીનું આ શહેર હતું. (સલમીયાના) આ મેદાનની નજીકમાં ચોવીસ ક્રિશ્ચન મહોનો એક જમેલો આવેલો હતો, મહમદ અબ્દુલ્લાહ બિન સાલેહે તેની આસપાસ એક ગઢ બંધાવ્યો અને ત્યાંના મૂળ રહેવાસીયોને હાંકી કાઢી પોતાના ગુલામો સાથે પોતે વસવાટ કરી રહ્યો.

તેણે બગદાદનો ખલીફો કે જે તેનો પિત્રાઇ ભાઇ થતો હતો તેને વિનતિ કરી કે "રાજ્યથી દૂરના એક ખુણામાં આવેલા આ શહેરમાં મેં વસવાટ કર્યો છે પણ મારી ઇચ્છા એવી છે કે આ શહેર આબાદ બને અને એ માટે આપ નામદાર ખલીફ પાસે મારી વિનતી છે કે, દરેક શહેરના વેપારીયોને જાહેરનામા દ્વારા એવાં ખબર આપવામાં આવે કે તેઓ આંહિ આવી વસે અને પોતાનો વણજ વેપાર કરે કે જેથી આ શહેર આર્થિક રીતે સદ્ધર બને."

તેણે જરાએ કંટાળો ખાધા વગર કામદારો ઉપર જાતિ દેખરેખ રાખીને ત્રણ માસમાં બજારનું બાંધકામ

કરાવ્યું. વેપારીયો આવી બજારમાં પોતાની દુકાનો ખોલવા લાગ્યા અને ટુંક વખતમાં તે (સલમીયા) એક આબાદ શહેર બની ગયું. જે જે ધંધાદારીયો શહેરની મુલાકાત લેતાં તેમને શહેર છોડી જવાનું મન થતું ન્હોતું અને તેથી ત્યાં કાયમને વસવાટ કરી રહેવા માટે તેઓ માલિકની મંજુરી માંગતા. માલિક તેમને આવી મંજુરી આપતો અને વેપારીયો પોતાનો સરસામાન લાવવા લાગ્યા અને જે નોકરો તેમનો માલ અસબાબ લાવતા અને વેચતા તેમને રહેવા માટે શહેરમાં જગ્યાની જરૂર પડતી. એ ઉપરથી સલમીયામાં વેપારીયો માટે જુદા જુદા ખાસ લત્તાઓ બનાવવામાં આવ્યા હતા. માલિકે તેમને પોતાના (કબિલા પ્રમાણે) જુથમાં આવી વસવા આમંત્રણ આપ્યું. એ ઉપરથી જુદી જુદી જગ્યા જેમકે બખલ, મદિના, હલબ, રક્કા, વગેરેના જે વતનીયો આવ્યા તેઓ જુદી જુદી જગ્યાએ (પોતપોતાના વાડાઓ બાંધીને) જુદા જુદા રહેવા લાગ્યા.

મહમદ બિન અબ્દુલ્લાહ બિન સાલેહ પાસે દાઇઓ આવ્યા અને તેમણે તેને કહ્યું કે "બસરામાં

એક વેપારી રહે છે તેને આ શહેરમાં આવી વસવા માટે મંજુરી જોઇએ છે." એ ઉપરથી તેણે તેમને જણાવ્યું કે "અરજદારને બરાબર માફક આવે એવી જગ્યાનો ટુકડો તમે પસંદ કરો." અને તેણે બજારની નજીકમાં મૂખ્ય રસ્તા ઉપરના એક ટુકડા ઉપર નિશાની કરી આપી. દાઈઓએ અબુફરાહ નામના કોઈ શખ્સનું એક ઘર (ઇમામ માટે) ખરીદ કરી લીધું; અને ઇમામ એક સાધારણ વેપારીની માફક સલમીયામાં વસવાટ કરવા લાગ્યા.

જ્યારે તેઓશ્રી ત્યાં રહેવા આવ્યા ત્યારે તેઓશ્રીએ ત્યાંના જુના મકાનો તોડી પાડી નવા મકાનો બાંધ્યા અને તેની આસપાસ ઉંચો ગઢ બંધાવ્યો.

તેઓ નામદારે અંહિ પોતાના લગ્ન કર્યા અને મુરીદો એમના દિદાર અને મુલાકાત સારૂં અંહિ આવવા લાગ્યા. આગળ જતાં તેમણે અંહિ એક આલિશાન મ્હેલ બંધાવ્યો.

ઇમામનું નામ મહાન અબ્દલ્લાહ (અકબર) હતું. તેઓશ્રી દરેક જગ્યાએ છૂપી રીતે પોતાના દાઈએ મોકલતા અને જેમ જરૂર પડે તેમ તેમને સેવામાંથી

મુક્ત કરતા અથવા નવા રાખતા. દેખાવે તેઓશ્રી એક સાધારણ વેપારી જેવા લાગતા.

સલમીયામાં તેઓશ્રીને આહમદ અને ઈબ્રાહિમ નામે બે ફરજંદો થયા. તેઓશ્રી ત્યાં જ વફાત પામ્યા અને તેમના પછી આહમદ—નહિ કે ઇબ્રાહિમ—ઈમામતની મસનદ ઉપર જલ્વાગર થયા. ઇમામ આહમદ (બિન અબ્દલ્લાહ) ને અલહુસેન નામે એક ફરજંદ હતા. જેઓશ્રી પોતાના પિતાની વફાત બાદ ઇમામતના તખ્ત ઉપર જલ્વાગર થયા. એ નામદાર અલમ્હેદીના પિતાશ્રી થાય. ઈમામ અહામદને એક બીજો ફરજંદ હતો જેનું નામ સૈયદુખૈર હતું.

ઇમામ અલહુસેન, અલમ્હેદીનો જન્મ થયો ત્યાં સુધી હૈયાત હતા. પોતાની વફાત અગાઉ એઓશ્રીએ પોતાના (વલીઅહદ) ફરજંદ કે જે ન્હાની• ઉમરના હતા, તેમને પોતાના ભાઇ સૈયદુખૈરને સોંપ્યા અને તેના વાલી તરીકે તેની સંભાળ લેવા ફરમાવ્યું.

પણ સૈયદને ઇમામતનો મોહ લાગ્યો, અને પોતાના દીકરાઓમાંથી એકની પોતાના પછી ઈમામત તરીકે તેણે નિમણુક કરી. આ ફરજંદ (તુરતજ) મર્ણ

પામ્યો; ત્યાર પછી બીજા ફરજંદની તેણે તેવી જ નિમણુક કરી જે પણ મર્ણ પામ્યો. તેને દસ ફરજંદો હતા જેની તેણે એક પછી એક એમ ઇમામ તરીકે નિમણુક કરી પણ તે બધાં મર્ણ પામ્યા. આ ઉપરથી તેને ભાન થયું કે "ઈમામત ઉપર જેનો હક હોય તેનેજ તે મળી શકે છે." ત્યાર પછી તેણે તોબાહ કરી અને માફી બક્ષવા ખુદાવન્દતઆલા પાસે દુઆ માંગી. તેણે બધાં દાઇઓને તેડાવ્યા અને તેમની પાસે તેણે ખુલ્લે ખુલ્લું જાહેર કર્યું કે "હું તો ફક્ત (મારા ભત્રીજા) અલમ્હેદીનો રખેવાળ છું." એ મુજબ ખાત્રી કરાવ્યા પછી સૈયદે અલમ્હેદીને ઇમામત સોંપી અને પોતાની કાર્યવાહીનો હિસાબ આપ્યો. આ મુજબ અલમ્હેદી ઈમામતના તખ્ત ઉપર જલ્વાગર થયા.

આ બનાવને લગતી કેટલીક શયરો (દોહરા) એક કવીએ જોડયા છે કે—

"જેનાથી કોઇ ચીજ મહાન નથી એવી કાંઇક ચીજ ખુદાતઆલાએ તને અર્પણ કરી છે.

"તારે બદલે, પોતાના ખુદના સારૂ એ ચીજ રહે અને એ ખાતર એને તારી પાસે આવતી અટકાવવાની ઇચ્છા ધરાવનારા કેટલા બધા લોકો હતા ?

"પણ તે તને હાથોહાથ સોંપીને, એ માટે બધાઓનો ખુદાવન્દતઆલાએ ઇન્કાર કર્યો અને એ મુજબ તે મહામૂલ્ય હાર તારા ગળામાં પ્હેરાવવામાં આવ્યો છે."

પ્હેલું કામ કે જે અલમ્હેદીએ કર્યું તે એ હતું કે, તેઓશ્રીએ અબુલહુસેન-બિન-અસવાદ ને હામા શહેરમાં આવી વસવા ફરમાવ્યું. એ એક ઘણો જ હોશીયાર શખ્સ હતો. હ૦ મહેદીએ તેને ફરમાવ્યું કે "હું તને બધા દાઇઓના સરદાર તરીકે નિમુ છું. તું જેને મૂખ્ય દાઈ બનાવશે તે મૂખ્ય દાઈ અને જેને તું તેના હાથ નીચેનો દાઇ બનાવશે તે તે મુજબ બનશે; તારે ઈજીપ્ત જવાના રસ્તા ઉપર પોતાનું કાયમ મુકામ રાખવું." એ પછી દરેક દાઇઓ પોતપોતાનો રિપોર્ટ અબુલહુસેનને મોકલવા લાગ્યા; અને તેઓ જે કારસાજી અને ભેટો એકઠી કરતા તે તેને સોંપતા અને તે બધું તે અલમ્હેદીને મોકલી આપતો.

(મુખ્ય દાઇ નિમાયા બાદ) અબુલહસને અગાઉથી ચાલી આવતી પ્રણાલિકામાં ફેરફાર કરવા સંબંધમાં પ્હેલી બાબત તેણે જે કરી તે આ હતી.

કુફાનો દાઇ અબુમુહમદ જ્યારે મર્ણ પામ્યો ત્યારે

પોતાની પાછળ તે ત્રણ ફરજંદો નામે અબુકાસિમ, અબુમહઝુલ અને અબુલઅબ્બાસ મૂકી ગયો હતો. તેમને એક બનેવી હતો કે જે તેમની પોતાની બ્હેનનો વર થતો હતો તેને "તે ઈમામની નાફરમાની કરનાર અને દીનનો એક દુશ્મન હતો" એમ કહીને તેમણે મારી નાંખ્યો હતો. તેની બ્હેને એ બાબત ફરીયાદ કરી જેના જવાબમાં તેમણે ભાર દઇને જણાવ્યું કે "અમારો બનેવી એક મુનાફક (દગાબાજ) હતો." અબુલહુસેને અબુલકાસિમ બીન અબુમહમદને કુફાના દાઈપણામાંથી બરતરફ કર્યો. એ ઉપરથી તે અને તેના બીજા ભાઈઓ ભારે રોષે ભરાણા. તેમણે અલમ્હેદીને એ બાબત ફરીયાદ કરી કે "અબુલહુસેને કાંઇ પણ ગંભિર કારણ અથવા અમારા કાંઈ પણ ગુન્હા વગર કુફાના દાઈપણામાંથી અમને રદ કર્યા છે." અલમ્હેદીએ તેમને કાંઈ પણ જવાબ આપ્યો નહિ.

ત્યારપછી એ ત્રણે ભાઇઓએ સંપ કર્યો અને એક બીજાએ લેખીત કરારનામુ કરીને સોગન્દ ખાધા કે "આપણે સલમીયા ઉપર અચાનક હુમલો લઈ જવો અને આ ઈબ્ને બશરી (અલ-મહેદી) કે જેણે

અબુલહુસેનને આવો ગુન્હો કરી શકે એટલી મોટી સત્તા આપી છે તેને કત્લ કરી નાંખવા.” તેમણે એકબીજાને વચન આપ્યું કે “અલી ઇબ્ને તાલિબનું નામોનિશાન દુનિયામાંથી ભૂંસાઇ જાય તો પણ આપણે કોઈએ કદીપણ એકબીજાનો સાથ છોડવો નહિ.” એ પછી બની શકે તો અબુલહુસેનને પણ મારી નાંખવો એવો તેમણે ઈરાદો કર્યો અને જો એમ ન બની શકે તો સીરીયાની સરકારને એમની બાબતમાં ખબર આપી દેવા એવું નક્કી કર્યું.

બગદાદમાં વસતા દાઈઓ હુમીદ બિન અલ અબ્બાસ અને ઇબ્ને અબ્દને આ સંબંધી બાતમી મળી ગઇ. કેટલાએક શીયાઓએ (ઇમામ) અલમ્હેદીને લખીને ખબર આપ્યા કે “અબુ મુહમદના ફરજંદો આપને આપના કુટુમ્બ સાથે કત્લ કરવાના હેતુસર એકસંપ થયા છે.” તેમણે વધુમાં લખી જણાવ્યું કે “જો આપ બેઠા હો તો ઊભા થઈ જજો ! આપ નામદારને મારવાના ઈરાદા સાથે તે ભાઇયો હમણા જ રવાના થઈ ચુકયા છે. જો તેઓ એમ કરવામાં નિષ્ફળ નિવડશે તો તેઓ આપશ્રીને આહમદ બિન તુલુન પાસે જાહેર કરી દેશે. તેઓનું કહેવું છે કે આપ

નામદાર દીનના દુશ્મન છે અને તેઓ આપશ્રીની કારરવાઇ ઉઘાડી પાડી નાંખવા માંગે છે. આપ પોતાના બચાવ માટે એક પળનો પણ વિલંબ કર્યા વગર બધું કરી છૂટજો.”

જેવા આ સમાચાર તેઓશ્રીને મળ્યા કે તુરત જ (ઇમામ) અલમ્હેદીએ સફરની તૈયારી કરવાનો હુકમ આપી દીધો. તેમણે ફક્ત પોતાના ફરજંદ અબુલકાસિમ (અલકાયમ) તેમજ તેમનો ખાસ હુજુરી જા'ફર અને ઇબ્ને બરકા કે જે અબુલકાસિમનો શિક્ષક હતો તેટલાને જ પોતાની સાથે લીધા. તેમણે પોતાનું રહેઠાણ તેમાંના તમામ રાસરચિલા અને માણસો સાથે કે જેમાં ગાલિચા, કપડાં, મિલ્કત, નોકરો અને તેમના કાકા અને ભાઈનું કુટુમ્બ–મરદો અને ઓરતો તેમજ ઇબ્રાહિમના બાળકો હતા, તે સર્વ તજી દીધું. તેઓશ્રીએ પોતાની બધી દોલત, ઘરબાર, દરદાગીના વગેરે હસન બિન મુઆદને હવાલે કર્યું. તેઓશ્રી સાંજની નિમાઝના વખતે બધું અલ્લાહને આશ્રયે છોડી, કોઇને પણ ખબર આપ્યા વગર ચાલી નિકળ્યા.

તેઓ નામદાર શહેરની હદ છોડી બ્હાર આવ્યા પછી તેમણે ગયલાન અરરાહી નામે એક પ્રખ્યાત આરબ

કે જે (ઈમામ) અલમ્હેદીના કાકાનો આશ્રિત હતો અને જે સલ્હાબ નામે ગામડામાં રહેતો હતો તેની પાસે એક કાસદને રવાના કર્યો. તે ત્રીસ ઘોડેસ્વાર સાથે ત્યાં આવી પ્હોંચ્યો જેની સાથે આખી રાત મુસાફરી કરીને સવારના હીમ્સમાં તેઓ આવી પ્હોંચ્યાં જ્યાંથી ગયલાન પોતાના ગામ તરફ પાછો ફર્યો અને ઈમામ અલમ્હેદીએ પોતાની સફર ચાલુ રાખી અને તે જ દિવસે તેઓ સીરીયામાં આવેલા ત્રીપોલી શહેરમાં આવી પ્હોંચ્યા. અંહિ તેમણે એક દિવસનો વિસામો ખાધો જે પછી તેઓ નામદાર પેલેસ્ટાઇન ગયા અને "રમલા" નામે ગામમાં પોતાનું કાયમ મુકામ કર્યું. અંહિ તેમને સમાચાર મળ્યા કે અબુ મુહમદના ફરજંદો સલમીયા પ્હોંચી ગયા છે અને તેઓ નામદારની નિષ્ફળ શોધ ચલાવી રહ્યા છે.

તે ભાઇઓએ એક આખા વર્ષ સુધી અલમ્હેદીની તપાસ ચાલુ રાખી. તેઓ તેઓશ્રીના (ઈમામના) ભાઈ પાસે ગયા અને તે તેમના ધાર્મિક વડા (ઇમામ) છે. એવો દાવો કર્યો પણ સલમીયાના રહીશોએ તેમને સમજ આપી કે "એ તમારો ઇમામ નથી. ઇમામ તો

અહિંથી ચાલ્યા ગયા છે અને રમલામાં જઈ રહ્યા છે." (આ સાંભળીને) તેમણે તેમને સ્વાલો પુછવાનું ચાલુ રાખ્યું જે ઉપરથી તેમની પુરેપુરી ખાત્રી થઈ કે અલમ્હેદી રમલામાં જઈ વસ્યા છે.

આ સમય દરમિયાન તેમનામાંનો એક ભાઇ મહમદ ઈરાક તરફ પાછો ફર્યો પણ અબુકાસમ અને અબુમહઝુલ સલમીયામાં રહ્યા. તેઓ છુપી રીતે હામામાં અબુલહુસેનની વખતો વખત મુલાકાતે જતા અને અલમ્હેદી બાબતમાં બાતમી મેળવવા કોશેશ કરતા અને ફરી પાછા સલમીયા આવતા. જ્યારે તેમની ખાત્રી થઇ કે અબુલહુસેન પાસેથી તેઓને કાંઈ પણ બાતમી મળી શકે તેમ નથી અને અલમ્હેદી કે જેં તેમની નજરમાં ગુમ થયા હતા, એમનો કાંઇ પતો મેળવી શકે તેમ નથી ત્યારે અબુલકાસમ કે જે ખરેખરો ઠગ હતો તે પોતાની સાથે બધી કિતાબો (દફતર) લઇને ચાલ્યો ગયો. જ્યારે અબુમહઝુલ સલમીયામાં જ પડી રહ્યો.

અબુલકાસિમ કાસીયાન નામના કબિલાના લોકો પાસે ગયો અને તેમને બીજા કબિલાઓના લોકો

કરતાં ઉંચી પસંદગી આપી. અહિયા અબુલહુસેનના હાથ નીચેના કેટલાક દાઈઓ પોતાનો ધાર્મિક પ્રચાર કરી રહ્યા હતા. તેઓ આ કબિલાના કેટલાક આગેવાનો જેવા કે સાદુત બિન સુરીદ, બનુહુઝીયાના, બનુબાલ્વા બનુરૂખદાશા, બનુહુદીયાલ અને બનુઝીયાદને પોતાના ધર્મમાં લાવ્યા હતા. આ કબિલાના લોકોએ અબુલ કાસિમની બૈયત કરી અને તેની દોરવણી નીચે તેની સાથે મળી જઈ બળવો ઉઠાવ્યો અને તુગ્ઝ ઉપર ચડાઈ લઇ જઈ દમસકસ તરફ કુચ આદરી. આ તુગ્ઝ દમસકસમાં ઘણી જ ગેરઈન્સાફી તેમજ જુલ્મભરી રીતે રાજ્ય ચલાવતો હતો. ખુદાતઆલાએ આવી રીતે તેની પાસેથી બદલો લીધો, અને એ કબિલાના લોકો અને તેની વચ્ચે "મઝ્ઝુતુલઅબાઇ" નામના ગામ પાસે લડાઈ થઈ અને તેમાં તુગ્ઝ ઘણી જ ભુંડી રીતે હાર ખાઇ નાસી છુટયો.

બળવાખોરોએ તેના લશ્કરના ઘણા મોટા ભાગનો કચરઘાણુ કાઢી નાંખ્યો અને દમસકસને ઘેરી લીધું. ત્યારબાદ તેમણે તેના ઉપર મદિના દરવાજા પાસે માઝા નામની જગાએ હુમલો કર્યો અને તેને ફરીથી

હાર આપી અને તેને શહેરમાં ધકેલી મૂકયો; અંહિ તે ઘણી જ ભયાનક હાલતમાં મુકાયો.

તે પછી તુગ્ઝે બદ્રુલહમામીને એક સંદેશો મોકલી પોતા ઉપર દુશ્મનનું ઘણું જ સખ્ત દબાણ હોવાથી મદદ મોકલવા વિનતિ કરી. બદ્ર ઇજીપ્તથી એક ફોજ લઇ તેને છોડાવવા આવ્યો અને કરામતી લોકો (બળવાખોરો) ન જાણે તેવી રીતે દમસકસમાં દાખલ થવામાં સફળ થયો.

એટલામાં લઆનતી અબુમહઝુલ સલમીયા છોડી ગયો અને રમલામાં આવી પ્હોંચ્યો; જયારે તેનો ભાઇ અબુલકાસિમે દમસકસમાં રહી શહેર ઉપર દરરોજ હુમલા લઈ જવાનું ચાલુ રાખ્યું.

જયારે અબુમહઝુલ રમલામાં આવ્યો ત્યારે જા'ફર અલ હાજીબ કે જે બજારમાં સરસામાન ખરીદતો હતો તેની સાથે તેનો ભેટો થઇ ગયો. એક માણસ કે જે તેની સાથે હતો અને જે જા'ફરને ઓળખતો હતો તેણે તેને કહ્યું કે "તારા માલિક કે જે માટે તું પુછપરછ કરે છે, તેનો આ ખાદિમ (નોકર) છે." તે જા'ફરની પાછળ પાછળ ગયો અને તેની સાથે સાથે

બંગલામાં દાખલ થયો અને દરવાજાના પરથાળમાં જઇ બેઠો અને જા'ફરને હુકમ કર્યો કે "જા ઇમામને મારા સલામ કહે; અને કહે કે અબુમહુમદનો ફરજંદ (અબુમહઝુલ) આપની મુલાકાત માંગે છે. જો એમ નહિ બને તો બુમાબુમ કરીને ઈમામનો પતો (આમ જનતાને) આપી દઇશ." એ ઉપરથી જા'ફરે અલમ્હેદીની હુઝુરમાં જઈ જે બન્યું હતું તે કહ્યું. એના જવાબમાં અલમ્હેદીએ ફરમાવ્યું કે "હવે જયારે તેણે તને જોઈ લીધો છે, અને આપણને ગોતી કાઢયા છે એટલે બ્હેતર એ છે કે તું તેને અંદર લઈ આવ, નહિ તો તે આપણને જાહેર કરી દેશે."

રમલામાં અલમ્હેદીએ એક મોટી જગ્યા રાખી હતી અને તેમાંના જુદા જુદા મકાનોમાં તેઓશ્રી રહેતા હતા. (આમાના એકમાં) અબુમહઝુલને ઇમામ મ્હેદીની હુઝુરમાં લાવવામાં આવ્યો. જેવો તે દાખલ થયો કે તુરત જ તેણે નીચા નમી ઇમામને સીઝદો કર્યો અને ઈમામે તેને ઘણા જ આદરભાવ તથા મમતા સાથે આવકાર આપ્યો. તે પછી અબુમહઝુલે કહ્યું કે "યા મારા મૌલા, ખરેખર અમે એટલે હું પોતે અને

મારા ભાઇયો આપની શોધ પાછળ અમારા ઘરબાર છોડી નીકળી પડયા છીએ અને ખુદાતઆલાના શુક્રાના છે કે તેની મદદથી આપનો પતો અમને મળી શકયો છે. મારો ભાઈ લશ્કર સાથે આવ્યો છે અને તેણે દમસકસને ઘેરો ઘાલ્યો છે અને જ્યારે તે સર કરવાની અણી ઉપર હતો ત્યારે હું તેને મુકીને અંહિ આવ્યો છું. આપ નામદાર પાછા પધારો કારણ કે હવે આપની સ્થિતિ ઘણી જ બળવાન બની ગઇ છે. અમારી આ સ્વારીનો હેતુ ફક્ત આપશ્રીને રાજી કરવાનો અને આપ નામદારને, અબુલહુસેનની ઉશ્કેરણીથી અને આપણા વચ્ચે ફાટફુટ પડાવવા તેણે રચેલા કાવત્રાથી જે ગુસ્સો ચડયો હતો તે શાન્ત કરવાનો છે. જો આપ નામદાર જાતે પધારવા ઇચ્છા રાખતા ન હો તો, મારો ભાઈ કે જે મારાથી નારાજ થયો છે તેના ઉપર એક પત્ર લખી મને આપો કે જેથી તે શાન્ત થાય.”

તે બાદ અલમ્હેદીએ તેના ભાઇ ઉપર એક કાગળ લખી આપ્યો જેમાં અબુમહુમ્મુલને માફી બક્ષવા અને તેને કોઈ પણ તરેહની સજા નહિ કરવા જણાવ્યું. અને એ કાગળ પ્હોંચવા બાદ તુરતમાં પોતે ત્યાં પધારશે એમ જણાવ્યું.

એ ઉપરાંત તેઓશ્રીએ એક બીજો પત્ર અબુલ હુસેન ઉપર લખી આપ્યો જેમાં એ કાગળ લઇ આવનારને ઇમામનું જે નાણુ દાઇ પાસે હતું તેમાંથી ૫૦૦ દિનાર આપવા ફરમાવ્યું.

તે પછી અબુમહજુલ ત્યાંથી વિદાય થયો અને અબુલહુસેન પાસે ગયો અને ઇમામનો કાગળ રજુ કરી તેમાં દર્શાવેલી રકમ આપવા માંગણી કરી; દાઇએ તેને પૂછયું કે "ઇમામ સાથે તારી મુલાકાત કયે સ્થળે થઇ ?" જવાબમાં તેણે કહ્યું કે "રમલામાં."

અબુલહુસેને તેને કાંઇપણ રકમ આપવા ના પાડી. અબુમહજુલ તેના ભાઇ પાસે પાછો ફર્યો કે જે દમસકસના કિલ્લાની બ્હાર હજી પડાવ નાંખી પડયો હતો. તે તેને તેનાથી નાખુશ હોય તેવી રીતે મળ્યો અને કહ્યું કે "ઓ લઆનતી ! તું પાછો આવ્યો છે. ખરેખર હું તને કતલ કરીશ." એ ઉપરથી અબુમહેજુલે પોતા સાથે લાવેલ કાગળ તેની પાસે રજુ કર્યો. જ્યારે તેણે તે કાગળ જોયો એટલે તેણે તેને ચુમ્બન કર્યું અને વાંચ્યો અને પછી તેણે તેને પૂછયું. "એ નામદારના દીદાર તેં કયાં કર્યા ?"

"રમલામાં" અબુમહેઝુલે જવાબ આપતા કહ્યું. "મેં તે નામદાર સાથે ગુફતગો પણ કરી છે."

"ખરેખર ! તેં તે નામદારના દિદાર કર્યા ?" તેના ભાઇએ વળી પૂછયું. "એ ઉપરાંત," તેના જવાબમાં તેણે તેના ભાઇને કહ્યું "ઇમામે એક બીજો કાગળ અબુલહુસેન ઉપર લખી આપ્યો છે જેમાં તેઓશ્રીએ મને ૫૦૦ દીનાર આપવા ફરમાવ્યું છે, પણ જ્યારે આ કાગળ મેં તેની પાસે રજુ કર્યો ત્યારે તેણે મને કાંઇપણ રકમ આપવા ના કહી અને તેથી એ બાબતની ખબર આપવા ભાઇ, તારી પાસે આવ્યો છું."

એ પછી અબુલકાસિમે નુહાર કબિલાના કાસીસની આગેવાનોને બોલાવ્યા અને તેમની સાથે તેનો ભાઇ કે જે હમણાજ આવી પહોંચ્યો હતો તેની મુલાકાત કરાવી અને તેમને તેણે કહ્યું કે "આવતી કાલે સવારે હું બ્હેસ્તમાં જવાનો છું. અને ત્યાંથી ૪૦ દિવસ પછી પાછો આવીશ; એટલા માટે એ ૪૦ દિવસો સારૂ તમે મારા ભાઇને વફાદાર રહેવાના સોગન્દ લ્યો." એ ઉપરથી શેખોએ ફક્ત ૪૦ દિવસ માટે એ મુજબના સોગન્દ લીધા. ત્યારપછી તેણે તેના ભાઇના કબજામાં

પાંચસો ઘોડેસ્વારો સોંપવા હુકમ કર્યો અને ફરમાવ્યું કે તેઓ અમુક બગીચામાં એવી રીતે છુપાઇ રહે કે, તેઓ બરાબર કટોકટીના વખતે કામમાં આવી શકે.

એ પ્રમાણે અમલ કરવામાં આવ્યો અને તે રાત્રી તેમણે વિતાવી. બીજે દિવસે સવારે વ્હેલાસર તેમણે હલ્લો કર્યો અને અબુમહેઝુલ એક બગીચામાં અમુક છુપાવવાની જગ્યાએ ચાલ્યો ગયો.

તુગ્ઝ અને બદ્દુલ હુમામીના લશ્કરો પણ સામે બ્હાર પડયા. અબુલકાસિમે પોતાના માણસોને હુકમ કર્યો કે "જ્યાં સુધી તમે મને સાંઢણી ઉપર સ્વાર થયેલો જુઓ નહિ ત્યાં સુધી આગળ વધશો નહિ."

તેણે પોતાની સાંઢણીને વચમાં સુવારી દીધી અને તેની ડાબી અને જમણી બાજુએ લશ્કરો ગોઠવી દીધા અને પોતે તેની કિતાબ (દફતર)માં નજર રાખી બેઠો.

અબુમહમદ નામના એક દાઇએ આ તરફ નાપસંદગી બતાવી અને કહ્યું "દુશ્મનો આપણને જોઇ ગયા છે અને તેઓ આપણા તરફ ધસી આવે છે." તેના જવાબમાં અબુલકાસિમે તેને ધમકાવીને કહ્યું "હું ઊઠું ત્યાં સુધી રાહ જુઓ."

જ્યારે દાઇઓએ તેને લડાઇનો હુકમ આપવા ફરમાણ કર્યું અને દુશ્મનો તેમની લગોલગ આવી પહોંચ્યા ત્યારે તેણે "યા મૌલા તેમની આંખો આગથી બાળી નાંખ !" એમ બોલી ધુળની એક મુઠી ભરી (દુશ્મનો તરફ) ફેંકી.

તે પછી તેની સાંઢણી તેના સાથે ઊભી થઇ અને તેણે બુમ મારી કે "યા અહમદ, યા મહમદ, ખુદાઈ મદદ ઉતરે છે."

લશ્કરોએ સામ સામે એકબીજા ઉપર હુમલો કરી દીધો; પણ થોડાજ વખતમાં બદ્રુલહમામીનાં લશ્કરમાંના કોઈ સિપાઇએ અબુલ કાસિમને જખમી કર્યો અને તે (સાંઢણી ઉપરથી) નીચે ગબડી પડયો, બદ્રુલહમામીએ તેના લશ્કરીયોને બુમ મારી હુકમ આપ્યો કે "ઘોડા ઉપરથી નીચે ઉતરી અબુલ કાસિમનું માથું ઉતારી લો." અને જેવું તેનું માથું કપાવાની અણી ઉપર હતું એવામાં કોઇએ નખતેલ ભરેલું એક સ્ફોટક શસ્ત્ર ફેંક્યું જેણે મરનાર, મારનાર અને સાંઢણી બધાંને બાળી ભષ્મ કરી નાંખ્યા. આજ પળે તેનો ભાઈ છુપાયેલી જગ્યાએથી બ્હાર ધસી આવ્યો અને એક

ભયંકર લોહીલુહાણ લડાઈ લડીને તુગ્ઝ અને બદુલ હમામીના લશ્કરોને (ઠેઠ શહેર સુધી) તગડી મેલ્યા.

જ્યારે તેઓ નાસી ગયા એટલે છાવણીમાં બધાં એકઠાં થયા અને તેઓ કહેવા લાગ્યા કે "આપણો માલિક બહેસ્તનશીન થયો છે એટલે હવે આપણે વિખરાઇ જવું જોઇએ." પણ તેઓના સરદાર અને દાઇ અબુ મહમદે તેમને કહ્યું કે "૪૦ દિવસ સુધીમાં તે પાછો ફરવો જોઇએ; ત્યાં સુધીના આપણે મહુંમના ભાઇને વફાદાર રહેવાના સોગન્દ ખાધા છે અને જો તે (ત્યાં સુધીમાં) પાછો નહિ ફરે તો આપણને વિખરાઈ જવાનો હક છે." એ મુજબ તેણે તેમને ૪૦ દિવસ સુધી રાહ જોવાને થોભાવ્યા.

એ પછી તરતજ હીમ્સના રહીશોએ અબુલમહઝુલ ઉપર એક અરજી મોકલી જેમાં તેમણે તેની તાબેદારી સ્વિકારી અને તેને દમસકસ છોડી તેમના શહેર તરફ આવવા જણાવ્યું. તેણે તે મુજબ કર્યું અને દમસકસ ઉપરનો ઘેરો ઉઠાવીને તે હીમ્સ તરફ ચાલ્યો ગયો.

આ બધાં બનાવો બન્યા તે વખત દરમિયાન રમલામાં રહેતાં (ઇમામ) અલમેહેદીને બધાં સમાચારો

ચાલુ મળતાં રહેતાં હતાં.

અબુમહફુઝુલ હીમ્સ તરફ કુચ કરી ગયો અને શહેરના રહીશોએ તેની તાબેદારી સ્વિકારીને શહેર તેને સોંપી દીધું. સ્થાનિક કબિલાના આગેવાનો સાથે (દાઇ) અબુલહુસેન હામાથી તેને મુબારકબાદ આપવા આવ્યો હતો.

જ્યારે મહફુઝુલે તેને જોયો ત્યારે તેણે તેના તરફ એવી ધિક્કારભરી કરડી નજરથી જોયું કે દાઈના પેટમાં ફ્રાસકો પડયો અને તે પોતાના એકાદ સાથી સાથે છુપાઇને નાસી ગયો. બીજે દિવસે સવારે જ્યારે આગેવાનો, તેને મુબારકબાદ આપવા ભેગાં થયાં ત્યારે અબુલહુસેનને નહિ જોવાથી અબુલમહફુઝુલે તેની બાબતમાં પૃછપરછ કરી. તેમણે તેને જણાવ્યું કે "અબુલહુસેન નાસી ગયો છે" એ ઉપરથી તેણે જાહેર ઢંઢેરો પિટાવી હુકમ કર્યો કે "જે કોઇ અબુલહુસેનને આશ્રય આપશે તેની માલ મિલ્કત લુંટી લઈ તેને ગરદન મારવામાં આવશે.' એ મુજબ સાત દિવસ સૂધી જાહેર ઢંઢેરો પિટાવવામાં આવ્યો જે ઉપરથી અબુલહુસેનનો પતો લાગી ગયો અને તેને પકડીને તેની પાસે હાજર કરવામાં આવ્યો.

અબુલમહઝુલે તેને કહ્યું કે "આના કરતાં ત્હારા બીજા ગુન્હા વધારે ખરાબ નહિ હોય !"

"જે કાંઇ ખુદાતઆલા કરે છે તે બહુજ સારૂં કરે છે." જવાબમાં એણે ફક્ત એટલુંજ કહ્યું.

અબુમહઝુલ તેની સાથે ઘણી જ સખ્ત રીતે વર્ત્યો અને તેને અને તેના ફરજંદને એક ઊંટ ઉપર બાંધી તેમને જાહેરમાં ફેરવવાનો હુકમ કર્યો. તેઓનું જાહેરમાં અપમાન કરવામાં આવ્યું, અને તેમના ઉપર લઆનત મલામત, વર્ષાવવામાં આવી જે બાદ તેમને જંજીરમાં જકડીને છાવણીમાં લાવવામાં આવ્યા.

કાસીયુન (ફાતમીયો) કબિલાના શેખોએ તેના માટે વચમાં પડી તેને કહ્યું કે "તે અમારો ધાર્મિક વડો-મુખી હોવાથી આ પ્રમાણે તેને બે ઇજ્જત કરવો જોઇએ નહિ." આના જવાબમાં અબુમહઝુલે તેમને જણાવ્યું કે "તેની ખિલાફ મારો કાંઈ બુરો ઇરાદો નથી અને તેને કાંઈ ઇજા પ્હોંચાડવામાં નહિ આવે." એ પછી તે હીમ્સથી સલમીયા તરફ કુચ કરી ગયો અને પોતાની સાથે અબુલહુસેન અને તેના ફરજંદને લઈ ગયો.

તેણે "ફુચહા" નામે ગામડા પાસે પોતાના લશ્કર અને બેઉ કેદીયો સાથે પડાવ નાંખ્યો; અને પોતાના નોકરોને અબુલહુસેનને જીવતો દાટી દેવા માટે છાવણીની મધ્યમાં એક ખાડો ખોદવા ફરમાવ્યું.

જો કે એ પ્રમાણે બન્યુ નહિ અને લશ્કરે સવારના સલમીયા તરફ કુચ જારી રાખી. તેઓએ એક જગ્યાએ છેવટનો પડાવ નાંખ્યો. અબુલહુસેન પણ તેમની સાથે હતો અને તેની બાબતમાં હજી સુધી કાંઈ અણુંઇચ્છનિય બન્યું ન્હોતું. ચડાઇ કરનારે જે ઠેકાણે પડાવ નાંખ્યો તે સ્થળ અલહફનદાના દરવાજા નજીક હતું. તેણે અબુલહુસેનને કતલ કર્યો તે પ્હેલા ત્રણ દિવસ સુધી તે ત્યાં રહ્યો.

(તેના આવી પ્હોંચવાથી) હાશમી કબિલાના મોટેરાંઓ તેને આવકાર આપવા ગામ બ્હાર આવ્યા જેમાં અલમ્હેદીના મુરીદો તેમજ તેઓ નામદારના સગાંઓ અને મિત્રોના પ્રતિનિધીયો અને હુસન બિન મુઆઝ હતો. અલમ્હેદીનો ભાઈ અબુ મહમદ તે વખતે બિમાર હતો અને લઆનતી અબુ મહઝુલ આવી પ્હોંચ્યો તેજ દિવસે તે મર્ણ પામ્યો. અબુ

મહેઝુલ (સલમીયા નજીક) ઠીક ઠીક વખત સુધી પડાવ નાંખી પડયો રહ્યો. જે બાદ તેણે હાશમી કુટુમ્બના મોટેરાંઓને કેદ કર્યા અને તેમને જંજીરોમાં જકડીને પોતાની હુઝુરમાં બોલાવી મંગાવ્યા. અત્યાર સુધી તેણે અલમ્હેદીના મુરીદોને કાંઈપણ ઈજા પ્હોંચાડયા વગર શાન્તિમાં રહેવા દીધા હતા.

કાસીયુન (ફાતમાઇત) કબિલાના આગેવાનોએ જ્યારે હાશમીયો તરફ જે જાતનું વર્તન ચલાવવામાં આવતું હતું તે જોયું ત્યારે, તેઓ એક જુથમાં અબુ મહેઝુલ પાસે આવ્યા અને કેદીયો બગદાદના ખલીફાના સગાંઓ થતાં હોવાથી, તેમને છોડી મૂકવા અર્જ ગુજારી; અબુ-મહઝુલે તેમની માંગણી કબુલ રાખી. બીજે દિવસે સ્વાર થઈને તે હામા ગયો અને સીધો અબુલ હુસેનના ઘર અને બનુ ઉત્સમાન બીન હીજાજના રહેઠાણ પાસે ગયો અને અબુલ હુશેનની અંગત મિલ્કત તેમજ અલ-મ્હેદીની તમામ માલમત લુંટી લીધી. આપણે ઉપર જોઇ ગયા છીએ તેમ અબુલ હુસેનના ઘરમાં અલ મ્હેદીનો ખજાનો રહેતો હતો.

જયારે તે હજી હામામાં હતો, ત્યારે તેને બાતમી મળી કે અબુલ અઘ અસસલામી બગદાદથી એક

લશ્કર લઇને બળવાખોરોની પુઠે નીકળી પડયો છે તેણે પોતાના લશ્કરની નવેસરથી રચના કરી અને ખાસ લશ્કરી દળના સરદાર તરીકે અત્ર-બિન અલક-નદાસી અલ અહુમીની નિમણુંક કરી અને તેને અબુલ અધ્રના લશ્કર સામે લડવા મોકલ્યો.

બેઉ લશ્કરોનો યુફ્રેટીસ (નદી)ના કિનારા ઉપર ભેટો થયો અને બેઉ લશ્કરોએ એક બીજા ઉપર હુમ્લો કરી દીધો. અબુલ અધ્રનું લશ્કર હાર્યું અને તે પોતે નાસી ગયો. તેનો બધો માલ અસબાબ વગેરે સઘળું કબજે કરવામાં આવ્યું અને તેના પોતાના છોકરાને મારી નાંખવામાં આવ્યો. લૂટની અંદર તેમને (ખલિફા) મુસ્તદીદ ઉપર સલમીયાના હાશમીઓએ લખેલો પત્ર મળી આવ્યો, જેમાં મદદ માટે અર્જ કરવામાં આવી હતી અને "આગ ફેલાય તો પ્હેલાં તેને બુઝાવી નાંખવા" માંગણી કરવામાં આવી હતી.

જ્યારે જીત મેળવી લશ્કર અબુમહફુલ પાસે પાછું આવ્યું ત્યારે તેમણે દુશ્મનોની હાર અને તેના નાસ ભાગના ખબર તેમજ તેમના બધા સર સામાનનો મળેલો કબજો અને લૂંટમાંથી તેમને જે શોધ-કાગળો

મળયા હતા તે બધી વાત જણાવી. હાશમીયોએ લખેલાં કાગળો તેણે લીધા અને કુાસિયાન કબિલાના શેખોને બોલાવી તેમાં શું શું લખ્યું હતું તેથી તેમને વાકેફ કર્યા. ત્યારબાદ તેણે કહ્યું "આ કાગળો એ લોકોના છે કે જેમને તમે બચાવ્યા છે. એ લોકોએ અબુમહઝુલ યાને મને અને મારી સાથે તમને બધાને મારી નાંખવા માટે આપણી સામે લશ્કર મોકલવા (ખલિફા) મુત્તદીદ પાસે માંગણી કરી છે."

આ બધાં બનતા બનાવો સંબંધીના ખબરો અલમ્હેદીને રમલામાં બેઠા બેઠા બરાબર મળ્યાં કરતાં હતાં. શિક્ષક તૈયબ ખબરો લાવવા માટે રમલા અને સલમીયા વચ્ચે સફર કર્યા કરતો હતો; તેમજ (નર્સ) ઉમ્મેઅલી જેને (ન્હાનો) અબુલકાસિમ યાદ કરતો હતો અને જેને માટે તે ઘણુંજ રડયા કરતો હતો તે રમલા તરફ રવાના થઈ એક બીજી બાઈ સાથે ત્યાં સહિસલામત પ્હોંચી ગઇ હતી. એ મુજબ અલમ્હેદી રમલામાં બેઠા બેઠા અબુમહેઝુલ બાબતમાં શું બનતું હતું અને દમસકસમાંથી સલમીયામાં આવ્યા પછી તેણે શું શું કર્યું હતું તે સઘળું તેઓ જાણી

શકયા હતા. તેણે (અબુમહઝુલે) અબુલહુસેન અને તેના ફરજંદ ઉપર જે વિતાવ્યું હતું તે, અને તેણે દાઇના ઘરને લુંટી બાળી નાંખ્યું હતું તે સમાચાર પણ તેમને મળી ચુકયા હતા.

જ્યારે અબુલઅઘના ફરજંદના દફતરમાંથી મળેલી, સલમીયાના હાશમીઓએ (ખલિફા) અલમોતદીદ ઉપર લખેલી અરજીયો ફાતમાઇતોના શેખોને બતાવવામાં આવી ત્યારે બધાં દાઇઓ કબુલ થયાં કે "આ લોકો જ્યારે આ પ્રમાણે વર્ત્યા છે ત્યારે અબુમહઝુલ તેમને માટે યોગ્ય લાગે તેમ કરે."

તેણે તેમને (એકદમ) પકડવા માણસો મોકલી આપ્યા અને તેમને કેદ કરી લીધા. કેદ થનારાઓમાં કુલે ૯૫ શખ્સો હતા. અહામદ બિન મહમદ, ઈબ્રાહિમ બિન મહામદ, સાલેહ બિન મહમદ, ફઝલ બિન અબ્દુલ્લાહ, અબ્બાસ બિન અબ્દુલ્લાહ, બલહજા બિન અબ્દુલ્લાહ અને બીજા ઘણા હાશમીયો હતા.

જ્યારે તેમને તેની હઝુરમાં લાવવામાં આવ્યા ત્યારે તેમણે તેને પુછયું "અમને અંહિ શા માટે

લાવવામાં આવ્યા છે ?" તેણે તેમને પત્રવ્હેવાર બતાવ્યો અને પુછયું કે "તમારા જ હાથ—દસ્તખતથી લખાયેલાં આ પત્રો કે જેમાં તમે ચડાઇખોરો (અમારા) સામે લશ્કર મોકલી મદદ કરવા ખલિફા અલમોતદીદને અરજ ગુજારી છે, તે શું તમારા પત્રો નથી ?"

અહામદ બિન મહામદ કે જે તેમના તરફથી વાતચિત કરતો હતો તેણે એ કબુલ કર્યું અને માફી આપવા આજીજી કરી.

"જો હું તમને માફી આપી દઉં તો ખુદાતઆલા મને કદી માફ નહિ કરે." લઆનતી અબુમહઝુલે એના જવાબમાં કહ્યું.

ત્યાર બાદ તેમને જંજીરોમાં જકડી ઘસડતા યહુદી દરવાજા પાસે લઇ જવા તેણે હુકમ કર્યો કે જયાં પાલમીરી (તાદમુર) જાતિમાંથી મૂળ વટલાવેલા એક યહુદી શખ્સને હાથે તેમનો બધાંનો શિરચ્છેદ કરવાનો હતો.

બીજે દિવસે તેણે હાશમીયોના રહેવાના મકાનો તેમાંનાં બાળકો ઓરતો અને મર્દો સાથે માણુસો મોકલી

બાળી નંખાવ્યા. આમાં બલીદાન થયેલાંની સંખ્યા ૧૪૧ ની હતી જે બધાંને મારી નાંખવામાં આવ્યા. તેણે એક એવો ઢંઢેરો પિટાવ્યો કે જે કોઇ શખ્સ તેમના શરીરોને સંતાડશે અથવા દાટશે તેને ગરદન મારવામાં આવશે."

તેમના મૃત શરીરોને કુતરાઓ અને પક્ષીઓ ખતમ કરે ત્યાં સુધી નગ્ન હાલતમાં મેદાનમાં પડયા રહેવા દેવામાં આવ્યા.

ચડાઇખોરે હાશમીયો સાથે જે પ્રકારનું વર્તન ચલાવ્યું હતું તે બાબતમાં સલમીયાના લોકો એક બીજા પાસે જઇ વાતો કરવા અને તે ઉપર ચર્ચા કરવા લાગ્યા. તેમને પોતાના ઉપર એ વાતની છાપ પડી ગઇ હતી કે, ચડાઇખોરે અલમ્હેદીના માણુસો અથવા તેના મહેલને કાંઇપણ ઇજા પ્હોંચાડી ન્હોતી. આનું કારણ ચડાઇ લાવનાર અલમ્હેદીની તરફેણનો શખ્સ હોવાનું તેમણે પોતાના મનથી માની લીધું હતું. આ ઉપરથી તેઓએ પોતાનો કિમતી માલ અસબાબ તેના (અલમ્હેદીના) મ્હેલમાં સાંચવવા છુપાવી રાખવા લાવી રાખ્યો.

હાશમીયોની કતલ ચલાવ્યા પ્હેલાં કરમતી ટોળાના એ લોકોએ તેમના ઉપર ઇહિઝામ રાખતા

કહ્યું હતું કે "ઇબ્નલ બસરી (ઇમામ અલમ્હેદી)ને શહેર છોડી જવું પડયું તેના કારણરૂપ તમેજ છો" વધારામાં તેણે કહ્યું કે "તેનું ઘર ખાલી પડયું છે અને તેના ભાઇના કુટુમ્બીજનોને તમે લાચાર અને યતિમ બનાવ્યા છે."

આ બધી વાતો સાંભળીને સલમીયાના રહીશોની ખાત્રી થઈ હતી કે તે અલમ્હેદીના કુટુમ્બ કબિલાને કાંઇપણ હાની પ્હોંચાડશે નહિ અને તેમણે માની લીધું હતું કે "તેને તેમની ભલાઈ કરવા સિવાયનો બીજો કોઇ ખ્યાલ નથી." એટલા ખાતર તેઓએ મ્હેલને સલામત જગ્યા સમજીને પોતાનો માલ અસબાબ લાવી ત્યાં રાખ્યો હતો.

એજ વખતે અબૂમહઝુલે એક કાગળ (ઇમામ) અલમ્હેદીને છુપી રીતે લખી જણાવ્યું કે "સલમીયા-માંથી આપ નામદારને નાસી જવાનું કારણ આપનાર અને આપ નામદારના પિત્રાઇ ભાઇને પોતાના દીકરા સાથે દેશ નિકાલ થઈ ઇરાક જવાના કારણભુત થયેલા બધાં દુશ્મનોને મેં ખતમ કરી નાંખ્યા છે." એમ જણાવી તેણે અલમ્હેદીને જરાપણ વધુ ઢીલ કર્યા વગર આવી પ્હોંચવા આમંત્રણ આપ્યું.

આ બધો પ્રપંચ તેણે એટલા માટે કર્યો હતો કે અલમ્હેદીનો તેના ઉપરનો વ્હેમ દૂર થાય અને તેઓશ્રી સલમીયા આવવા લલચાય. જ્યારે અલમ્હેદીએ એ પત્ર વાંચ્યો એટલે તેઓશ્રીએ વળતા જવાબમાં તેણે જે કર્યું હતું તેને વ્હાલી આપતાં વધુમાં જણાવ્યું કે "અબુમહઝુલ! જો તું આ સિવાય બીજી રીતે વર્ત્યો હોત તો તને હું શીયા કહેવરાવવાને અને મારા મુરીદ તરીકે ગણવાને લાયક સમજત નહિ." અને છેવટમાં જણાવ્યું કે આ કાગળ મળ્યા બાદ તુરત જ, જો ખુદાવન્દતઆલાની ઇચ્છા હશે તો, પોતે ત્યાં બચ્ચિત આવી પ્હોંચશે.

આ કાગળ વાંચીને અને તેમાં લખેલી હકીકત સાચી માનીને તે લુચ્ચો ખુબ ગેલમાં આવી ગયો; પણ ખુદાવન્દતઆલાએ પાપીનો ઈરાદો પૂરો થાય અને (ઇમામ) અલમ્હેદી પાસે જે હતું તે તેની પાસેથી ગુમ થઈ જાય એવું થવા દીધું નહિ.

તેણે એ કાગળ બધાં દાઇઓ સમક્ષ વાંચી સંભળાવ્યો અને તેમને જણાવ્યું કે "આપણા મૌલા તુરતમાં શહેરમાં પધારશે, અને પોતાના મ્હેલમાં

પધારી પોતાની જે દૌલતથી (સ્થાનીક) કારસ્તાનીઓએ તેમને વિખુટા પાડી દીધા હતા તેનો ભોગવટો તેઓ નામદાર કરશે.” એ ઉપરથી બધાં દાઇઓ ઘણાજ ખુશી થયાં.

અબુમહઝુલ હી. સ. ૨૯૧ ની શરૂઆત (ઈ. સ. ૯૦૩ ની આખર) સુધી એટલે ચાર માસ સુધી અલમ્હેદીના આવવાની વાટ જોતો ત્યાં પડયો રહ્યો. તે ઇમામની રાહ જોતો હતો એવામાં તેને બાતમી મળી કે મહમદ બિન સુલેમાનની સરદારી નીચે બગદાદથી એક બળવાન ફોજ તેની સામે મોકલવામાં આવી છે.

તેણે એકદમ અત્ર બિન અલકરશ અને બનુલ અહમ તાયફાવાળા ફુરમિઝ બિન અસ સહમની સરદારી નીચે ૮૦૦૦ ઘોડેસ્વારો અને ૧૬૦૦૦ પાયદળનું એક લશ્કર તેની સામે રવાના કર્યું. આ લશ્કરે કુર્યાતુસ સયલ નામે સ્થળ પાસે મહમદ બિન સુલેમાનની ફોજને અટકાવી રાખી જયારે અબુમહઝુલ પોતે તો સલમીયામાં જ રહ્યો.

સામી ચડાઈ માટે જે માણસોને મોકલવામાં આવ્યા હતા તેઓ અલમ્હેદીના વફાદાર મુરીદો

હતા. તેઓ અબુલહુસેનના હાથે મજહબમાં આવ્યા હતા. ચડાઈ ઉપર જવાનો આ હુકમ તેમને અણગમતો અને આશ્ચર્યજનક હતો અને તેમાંના કેટલાએક એ હુકમનો અનાદર કરીને પોતાને ઘરે રહ્યા બાદ છાવણીમાં જ પાછા આવી રહ્યા હતા.

(એક પ્રસંગે) અબુમહઝુલે દાઇઓ કે જે તેની સાથે રહ્યા હતા તેમને કહ્યું કે "મારો વિચાર સલમીયાના હમામખાનામાં જવાનો છે." જે (યાદગાર) દિવસથી તે સલમીયામાં આવ્યો હતો ત્યારથી આજ સુધી તેણે સલમીયામાં કદી પણ પ્રવેશ કર્યો ન્હોતો અને બ્હાર રહ્યો હતો. ઇમામ અલમહેદીના વફાદાર મુરીદો ચાલ્યા ગયા નહિ ત્યાં સુધી તેણે શહેરમાં પ્રવેશ કરવાનું મુલતવી રાખ્યું હતું એમાં એ લઆનતીનો પ્રપંચ હતો. ઈમામ અલમહેદીની પધરામણી બાબતમાં એ નાઉમેદ થતો જતો હતો અને તેણે ગોઠવેલું ષ:ડયંત્ર ભાંગી પડશે એવી તેને ધાસ્તી રહેતી હતી, એટલુંજ નહિ પણ તેને મહમદ બિન સુલેમાનની પણ બીક લાગતી હતી કે કદાચ તે તેને શહેરમાંથી હાંકી કાઢશે અને અલમ્હેદીના આશ્રિતો જે મ્હેલમાં રહેતા હતા તેનો કબજો લેશે.

તેણે પોતાના માટે હમામ તૈયાર રાખવા હુકમ આપ્યો અને પુર્વ તરફના દવાજેથી એક ખચ્ચર ઉપર સ્વાર થઇને એક હજાર ઘોડેસ્વારો સાથે તે શહેરમાં દાખલ થયો. હમામખાને જવાનો રસ્તો ઈમામ અલમહેદીના બંગલાના દરવાજા પાસે થઇને જતો હતો.

તે હમામખાનામાં દાખલ થયો અને પછી તે છાવણી તરફ જવાનું બ્હાનુ કાઢીને બ્હાર નિકળયો; પણ જેવો તે બંગલાના દરવાજા પાસેથી પસાર થતો હતો તેવોજ તે ત્યાં અટકી ગયો.

ઈમામ અલ મ્હેદીની એક ગુલામડી પોતાના પુત્ર મહમદ સાથે ત્યાં ઊભી હતી. જેવી તેને ખબર પડી કે એ દુષ્ટ બંગલાના મુખ્ય દરવાજામાંથી અંદર દાખલ થાય છે કે તરતજ તે પાછલે દરવાજેથી પોતાના બાળકપુત્ર અને આયા સાથે નાસી ગઇ. આ સ્ત્રીનું નામ "લાઅબ" હતું; તે આ મ્હેલમાં ઘણો વખત થયા ગુલામડી તરીકે રહેતી હતી કારણ કે મુળ તો તે શેખ મહમદ બિન અહામદના કબજામાં હતી અને તે બાદ તે અલમ્હેદીના કબજામાં આવી હતી. જ્યારે તે નાઠી ત્યારે તેને મહમદ બિન અઝીઝ કે જે તેને

જાતે ઓળખતો હતો તે જોઇ ગયો. (તેને જોઇને) તેણે તેના સાથે જે માણસો હતા તેને કહ્યું કે "શેખની એક ગુલામડી બીકની મારી હમણા અંહિથી નાસી ગઈ." તે પાંચ માણસો લઈ તેની પાછળ પડયો. તેણે તેને પૂછયું કે "તું દોડતી કયાં જાય છે?" એટલે તેણે તેને આજીજીપૂર્વક વિનતી કરતા કહ્યું કે "મને સંતાડ! તું પોતે અને તારા બાપદાદાઓ અલમ્હેદીના કુટુમ્બને આશ્રયે રહેલા છો અને અત્યારે તું તેઓશ્રીનું ઘર તોડી પાડવા આવ્યો છે? અત્યારે એ ભયંકર માણસ કોઈ અજાણ્યા કારણસર બંગલામાં દાખલ થયો છે એથી મને બીક લાગે છે; મહમદ બિન અઝીઝ! ત્હારા સિવાય બીજું કોઇ મને ઓળખતું નથી."

તેણે તેને જવા દેવાના બદલામાં તેની પાસેના બધાં દાગીના આપી દેવા માંગણી કરી. તેણે પોતા પાસે જે કાંઇ દાગીના હતા તે બધાં તેને કાઢી આપ્યા અને ઇબ્ને અબી મુશહીફ નામના એક વેપારીના ઘરે ગઈ અને પોતાને છુપાવવા માંગણી કરી. વેપારીએ તેને, જો કોઇ તેને જોઇ ગયું ન હોય તો અંદર આવી છુપાઈ રહેવાની રજા આપી. તેણીએ તેને કહ્યું કે "ભૂંડા કામનો કરનારો મહેલમાં દાખલ થયો છે."

પણ મહમદ બિન અઝીઝ સાથેના પાંચ શખ્સો-માંનો એક શખ્સ કે જે તેની પાછળ પડયો હતો તેણે પાછા આવી પોતાના લોકોને તેના છુપાવવાની જગ્યાની બાતમી આપી દીધી.

પેલો લઆનતી બંગલામાં દાખલ થયો અને ઉદ્ધતાઇપૂર્વક ઇમામના તખ્ત ઉપર ચડી બેઠો. (આ જોઇને) અબુમહઝુલ સાથે જે દાઇઓ હતા તેમણે દાઇ અબુમહમદને કહ્યું "આ માણસ સાથે તારે સારા સારી છે માટે તું તપાસ કરી શોધી કાઢ કે તે આ બંગલાનું શું કરવા માંગે છે? તેને જણાવી દે કે આ મ્હેલનો એ માલિક છે કે જે નામદારની અમે બૈયત કરી છે અને અબુલહુસેનને હાથે અમે (તે નામદારના મજહબમાં) વટલ્યા છીએ."

એ બાદ અબુમહમદ અબુમહઝુલ પાસે ગયો અને તેને તેણે કહ્યું કે "મને અલમહેદીના વફાદાર મુરીદો તરફથી તમને એમ કહેવા મોકલાવ્યો છે કે તેઓ તમને એવી ખાત્રી આપવા માંગે છે કે તેઓએ અલમ્હેદીના મુરીદો તરીકેના સોગન્દ (બૈયત) લીધા છે અને તેઓની એવી

માંગણી છે કે તમારે આ મ્હેલને કોઇપણ પ્રકારનું નુકશાન પ્હોંચાડવું નહિ અથવા તેમાંના રહીશોને રંજાડવા નહિ."

તેણે એ બાબતનું વચન આપ્યું અને અબુમહદને વિનતિ કરી કે "તું છાવણીમાં જા અને હું તારી પાછળ હમણાજ આવી પ્હોંચું છું."

જયારે અબુમહમદ ત્યાંથી ચાલ્યો ગયો એટલે તેણે પોતાના હજુરીયાને લઆબની પાછળ મોકલ્યા કારણકે મ્હેલના નોકરોની તે સરદાર હતી અને ખજાનો અને માલ મિલ્કત છુપાવવાની જગ્યાની તેને બીજા નોકરો કરતાં વધારે માહિતી હતી.

નોકરો "લઆબ" "લઆબ"નો પોકાર કરતાં તેણીને ફોગટ શોધી રહ્યા હતા એવામાં મહમદબિન અઝીઝે કહ્યું કે "તે કયાં છુપાયેલી છે તે હું જાણું છું અને હું તેને શોધી લાવી શકુ એમ છું." એ ઉપરથી તેને કુરમતીયા પાસે લઇ જવામાં આવ્યો જેણે તેને તેણીને શોધી તુરતજ હાજર કરવા હુકમ કર્યો. તે માણુસ અબિમુશહીફના ઘરે ગયો અને બારણું ઠોકવા લાગ્યો અને બુમ મારી કહ્યું કે "એ, લઆબ બ્હાર

આવ નહિ તો તને જોર જુલમથી લઇ જવામાં આવશે." ઘરના માલિકે પોતાની જાન ખતરામાં જોઇ તેણીને બ્હાર ખેંચી લાવ્યો અને મહમદબિન અઝીઝ તેને તેના બાળક અને આયા સાથે કરમતીયા પાસે લઇ ગયો.

તેણે તેને નમ્રતા અને વિવેકથી આવકાર આપ્યો અને તેણીના માલિક સંબંધમાં પુછપરછ કરી; અને તેને ઠપકો આપતા કહ્યું કે "જયારે તારી મદદની અમને જરૂર છે ત્યારે તું નાસી જાય છે?" તે પછી તેણે તેને વધારામાં પૂછ્યું કે" તારા શેઠના અંહિથી ચાલ્યા જવા પછી તને કાંઈ સમાચાર મળ્યા છે.?" જેના જવાબમાં તેણે જવાબ આપ્યો કે "ઇન્શા અલ્લાહ (ખુદાવંદ તઆલાની મરજી હશે તો) મારા મૌલા તુરતમાં પાછા પધારશે. તેઓશ્રી હવે પાછા પધારવામાં વધારે વિલંબ નહિ કરે."

આ પ્રમાણે શરૂઆતની વાતચિત થયા પછી તેણે તેને પૂછ્યું કે "આહમદ મહમદ અને હુસેન અને તારા મૌલા જે તમારી પાસેથી ચાલ્યા ગયા છે તેની (રોકડ) મિલ્કત કયાં છે?"

તેણે તેને આસ્તે આસ્તે ઘણુ સમજાવ્યું પણ તેણે

એજ જવાબ આપ્યો કે "આ મ્હેલમાં હું નવીજ આવેલી હોવાથી એ સંબંધમાં મને કાંઈ ખબર નથી."

તે બાદ તેણે પોતાના મન ઉપરનો કાબુ ગુમાવી દીધો અને બોલી ઊઠી કે "આવા ખોટા બ્હાના અને આવી લાંબી લાંબી વાતો શા માટે કરે છે? તું હાશમીયોની માફક અમને અને અમારાં બાળબચ્ચાંને મારી નાંખવા આવ્યો છે. આનો બદલો ખુદાવન્દતઆલા તારી પાસેથી લેશે. ઓ લઆનતી! ઓ અલ્લાહના દુશ્મન! તારા પ્હેલાં તારા બાપ અને ત્યાર બાદ ત્હારા ઉપર મ્હારા મૌલાએ જે જે ઉપકારો કર્યાં છે તે તું ભૂલી ગયો છે. ખુદાવન્દતઆલાએ તને જે બક્ષ્યું છે તે બધાં તરફ તું નગુણો થઇને અને તેના વલીયોને છેતરીને તું અમને અને અમારાં બાળબચ્ચાંને ભયભિત બનાવતો અમારા ઉપર તુટી પડયો છે."

અને ત્યાર પછી કોઈ પણ પળે તેમનામાંના બધાંને તે મારી નાંખનાર છે એવું સારી રીતે તે જાણી ગયેલ હોવાથી તેણે તેને એવી એવી વાતો સંભળાવી કે જે તેને ગમે તેવી ન્હોતી!—તેના ઉપર ખુદાતઆલાની લઆનત હોજો!!

એ બાદ તેણે તેને વધુમાં કહ્યું કે "ઓ ખુદાવન્દ-તઆલાના અને તેના વલીઓના દુશ્મન! જો તું અમને મારી નાંખવાનો ઇરાદો રાખતો હોય તો તને ખુદા મારશે કે જે ખરેખર બનવાનુંજ છે—તો એટલું કરજે કે, હાશમીયોની માફક અમારાં મૃત દેહોને રઝળાવતો નહિ; અમે તેમનાથી જુદાજ (દરજ્જાના) છીએ, એટલે તું અમને ખુલ્લી જગ્યામાં ફેંકી નહિ દેતો પણ દફન કરજે."

"જો કદાચ તને મારી નાંખુ તો તને કયાં દફનાવું?" અબુમન્ઝુરે તેને પૂછયું.

"મારી ઇચ્છા છે કે તું મને આમાં દફન કરજે." તેણે નજીકના એક ભોંયરા તરફ આંગળી ચીંધી કહ્યું.

તેણે ઇબ્ન—અન નદાફ નામના એક પાલ્મીરી જલ્લાદને બોલાવવા પોતાના નોકરને મોકલ્યો કે જે પોતાના હાથમાં ખુલ્લી તરવાર સાથે હાજર થયો. પછી તે દુષ્ટે તેને તેણીનું માથું ઉડાવી દેવા અને તેનું મુડદું તે ભોંયરામાં ફેંકી દેવા હુકમ કર્યો. એ પ્રમાણે અમલ થયો અને એના બાળક અને તેની સાથે જે કોઇ હતું તે બધાંને પણ કતલ કરી નાંખવામાં આવ્યાં.

એ પછી એ પાખંડીના નોકરો મ્હેલમાં ફરી વળ્યા અને અંદર જે કાંઇ હતું તે બધું લઈ આવ્યા. બુઢા કે યુવાન પુરૂષ કે સ્ત્રી જે કોઇ અંદર હતું તે બધાંને કતલ કરી નાંખવામાં આવ્યા અને તેમના મુડદાં એજ ભોંયરામાં ફેંકી દેવામાં આવ્યા. એ બધાં મળીને ૮૦ શખ્સો હતાં.

જ્યારે તેણે એમને પતાવવાનું કામ પૂરૂં કર્યું ત્યારે તેનો એક નોકર તેનો ખચ્ચર લઈ આવ્યો અને તેના ઉપર સ્વાર થઇને, મહેલની ખબર રાખવા અને અંદરની ચીજો સાંચવવા પ્હેરો મૂકીને તે ત્યાંથી ચાલ્યો ગયો.

તે અખબીયા નામના ગામડામાં ગયો અને ત્યાં તે સાત દિવસ રહ્યો અને આઠમે દિવસે તેનું લશ્કર હાર ખાઇને અવ્યવસ્થિત હાલતમાં ત્યાં આવી પ્હોંચ્યું.

મહુમદબિન સુલેમાન અને તેના લશ્કરે તેના આખાએ પાયદળ લશ્કરનો કચ્ચરઘાણ કાઢીને અને ઘોડેસ્વાર લશ્કરના મોટા ભાગનો નાશ કરી તેમને નસાડી મૂકયા હતા. તેમણે તેને (અબુમહઝુલને) જણાવ્યું કે "આપણા આખા લશ્કરનો કચ્ચરઘાણ

નીકળી ગયો છે માટે હવે તેનો સામનો કરવાનું બની શકે તેમ નથી.” તેમણે તેને પોતાની સાથે (જંગલમાં) નાસી જવા કહ્યું કારણ કે નહિ તો **મહમદ** સુલેમાન તેને કેદ પકડી લેશે.

તેણે તેમને જવાબમાં કહ્યું કે “બેસી જાઓ.” પણ તેમણે તેની સાથે પોતાની દલીલ ચાલુ રાખતા કહ્યું “તું ભલે અમને ગાળો આપે પણ અમે તને ચેતાવેલ છે. જો તારે અમારી સાથે આવવું હોય તો (જલદી) ચાલ અને નહિ તો તું એકલો બેઠો રહે.”

અને જ્યારે તેણે તેમનો મકકમ ઇરાદો જોયો એટલે તે પણ તેમની સાથે રવાના થયો અને **પાલમી**-રાની પાણીવાળી જગ્યાએ પ્હોંચ્યા ત્યાં સુધી તેમને કોઇએ અટકાવ્યા નહિ. તેમણે અંહિ વિસામો ખાધો અને પછી પાલમીરા (તદમુર)થી તેઓ **અલ–વરક** તરફ ચાલ્યા.

તેના લશ્કરના નાસી જવા પછી છઠે દિવસે **મહ**-મદબિન સુલેમાન **સલમીયા** આવી પ્હોંચ્યો અને **કુરામતીયા**ની બાબતમાં તપાસ કરવા લાગ્યો; જ્યારે તેણે સાંભળ્યું કે તે નાસી ગયો છે એટલે તેણે લોકોને

કહ્યું કે "ખલીફા **અલમોતદીદનો** મને હુકમ છે કે જો કુરામતીયાઓ છટકી જાય તો તારે તારી તરવાર ત્યાંના રહીશો અને તે જગ્યાની રખડુ ટોળીયોની વસ્તી ઉપર ચલાવવી." (આ સાંભળી) **સલમીયાના રહીશોએ** તેને ખુદાનો ખોફ ખાવા અને તેમના ઉપર દયા કરવા આજીજી કરી અને જણાવ્યું કે "કુરામતીયાઓએ અમારી કતલ ચલાવી છે અને હવે તું પણ અમને મારી નાંખવા આવ્યો છે."

તેમની આ ફરીયાદમાં વજુદ છે કે કેમ એની તેણે તેમની પાસે સાબિતી માંગી જેના જવાબમાં તેમણે જણાવ્યું કે "તમે અમારી સાથે તમારો કોઇ ભરોસાપાત્ર શખ્સ આપો કે જેને અમે કતલ કરવામાં આવેલાના શબો દેખાડીયે."

જ્યારે **મહુમદબિન સુલેમાને** આ વાત સાંભળી એટલે તેને તેમની દયા આવી અને તેણે તેમને કહ્યું કે જાઓ, તમે તમારાં ઘરના બારણા બંધ કરી, ઘરોમાં ભરાઇ તમારો બચાવ કરો, કારણ કે મારૂં લશ્કર શહેર નજીક આવી રહ્યું છે અને મને ધાસ્તી છે કે તેઓ શહેરીયોને લુંટશે. તમારી વાત સાચી છે કે કેમ એની

ખાત્રી માટે હું એક માણુસ મોકલું છું, જેને તમે મુડદાંઓ બતાવજો.” ત્યારપછી તેણે મહમદબિન અદહયરાજી નામના એક વિશ્વાસુ વૃદ્ધ માણુસની નિમણુક કરી જેને મુડદાંઓ બતાવવામાં આવ્યા. તેણે કતલ થયેલાં સ્ત્રીઓ અને બાળકોને જોયાં જે જોઇ તેને કમકમાટી વછૂટી, અને તેણે આવું ભયંકર દુષ્ટ કાર્ય કરનાર ઉપર ખુદાતઆલાની લઆનત વર્ષાવી.

મહમદબિન સુલેમાને કરામતીયા ક્યાં ગયા હતા તે સંબંધી તપાસ ચલાવી અને તેને પત્તો મળ્યો કે તેઓ પાલ્મીરા તરફ ગયા છે એટલે તેણે એક હજાર ઘોડે સ્વારોને તેનો પીછો પકડવા રવાના કર્યા. તેમને બાતમી મળી કે તે (રમ્ય) સ્થળ અલખદ્રમાં દાખલ થયો છે પણ તેની પાસેનો સઘળો અસબાબ લુંટી લઈને અને તેને તજીને તેના માણુસો વિખરાઈ ગયા છે. ફાતમાઈત શેખોએ તેના આવા કમભાગ્ય માટે તેને દોષિત ઠરાવ્યો. તે ત્યાંથી થોડાંક રોકડ નાણુા સાથે ઉંટ ઉપર સ્વાર થઇને નાસી ગયો અને રસ્તામાં આવતી કોઇ પણ જગ્યાએ વધુ વખત ખોટી થયા વગર તે ઇરાકમાંના સવાદ (નામના ગામ)માં દાખલ થયો.

મહુમદ બિન સુલેમાને ખલિફા મોતદીદને ખબર આપ્યા કે "કરમતીયાને તેના લશ્કરની ભારે ખુવારી કરી હરાવીને નસાડી મુકવામાં આવ્યા છે અને તેની સરદારી નીચે જે માણુસો હતા તે બધાં તેને તદ્દન એકલો છોડી વિખરાઇ ગયા છે" અને હવે તેણે શું કરવું એ માટે હુકમ ફરમાવવા તેણે માંગણી કરી. ખલીફે તેને લશ્કર સાથે બગદાદ પાછા ફરવા હુકમ કર્યો અને તે બગદાદ પાછો ફર્યો.

ચાર મહિના બાદ લઆનતી કરમતીયાને તેના બે નોકરો સાથે, યુફ્રેટીસ નદીને કિનારે આવેલા કુવારકીસીયા નામના શહેર આગળથી કેદ પકડવામાં આવ્યો અને બધાંને (ખલિફા) અલમોતદીદ પાસે બગદાદ મોકલી આપવામાં આવ્યા.

મહેલનું તેણે શું કર્યું હતું અને તેમાંથી જે કોઈ મળ્યું તેને તેણે કતલ કર્યા હતા અને આખરે કરમતીયાને ખલીફા આગળ લઈ જવામાં આવ્યો હતો એ બધાં ખબર અલમ્હેદીને પ્હોંચાડવામાં આવ્યા હતા. ત્યાર બાદ અલમ્હેદી રમલામાં થોડો

વખત રોકાઈ ત્યાંથી ચાલ્યા ગયા અને ઇજીપ્તમાં દાખલ થયા.

જ્યારે કુરમતીયાને બગદાદમાં પાછો લાવવામાં આવ્યો ત્યારે તેને લોકોના ટોળામાં ફેરવવામાં આવ્યો અને તેના ઉપર લઆનત મલામત વર્ષાવવામાં આવી. ખલિફા અલમોતદીદે તેના માટે એક ખાસ કમીટી નીમી અને તેને મોતની સજાથી નવાજવામાં આવ્યો તે પ્હેલાં તેને ખૂબ રિબાવવામાં આવ્યો. જ્યારે તેને ફટકા મારવામાં આવતા ત્યારે તેને પુછવામાં આવતું કે "તે જાતે કોણ હતો? તે કયા ફિરકાનો હતો? ત્યાર બાદ તે કયા ફિરકામાં ગયો હતો અને તે કોની તરફેણમાં દઆવત કરતો હતો?" તેણે જવાબમાં પોતે કુરમતીયા ટોળામાંનો હોવાનો અથવા તેનો કોઇ રાજ્યદ્વારી હેતુ હતો એ બેઉ વાતનો ઇન્કાર કર્યો. તેણે કહ્યું કે તેને સલમીયા શહેરમાંથી ફલાણા ફલાણા યાને ઇમામ અલમ્હેદીએ બળવો જગાડવા હુકમ ફરમાવ્યો હતો. તેણે તેમને ઈમામનો હુલીયો યાને શારરિક દેખાવનું વર્ણન કપડાં, પહેરવાની રીતભાત વગેરે વર્ણન કરી બતાવ્યું જે બધાંની લેખિત નોંધ લેવામાં આવી.

ત્યાર પછી તેને ભયંકર રીતે મારી નાંખવામાં આવ્યો અને તેના મડદાંને બાળી મુકવામાં આવ્યું. ખુદાતઆલાની તેના ઉપર લઆનત હોજો.

ખલીફાએ દરેક જીલ્લામાં સંદેશવાહકો મોકલી સાથેના પ્રકારના વર્ણનવાળો કોઈ શખ્સ મળી આવે તો તેને કેદ પકડવા પોતાના હાકેમોને હુકમ આપી દીધો.

પણ અલમ્હેદી બગદાદના વેપારીયો અને (અબુ અબ્દલ્લાહના ભાઈ) અબુલઅબ્બાસ કે જે ટ્રીપોલી થઈને મગરીબ આફ્રિકા જતો હતો તેની સાથે ટુંક વખત પ્હેલાંજ ઈજીપ્ત છોડી ગયા હોવાથી તેમનો પત્તો લાગ્યો નહિ.

તેઓશ્રી ઉપર તાહુના નજીક લુંટારાઓએ હુમલો કર્યો જે વખતે અબુલઅબ્દલ્લાહના ભાઇ અબુલઅબ્બાસ ચ્હેરા ઉપર તરવારનો ઘા લાગવાથી જખ્મી થયો. તેઓશ્રી તેમને કેદ પકડવાના ફરમાન સાથે કાસદ ત્યાં આવી પ્હોંચ્યો તે પછી તુરતજ ટ્રીપોલી આવી પ્હોંચ્યા.

તેમને કેદ કરવાના થયેલા ફરમાનથી, વર્ણન પ્રમાણેના શખ્સને કેદ પકડવા અમલદારો શોધ ચલાવી રહ્યા હતા અને ઈજીપ્ત તરફથી આવતા દરેક વેપારીને

તે સંબંધી પૂછપરછ કરતા હતા. તેઓ અલમ્હેદી જ્યાં ઉતર્યા હતા ત્યાં અચાનક જઇ ચડયા; જેવા તેમણે તેઓશ્રીને જોયા કે તરતજ વર્ણત ઉપરથી ઓળખી કાઢયા અને તેમણે કહ્યું કે જે શખ્સને કેદ કરવાનો છે તે આજ છે એમાં જરાએ શક નથી છતાં જો તેઓશ્રી તુરતજ શહેર છોડી જાય તો તેમને તેમ કરવા દેવા તેઓ તૈયાર હતા.

કાફલામાં અબુલકાસિમ ઇબ્ને હસન નામનો એક શખ્સ હતો તેની ઇચ્છા આગળ સફર કરવાની હતી એટલે અલમ્હેદીને તેની સાથે જવા દેવામાં આવ્યા. તેઓ કાસ્તીલીયા થઇને સીજલમસમાં દાખલ થયા જ્યાં તેઓશ્રી ત્રણ માસ પર્યંત રહ્યા. જે દરમિયાન યુસુફ અલફહરમાન અને શિક્ષક તૈયબ તેમના કુટુમ્બને લઇને તેમને આવી મળ્યા. જયારે તેઓશ્રી ત્યાં હતાં ત્યારે અબુઅબ્દલ્લાહ કે જે જ્યાં જ્યાં તેઓશ્રી મુકામ કરતા ત્યાં ત્યાં તેઓશ્રીના સંસર્ગમાં રહેતો હતો તેના તરફથી તેઓશ્રીને કાગળો મળ્યાં જેમાં તેણે અલમ્હે-દીને આવી પ્હોંચવા દબાણ કર્યું હતું, કારણકે તેણે હવે તેમને ટેકો આપનારાઓમાંથી એક બળવાન લશ્કર

એકઠું કર્યું હતું; પણ તેઓશ્રી અબુઅબ્દલ્લાહ (પોતાના લશ્કરીયો સાથે) ત્યાં આવી પ્હોંચ્યો ત્યાં સુધી ત્યાંજ રોકાણા.

ત્યારબાદ (ઈમામ) અલમ્હેદી, અબુલકાસિમ મહમદ, ઇમામ અલકાયમ અને હુઝુરીયા જા'ફર તથા તેમની સાથેના બીજા લોકો સાથે બ્હાર આવી તેમને મળ્યા; અને ત્યાર પછી શું શું બન્યુ તે તો આખી દુનિયાના લોકોમાંથી દરેક જણ જાણે છે.

અલહમ્દો લિલ્લાહ રબ્બલ આલેમિન (બધાં વખાણ ખુદાના છે જે જગતના પાલનહાર માલિક છે) અને આપણા મૌલા હ૦ મહમદ અને તેની પાક આલ ઉપર દુરૂદ.

# સિરાત—જા'ફર—અલ હાજીબ

## યાને

## જા'ફર—અલ હાજીબની યાદદાસ્તની વાતો

( કૃતિ અને તેના સંબંધી વિગત માટે જુઓ પાનું ૪ થી ૭ )

હ૦ ઈમામ (તેમના અને તેમની પાક આલ ઉપર ખુદાવન્દતઆલાના આશીર્વાદ હોજો) **સલમીયા**માંથી રવાના થઇ **સીજીલમસા** આવી પ્હોંચ્યા અને ત્યાંથી **રકાદા** રવાના થયા તેને લગતી, ખાસ હુઝુરી (Chamberlain) **જા'ફર** બિન **અલી**ની યાદદાસ્ત મુજબની હકીકત.

સંગ્રહકર્તા: **મુહમદ** બિન **મુહમદ** અલ **યમની**, તેમના ઉપર ખુદાવન્દતઆલાની દયા હોજો.

"બિસ્મીલ્લાહ હિર-રહેમાન નિર-રહીમ."

ખુદાવન્દતઆલા સિવાય બીજા કોઇની હું મદદ માંગતો નથી કે જેના ઉપર મારો બધો આધાર છે; તે

અર્શ ખુરસીનો માલિક છે, અને એના ખલિફા-આપણા મૌલા અને માલિક અમિરૂલ મૌમનીન અઝીઝબિલ્લાહ કે જેમના ઉપર અને તેમના પાક વડવાઓ-ઇમામો અને વસીયો અને તેમના પાક અને પુણ્યશાળી ઉત્તરાધિકારીયો ઉપર ખુદાવન્દતઆલાના આશીર્વાદ હોજો, એમને રાજી કરવામાં તે (ખુદાવન્દતઆલા) મને મદદ કરે એવી દુઆ ગુજારૂં છું; અને ખુદાવન્દ-તઆલા પાસે એવી પણ દુઆ માંગુ છું કે તેના (ઇમામે-ઝમાનના) વડવા કે જેના ઉપર અને તેની આલ પાક ઉપર ખુદાવન્દતઆલાના આશીર્વાદ ઉતરજો, તેમની ઉમ્મત-ઇસ્લામની બધી પ્રજાઓ એકત્ર બની તેના-ઇમામના રાજ્ય નીચે એક (પ્રજા) બની રહે કે જેથી દીન અને જગતનો વહીવટ તેના અવિચળ રાજ્ય નીચે સમ્પૂર્ણ બની હમેશ માટે ટકી રહે.

અને તેની (ખુદાવન્દતઆલાની) દયા અને ઉદાર-તાથી તેના (ઇમામે ઝમાનના) મુરીદોને કદી પણ જોખમોની ધાસ્તી રહે નહિ. ખરેખર, આ બધા માટે તેજ મદદગાર છે અને તેના તરફની ભલાઇની દુઆ માંગીએ છીએ; ઇન્શા અલ્લાહ.

તેઓશ્રીની (ઇમામની) એવી ઇચ્છા થઈ કે તેના ગુલામ (આ યાદીના કર્તા જા'ફર) સંબંધમાં શું બન્યું તેમજ, તેમના વડવા-પવિત્ર ઇમામો-ખુદાવન્દતઆલા તેમના આત્માને ઉચ્ચત્તર બનાવે, અને એ બધાં ઉપર પોતાના આશિર્વાદો ઉતારે, તેમના વખતમાં શા શા બનાવો બન્યા તે વિષેની હકીકત જાણે: એ ઉપરથી લેખક, ઇમામ પાસે પોતાની ભૂલો અને ચુકો થાય તે, પોતાની હુમેશની ઉદારતા અને માયાથી માફ કરે, એવી દુઆ માંગે છે; તેઓ નામદાર પોતાની મહત્તા અને ગૌરવથી એ (ભૂલો) તરફ આખાડા કરે એવું માંગુ છું; કારણકે પોતાના નમ્ર સેવક અને ગુલામને તેઓશ્રીએ જે લખવા ફરમાન કર્યું છે તે 'બધી બાબતો સંબંધમાં તેઓશ્રીએ પોતેજ વધુ ચોક્કસ અને વધુ પૂર્ણ યાદી જાળવી રાખેલ હોવાથી વધુ સારૂં જાણે છે.

આપણા મૌલા-ઈમામના અતિ નમ્ર ગુલામ મહમદ બિન મુહમદ અલ-યમની કહે છે કે-મેં આ વાતો આપણા મૌલા અને ઇમામો કે જેના આત્માઓને ખુદાવંદતઆલા ઉચ્ચતર બનાવે અને બધાં ઉપર પોતાના આશિર્વાદો ઉતારે, તેમના ગુલામ

(ખાસ હુઝુરી) જા'ફર બિન અલી–અલ હાજીબ પાસેથી સાંભળી છે. તેણે મને કહ્યું કે:–

હું (ઈમામ) અલમ્હેદી બિલ્લાહુ કરતાં થોડાંએક મહિના ન્હાનો હતો. અને તેઓશ્રીનાજ મ્હેલમાં મોટો થયો હતો. ઈમામે (અલ મ્હેદીના વાલીએ) મને તેઓશ્રી (અલ-મ્હેદી)ની ખાસ ખિદમત માટે ધ્યાનમાં રાખ્યો હતો. મને તેઓશ્રી (અલ-મ્હેદી)ના ખીદમતગાર તરીકે તેમની સાથેજ ઉચ્છેરવામાં આવ્યો હતો, અને મને બની શકતી ઉત્તમ રીતે કેળવણી આપવામાં આવી હતી. તેઓશ્રી (અલ-મ્હેદીના વાલી) પોતાની મરજી મુજબની યોગ્યતા મેં મેળવી ત્યાં સુધી મને કેળવણી આપવા અને મારો બાંધો મજબુત બનાવવા જરૂરી એટલું બધું કરી છુટચા હતા; તેમને શું જોઈતું હતું એ મને કહેવું ન્હોતું પડતું; તેઓશ્રી મારા તરફ જુએ એટલું જ બસ હતું અને હું તેઓ નામદારને શું જોઈતું હતું તે સમજી જતો અને તે તેમની પાસે તરતજ હાજર કરતો અને એમની ઈચ્છા મુજબ તેઓશ્રીની ખિદમત બજાવતો.

સલમીયામાં પોતાના પાડોશી હાશમીયો કે જેઓ

અબ્દલા બિન અલ અબ્બાસ બિન અબ્દીલ મુત્તલીબ બિન હાશમના વંશજો હતા, તેમની સાથે હમેશાં ઘણો સારો સંબંધ રાખતા. તેઓશ્રી તેમની રૂબરૂમાં પોતે પણ હાશમી (અબ્બાસી) હોય એમ વર્તતા.

જુદા જુદા શહેરોમાં વસતા તેઓશ્રીના દાઇઓ તરફથી નાણાની મોટી રકમો અને માલ અસબાબનો મોટો જથ્થો સલમીયામાં તેમની હુઝુરમાં લાવવામાં આવતો, આનો સંગ્રહ કરવા માટે તેઓશ્રીએ શહેરની બ્હાર જમીનની અંદર બાર માઈલ લાંબો રસ્તો બનાવ્યો હતો.

માલ અસબાબ અને બીજી કીંમતી ચીજો હમેશાં ઉંટ ઉપર લાવવામાં આવતી. જમીનના અંદરના રસ્તાનો દરવાજો તેમને માટે રાત્રે ખોલવામાં આવતો અને તેઓ આ પેટા રસ્તેથી માલથી ભરેલાં ઉંટ સાથે કુચ કરી, સીધા તેઓ નામદારના ઘરમાં દરેક ચીજ પ્હોંચાડી દેતા. તેઓને રાતના જ પાછું જવું પડતું અને રસ્તાનો દરવાજો ધુળથી એવી રીતે ઢાંકી દેવામાં આવતો કે જેથી તે વિષે કોઇને કદી પણ ખબર પડે નહિ. તે એક અસાધારણ ખજાનો હતો અને કહેવાય

છે કે અલ–મ્હેદી જેટલો ખજાનો સલમીયામાં છોડીને આવ્યા હતા, તેટલો ખજાનો મગરીબ આફ્રિકા સર કર્યા પછી પણ તેઓશ્રી ભેગો ન્હોતા કરી શક્યા.

અબ્બાસી ખલિફા તરફથી નિમાતા સલમીયાના દરેક હાકેમ સાથે અલ–મ્હેદી ઘણુંજ વિવેકભર્યું વર્તન રાખતા. તેઓશ્રી તેમના તરફ હમેશાં ઘણીજ ઉદારતા દાખવી કિમતી ભેટ સોગાદો આપતા. આથી બધા હાકેમો તેમના ગુલામો હોય એવી રીતે પોતાના ઉપરી અધિકારીયો પાસે તેઓશ્રીના હિતને લાભ થાય એમ કરતા. ઇમામ જાહેર મિજબાનીઓ વારંવાર ગોઠવતા જેમાં ભાગ લેવા હાશમી કુટુમ્બીયો અને બીજા જાણિતા લોકોને નોતરવામાં આવતા. જ્યારે મીજબાનીયો પૂરી થતી ત્યારે જે બાકી વધતું તે, અબુ-યાકુબ અલ-કુહરમાન જે એક ખ્રીસ્તી હતો અને જે મુખ્ય બબરચી અબુ અય્યુબનો દાદો થતો હતો, તેની ઓરત ઉમ્મે અલી અલકુહરમાનને આપી દેવામાં આવતું. (એ બેઉ અલ મ્હેદીનાં ગુલામો હતાં. ઓરત ઇસ્લામ મઝહબનો સ્વિકાર કર્યા પછી મ્હેદીયામાં મર્ણ પામી હતી પણ તે સલમીયામાં અલ–મ્હેદીની ખિદમત કરતી હતી ત્યાર-

બાદ ઘણા વખત પછી બન્યુ હતું.) તેણી (ખાણા બાદ) જે વધેલી રોટીઓ ટેબલ ઉપર પડી રહેતી તે ભેગી કરતી અને જમણુ માટે ઉપયોગમાં લેવા માટે તગડા બનાવવામાં આવતા જનાવરોની સંભાળ લેવા રાખવામાં આવેલા નોકરોને આપી દેતી. બીજો ખોરાક અને રોટી નોકરોમાં વ્હેંચી આપતી અને દરેકને તેણી તરફથી પોતાનો વ્યાજબી હિસ્સો મળી રહેતો.

જા'ફરની યાદદાસ્ત મુજબ ઈમામે (ઇમામ અલ-મ્હેદીના વાલીએ) પોતાની વફાત પ્હેલાં અલ—મ્હેદીના વિવાહ પોતાની ભત્રીજી સાથે કર્યા હતા કે જેઓ આગળ જતાં અલ—કાયમના માતુશ્રી થયા હતા.

જા'ફર ઉમેરે છે કે "મને યાદ છે કે, શાદીની રાત્રે (ઇમામ) અલ—મ્હેદીએ મને પોતાના શયન ગૃહના બારણેથી નહિ ખસવા ફરમાન કર્યું હતું. હું કેટલીક ઓરતો કે જેમણે બુરખો પ્હેર્યો ન્હોતો તેમની સાથે બેઠો હતો એટલામાં અલમ્હેદીએ પોતાના ઓરડાનું બારણું ખોલ્યું અને એક કિમતી વસ્ત્ર તેઓશ્રીએ મારા તરફ ફેંક્યુ. મેં તે મારા માથા ઉપર પ્હેરી લીધું અને ઓરતો કે જેઓ ત્યાં ખીદમતદાર તરીકે હતી

તેમણે મને મુબારકીયો આપી, (ઝનાનખાનાને લગતા) આવા ઘણા યાદગાર બનાવો અલ–મ્હેદી, અલ–કાયમ અને અલ–મોએઝના વખતમાં પણ બન્યા હોવાનું મને યાદ છે.

દરેક કામ શાન્તિપૂર્વક ચાલતું હતું. જુદી જુદી જગ્યાઓના દાઇયો તરફથી કાસદો ચાલુ આવતા અને તેઓ પોતાની સાથે દરેક સ્થળના મોમીનોએ અર્પણ કરેલ ભેટો અને ભરેલ જગાત અને ખુમ્સના નાણા તેમજ પત્ર વ્હેવાર લઇ આવતા.

ઇમામે (ઇમામ અલ–મ્હેદીના–વાલીએ) અલ મ્હેદીના વિવાહ પોતાની ભત્રીજી સાથે કર્યા તે પ્હેલાજ તેઓ નામદારને ઈમામતના ગાદી વારસ તરીકે જાહેર કરી તેઓશ્રીની પિછાણ ફરજીયાત ઠરાવવામાં આવી હતી. તેઓશ્રીએ દરેક જગ્યાએ ખાસ ખબર મોકલીને દરેક દાઇયો પાસે તેઓ નામદારની બૈયત લેવરાવી હતી. એ પછી ટુંક વખતમાં તેઓ નામદાર વફાત પામ્યા.

સલમીયાના (નવા) હાકેમ તરીકે એક તરકીશ ગુલામની નિમણુંક બગદાદની હકુમતે કરી. (જ્યારે

તે આવ્યો ત્યારે) અલ—મ્હેદીએ દરેક હાકેમને જેમ હમેશ આપતા તે રિવાજ મુજબ તેને કિમતી ભેટો આપી. ત્યારબાદ બીજી ભેટો પણ તેઓશ્રી તરફથી મળવા લાગી પણ તે તુર્કને તેના અધિકારીયો કે જેને તે ધિક્કારવા લાગ્યો હતો, તેની અને પોતાની વચ્ચે (અલ—મ્હેદી તરફથી) કાંઈ કાવતરૂં તો કદાચ રચાતું નહિ હોય, એવો કાંઈ વ્હેમ આવ્યો. તે પોતે એક હલકી પ્રકૃતિનો માણસ હતો તેથી અલ—મ્હેદી પોતાના કોઇપણ અંગત હિત સાધવાની નેમ વગર અને કોઇપણ જાતની ઇચ્છા રાખ્યા વગર આટલા બધા ઉદાર શા માટે થતા હતા? તે બાબત શોધી કાઢવા તેણે શહેરના લોકોમાં પુછપરછ કરવા માંડી. કેટલા-એક લોકો કે જેઓ અલ—મ્હેદીની દુશ્મની કરતા હતા તેમણે તેને જણાવ્યું કે "ઘોડાઓ અને ગુલામો હાકેમોને ભેટ આપવાનો તેમનો હંમેશનો રિવાજ છે આમ કરવાનું કારણ તેમની કોઈ મહદ ઇચ્છા છે." એમ કહેવામાં આવ્યું કે "પૂર્વ અને પશ્ચિમની માલિકી તેઓશ્રીની છે અને તેઓશ્રીના દાઇયો દરેક શહેરમાં મળી આવે છે. તેમની દોલત બગદાદના ખલીફા ખુદની દોલત કરતાં પણ ઘણી વધારે છે."

આ જાણીને હાકેમ લોભમાં પડયો અને પોતાની યોગ્યતાની હદ બ્હાર જઇને તેણે અલ–મ્હેદી પાસે શકય કે અશકય માંગણીઓ કરવાનું ચાલુ કરી દીધું. તેની એક માંગણી હજી સંતોષવામાં આવી ત્યાં તો કોઇ બીજી ચીજ માટે તેની માંગણી ઉભી રહેતી. અમુક એક દિવસે એક લુંટારાના જેવું વધુને વધુ વર્તન રાખીને તેણે ઓછામાં ઓછી દસ માંગણીઓ રજુ કરી.

હાકેમની આમાં શી મતલબ હતી એ (ઇમામ) અલ–મ્હેદી જયારે સમજયા ત્યારે તેઓશ્રીએ બગદાદના દાઇઓને સુચના આપી કે તેઓ ત્યાંના અધિકારીયોને અયન ધયન પ્રકારે સમજાવીને એ હાકેમની બદલી કરાવે. દાઇયો એમ કરવામાં ફતેહમન્દ થયા અને લઆનતી તુર્કની ખરેખર બદલી કરવામાં આવી અને તેને બગદાદ પાછો બોલાવી લેવામાં આવ્યો; પણ તેની આવી ફેરબદલીના કારણભુત કોણ હતું તે તે કળી ગયો અને તેણે બગદાદના તે વખતના ખલીફ આગળ હકીકત રજુ કરી જેમાં તેણે અલ–મ્હેદી વિષે જે કાંઈ સાંભળ્યું હતું તે બધું જણાવ્યું અને તેને

પાછો સલમીયા જવા દેવા અને તેને (અલ-મ્હેદીને) કેદ પકડવા માંગણી કરી.

આજ ચોકકસ વખતે જા'ફર પોતાની યાદીમાં જણાવે છે કે, એક માણસે-એક ખારજીએ-જેને કેટલાકો કુરમતીયા તરીકે ગણે છે, તેણે બળવો ઉઠાવ્યો. તેના લશ્કરે સલમીયાની દિશા તરફ કુચ કરેલ હોવાથી તે અલ-મ્હેદીની તરફેણમાં દઆવતનું કાર્ય કરતો હતો અને તેનીજ સૂચના મુજબ વર્તતો હતો, એ બાબતમાં ખલિફાને કાંઇ શંકા રહી નહિ. આ સબબને લીધે ખલિફાએ પેલા તુર્કને શહેર સલમીયા તરફ કરમતીયાને આગળ વધતો અટકાવવા તાકીદ કરી અને ધમકી આપી કે જો તેમાં તે મોડો પડશે તો તેને ગરદન મારવામાં આવશે. તેણે ઉતાવળ કરી બળવાખોરો પ્હેલાં સલમીયા પહોંચી જઇ, અલ-મ્હેદીને કેદ કરી નદી રસ્તે તેમને બગદાદ મોકલી આપવાના હતા; કારણ કે જો (અલ-મ્હેદીને) એ મળી જાય તો તેમનું બળ એટલું બધું વધી જાય કે તેના સામે કામ લેવાનું તેને મુશ્કેલ થઇ પડે.

બગદાદના દાઇઓએ આ બાબતની બાતમી સંદેશવાહક કબુતર મારફત અને કાસદો મારફત

તાબડતોબ મોકલી આપી. તેમનો સંદેશો તુર્કના આવી પ્હોંચવા પ્હેલાં અલ–મ્હેદીને મળી ગયો. જા'ફર ખાત્રી આપે છે કે કુરમતી આગેવાન અને અલ મ્હેદી વચ્ચે કાંઇપણ સંબંધ ન્હોતો. તે ઇમામના મુરીદોમાંથી પણ ન્હોતો, બલ્કે તેઓશ્રી તેને ઓળખતા પણ ન્હોતા અને તે પોતે (ઇમામ) અલ–મ્હેદીને ઓળખતો ન્હોતો. આ મુજબ તુર્ક અને કુરમતીયાનો આગેવાન બન્ને સલમીયા ભણી જઇ રહ્યા હતા.

આવા સમાચાર મળવાથી અલ–મ્હેદીએ મુખ્ય-દાઇ ફીરૂઝને તેડાવ્યો કે જે ઇમામની હજુરમાં મોટામાં મોટો દરજ્જો ધરાવતો હતો અને તે તે નામદારનો મોટામાં મોટો અમલદાર અને બધાં દાઇઓ કે જે તેના હાથ નીચે હતા તેમના પિતા સમાન હતો; તે બાબુલ અબવાબ, ઇમામનો મુખ્ય મદદગાર હતો. બીજો શખ્સ કે જેને ઇમામે તેડાવ્યો તે તૈયબ હતો કે જે તે વખતે હજી તેના મૂળ નામ બર્કનના નામથી ઓળખાતો હતો. તેને (ઇમામ) અલ-મહેદીએ અલ–કાયમને શિક્ષણ આપવા સારૂ ખરીદ કર્યો હતો. બીજા લોકો કે જેને ઇમામે તેડાવ્યા તે નીચે મુજબ હતા.

કુતામા ઈલાકાના દાઈ અબુ અબ્દલ્લાહ અશ-શીઆઇનો ભાઈ મહમદ-બિન અહામદ-બિન ઝુકરીયા, અબુ–યાકુબ અલ–કહરમાન અને મહમદ–બિન અઝીઝ. છેલ્લો (મહમદ–બિન અઝીઝ) હુઝુરી જા'ફરનો (માસિયાઈ) ભાઇ થતો હતો; એ પણ ઇમામોનો ખાદિમ હતો.

આ બધાને પોતાની સાથે ચાલવા માટે મુસાફરીનો સામાન લઇ લેવા ફરમાવવામાં આવ્યું. તેઓશ્રીએ તેમને જણાવ્યું કે તેઓ નામદાર યમન તરફ સિધાવવાના છે. અલ–મહેદીના કુટુમ્બની બધી સ્રીઓને અબુ–અહામદ સુલુક સાથે પાછળ રાખવામાં આવી; તેઓ નીચે મુજબ હતી. અલ–મહેદીની માતુશ્રી, તેની બેઉ દીકરીયો, તેના ભાઇની બે દીકરીયો, ઉમ્મે–હબીબા કે જે (ભવિષ્યમાં) અલ–કાયમને પરણ્યા હતા અને અબુયાકુબ (અલ–કેહરમન)ની ઓરત ઉમ્મે અલી–અલ કેહરમન; આ અબુ અહામદ સુલુકનું નામ અલ-મહેદીએ પાછળથી જા'ફર પાડયું હતું; તે પણ હજુરી જા'ફરની માસીનો દીકરો થતો હતો પણ તેઓ એક બીજાને "ભાઈ" કહીને બોલાવતા હતા. તેણે અલ–મહેદી અને અલ–કાયમના હાથ નીચે એક અગત્યની ભરૂપા લાયક

જગ્યા સંભાળી હતી અને અલ–મહેદીના વખતમાં તે મર્ણ પામ્યો હતો. તેણે (અલ-મહેદીએ) તેને (તે પ્હેલાં) આફ્રિકામાંના બાઇઝનટાઇનના કબજા માટે તેના ઉપર સ્વારી લઈ જવા મોકલ્યો હતો જ્યાં તેણે વારી નામનું એક મોટું શહેર કબજે કર્યું હતું અને ત્યાંથી પોતાને માટે તેણે ઘણી દોલત એકઠી કરી હતી; (અલ–મનસુર બિલ્લાહ, અલ–મોએઝ બિલ્લાહ અને અલ અઝીઝ બિલ્લાહનો હકીમ મુસા આ શહેરના પ્રખ્યાત માણસોમાંનો એક હતો.) આ અબુ આહમદ સુલુકે અલ-કાયમના હાથ નીચે ખિદમત કરતાં, ઉત્તર આફ્રિકાના પૂર્વ અને પશ્ચિમ તરફના ભાગોમાં ભારે દિલેરી બતાવી હતી. તે એક શક્તિશાળી અને બહાદુર શખ્સ હતો; અને હુઝુરી જા'ફર પોતાની યાદદાસ્ત મુજબ જણાવે છે કે આ અબુઅહામદ તેનો "ભાઇ" જે અગાઉ "સુલુક"ના ટુંકા નામથી ઓળખાતો તે જ્યારે સલ-મીયામાં રહેતો હતો ત્યારે, તેણે ત્રણ વર્ષમાં ત્રણ જણને મારી નાંખ્યા હતા અને અલ–મહેદીને તેના બદલા તરીકે (તેમના સગા વ્હાલાને) ત્રણ હજાર દીનાર તેની વતી આપવા પડયા હતા.

આ મુજબ અલ—મહેદીએ તેને અને અબુ—જા'ફર અલ—જઝારીને પોતાના કુટુમ્બનો હવાલો સોંપ્યો. આ અલ-જઝારી પણ ઉંચ પદ્ધના દાઇયોમાંનો એક હોવાથી અલ—મહેદીના હાથ નીચે એક મઆતબર દરજ્જો ધરાવતો હતો. અલ—મહેદીએ અગલાબીડઝ સર કર્યા પછી તેના મુખ્ય શહેર રકદામાં તે વફાત પામ્યો હતો.

જા'ફર અલ—હાજીબ પોતાની વાત આગળ ચલાવતા કહે છેઃ— અમે અલમહેદી સાથે ચાલી નીકળયા અને ખરેખર અમે એમ માનતા હતા કે અમે યમન તરફ જઇએ છીએ. અબુ—જા'ફર (એટલે અહામદ) સુલુક, અને અબુ—જા'ફર અલ—જઝારી પણ કરામતીયાઓના આવી પ્હોંચવા પહેલાં, અલ—મહેદીએ મુકરર કરેલા અમુક દિવસે સલમીયા છોડી ગયા.

અમે ઘણીજ ઉતાવળથી (શહેર) છોડી ગયા અને દમસકસ તરફ દોટ મુકી જયાં, અમે સહી સલામત આવી પ્હોંચ્યા. અમારા રવાના થવા બાદ કરામતીયાઓએ તુર્કી હાકેમની પ્હેલાં આવી પ્હોંચીને સલમીયામાં પ્રવેશ કર્યો; તેમણે શહેરમાં લુંટ ચલાવી, રહેવાસીયોના મોટા ભાગને કત્લ કર્યા અને અમારા

રહેઠાણો પણ લુંટયા અને અલમ્હેદીના સગા કે આશ્રિતમાંથી જે કોઇ તેમના હાથમાં આવ્યું તે દરેકને તેમણે મોતને ઘાટ ઉતારી દીધા. શહેરના રહેવાશીયો ઉપર જુલ્મ ગુજારવામાં તેમણે કાંઈ બાકી રાખી નહિ. બગદાદનો માલિક (ખલિફો) આની માહિતી મેળવ્યા કરતો હતો, સાથે સાથે અમારી ટોળીની ભાળ મેળવવાના કાર્યમાં પણ તે અટકયો ન્હોતો.

અમે દમસકસ છોડયું અને મને યાદ છે કે તે દિવસે હું અલ–મ્હેદી સાથે હતો કે જેઓશ્રી, તૈયબ અને અબુ યાકુબ કે જેઓ નોકરો અને સરસામાનથી લાદેલા જનાવરોની દેખરેખ રાખતા હતા, તેમને પાછળ રાખીને આગળ નીકળી ગયા હતા. ન્હાના અલ–કાયમ કે જે તે વખતે એક ન્હાના બાળક હતા તે તેમની સાથે હતા. તેઓશ્રીએ એક માણસને જોયો કે જે પોતાની સાથે એક ન્હાનકડા સફેદ–ચમની કુતરાને લઇ જતો હતો અને તેઓ નામદારે એ કુતરો પોતાને માટે ખરીદી લેવા તૈયબને કહેવા લાગ્યા. ઈમામ અલ–મ્હેદી નારાજ થશે એવી ધાસ્તીથી તૈયબે એમ કરવા ના પાડી. અલ–કાયમે એ કુતરો મળે નહિ ત્યાં

ત્યાર પછી અલ–મ્હેદીએ હાકેમની ફરીથી બૈયત સ્વિકારી અને બાકીનો તે દિવસ અને રાત્રી તેનાજ ઘરમાં અમે ગાળી. તે રાત્રે ખરતાં તારાઓનો વર્ષાદ થવાનો હોવાથી અલ–મ્હેદી, અલ કાયમ અને હાકેમ તેમજ બીજા ઘણા લોકો, એ ચમત્કાર નિહાળવા ઘરના છાપરા ઉપર જઇ બેઠા. આખું શહેર લોકોના ઘોંઘાટથી અને તેઓએ કરેલી ખુદાની પ્રાર્થનાના અવાજથી ગાજી રહ્યું હતું.

જા'ફર ઉમેરે છે કે મારી ગણત્રી મુજબ હી. સ. ૨૮૯ (ઇ. સ. ૯૦૨)માં રજબ (જુન–જુલાઇ) માસમાં ખૂલ્લી રીતે આ બન્યું હતું; અને મેં જોયું કે અલ–મ્હેદીએ હાકેમનો હાથ પોતાના હાથથી દબાવ્યો અને તેને કહ્યું કે "આ ચમત્કાર મારી ઉંચી દઆવત અને મારી ફતેહની નિશાનીઓની શાક્ષી રૂપ છે."

ત્યારપછી ઉપર જણાવેલા મહમદ બિન અઝીઝને ઇમામે બોલાવ્યો અને તેને ફરમાવ્યું કે "અમે ખુદાવન્દ તઆલાની દુઆ અને મદદથી આવતી કાલે રવાના થવાના છીએ, અને તું સલમીયા જા અને

ત્યાં હલકા વર્ગના લોકોનું બની શકે એટલું મોટું એક ટોળું ભેગું કરજે અને તું પોતે એક કોદાળી હાથમાં લેજે અને બની શકે એટલા વધારે કોદાળી પાવડા અને ત્રીકમો તેમને આપજે, ત્યારપછી તારાથી બની શકે એવી અધમ રીતે મને ગાળો દેવા અને દરેક પ્રકારના તિરસ્કારયુકત કામોના કરનાર તરીકે મને વર્ણવવા માંડજે; અને મારા મહેલનો નાશ કરવા ટોળાને ઉશ્કેરજે. આમાં તું સફળ થાય એટલે તેના તળીએ આવેલા તળાવ ઉપર મકાનોને પડાવી નાંખજે કે જેથી તેનું નામ નિશાન રહેવા પામે નહિ અને તે બિલકુલ અદૃષ્ય બની જાય, અને એ કાર્ય સફળતાપૂર્વક પાર પડે એટલે તેમને તું શહેરના દરવાજા આગળ ખજુરીનું જે ઝાડ ઉગેલું છે ત્યાં લઇ જજે અને તે કપાવી તોડી પડાવજે, એમ કહીને કે, આ ઝાડ નીચે તે (પોતાના મુરીદો પાસે) બૈયત લેવડાવતો હતો. આ બધું પાર પાડયા પછી તારી હાજરીની મને જયારે જરૂર જણાશે ત્યારે મને આવી મળવા હું તને હુકમ મોકલું ત્યાં સુધી તું ત્યાંજ રહેજે."

આમ કરવાના હેતુ સંબંધમાં જા'ફર ખુલાસો

કરે છે કે, ઈમામે એક મજબુત બાંધણીનું તળાવ ખોદાવ્યું હતું જેમાં કિંમતી માલ અસબાબ ભરી તેને પુરી દેવામાં આવ્યું હતું. તેના ઉપર એક બીજું એજ માપનું તળાવ બાંધવામાં આવ્યું હતું અને તે પાણીથી ભરી દેવામાં આવ્યું હતું જે આખું વર્ષ પાણીથી ભર્યું રહેતું હતું. ઇમામ પોતે ઘણે ભાગે તેની નજીકમાં આવી બેસતા અને ખજુરનું ઝાડ કપાવી નાખ્યું તેનું કારણ એ હતું કે, ઇમામની હજુરમાં (છુપા ભૂગર્ભના રસ્તેથી) પ્હોંચાડવા માટે માલ હમેશાં રાત્રે લાવવામાં આવતો; પણ એક વખત કાફલા સાથે જે માણસો હતા તેઓને બારણું જડયું નહિ અને શહેરના દરવાજા પાસે આવી પ્હોંચ્યા અને સવાર પડવાની તૈયારી હોવાથી ધાસ્તીના માર્યા તેમણે તે માલ શહેરના દરવાજા આગળ અથવા શહેરની રાંગ પાસે–મને (લખનારને) બરાબર યાદ નથી–જે ખજુરીનું ઝાડ ઉગ્યું હતું તેની નીચે દાટી દીધો.

અમે ઈજીપ્ત જવા રમલાથી રવાના થયા. જા'ફર પોતાનું વર્ણન આગળ ચલાવતા કહે છે કે અંહિ અમને દાઈ અબુઅલી કે જે ત્યાં રહેતો હતો અને દઆવતનું કાર્ય કરતો હતો અને જેણે ત્યાં પોતાના

હાથ નીચે ઇમામના સંખ્યાબંધ મદદગાર દાઇયો વધાર્યાં હતા, તે મળ્યો. ફીરૂજ કે જેણે તેને વટલાવ્યો હતો અને તઆલીમ આપી હતી તેણે પોતાની દીકરી ઉમ્મે અબીલ હુસેનને તેના દીકરા સાથે પરણાવી હતી. મીસરમાં દાખલ થયાં પ્હેલાં ઇમામ અલ મ્હેદીએ તેના ઉપર ફરમાન મોકલ્યું હતું કે તેણે પોતાના ઘરમાં અથવા દઆવતના કાર્ય સાથે સંબંધ ધરાવતા કોઈપણ ઓળખીતાને ત્યાં પોતાના ઉતારાની સગવડતા નહિ કરતા કોઇ (બ્હારના) ભરૂષા-લાયક ગૃહસ્થને ત્યાં પોતાનો ઉતારો રાખવાની ગોઠવણ કરવી. એ ઉપરથી અબુઅલીએ ઇબ્ન અયાશ નામના કોઈ ગૃહસ્થને ત્યાં તેમના ઉતારાનો બંદોબસ્ત કર્યો; અને અમે ત્યાં વધારે વખત રહ્યા નહિ હઇશું એવામાં અમારી ધરપકડના હુકમો સાથે એક કાસદ ત્યાં આવી પ્હોંચ્યો. હાકમે ઇબ્ને અયાશને બોલાવીને કાસદ આવ્યાના ખબર આપ્યા અને તેને કાગળ વાંચી સંભળાવ્યો. ઇબ્ને અયાશે જવાબ આપ્યો કે જે શખ્સ મારી સાથે રહે છે તે વલ્લાહ કોઈપણ રીતે શક લઇ જવા યોગ્ય નથી. તે પોતાની પરહેઝગારી, દૌલત અને વિદ્વતા માટે જાણીતો એક અગત્યનો

સુધી એ જગ્યાએથી એક ડગલું નહિ ખસવાના સોગન્દ ખાધા.

એ દરમિયાન અલ મ્હેદીએ તેમના માટે ઠીક ઠીક લાંબા વખત સુધી રાહ જોઈ અને ત્યારબાદ તેમને શા કારણથી ઢીલ થઇ હતી તે જોવા, તેઓ નામદારે મને મોકલાવ્યો. હું પાછો ફર્યો અને મે' અલ-કાયમને રડતા જોયા એટલે શું થયું હતું એ વિષે મેં એમને પૂછ્યું. તેઓ નામદારે ખુલાસો કર્યો કે "મેં તૈયબને આ કૂતરો ખરીદી લેવા કહ્યું પણ તે તેમ કરવા ના પાડે છે." તૈયબે ખુલાસો કર્યો કે "અલ-મ્હેદી કે જેમણે પોતાની રજા વગર કાંઈ પણ નહિ કરવા મને ફરમાવ્યું હોવાથી તેમની નારાજીની મને ધાસ્તી લાગવાથી મેં એમ કર્યું છે."

ત્યાર પછી તેઓ નામદારની આંખોમાંના આંસુ જોઇ નહિ શકવાથી મેં તેમને વચન આપ્યું કે "તમે રડો નહિ! હું તમને એ કૂતરો વેચાતો અપાવીશ." ત્યાર પછી અમે તેના માલિકને વાજબી કિંમતે તે આપી દેવા યત્ન કરી જોયો પણ જયારે, ધણીએ જોયું કે તે કૂતરો લેવા માટે શાહજાદા કેટલા બધા

આતુર હતા ? એટલે પાંચ દીનાર કે જે તેણે તેની કિંમત માંગી હતી તેનાથી કાંઈ પણ ઓછું લેવા ના પાડી. અમે તેની સાથે રકઝક કર્યા કરી એટલામાં અલમ્હેદીએ ફીરૂજને અમારી પાછળ મોકલ્યો. શું બન્યું હતું એનાથી અમે એને વાકેફ કર્યો અને તે તેઓશ્રીની પાસે ગયો અને જે બન્યું હતું તે કહ્યું. એ ઉપરથી તેમણે તેને પાછો જવા અને જે માંગે તે કિંમત આપવા ફરમાવ્યું કારણકે તે દિવસે અમારી તપાસ માટે કાસદ દમસકસ આવવાનો હતો.

એ મુજબ અમે તે કૂતરો ખરીદી લીધો અને આગળ ચાલ્યા. અમે તે આખો દિવસ અને તે પછીનો આખો દિવસ મુસાફરી ચાલુ રાખી અને ત્રીજે દિવસે તીબીરીયામાં આવી પ્હોંચ્યા. અમે જોયું કે સ્થાનિક દાઈ રસ્તા ઉપર અમારી વાટ જોતો ઊભો હતો. જેવા તેણે અલમ્હેદીને જોયા કે તરતજ તે તેમની નજદિક ગયો અને કહ્યું કે "સંદેશવાહક કબુતર માર્ફત દમસકસના દાઈ તરફથી મને બાતમી મળી છે જેમાં તેણે જણાવ્યું છે કે તમે જે દિવસે દમસકસ છોડયું તેજ દિવસે બગદાદથી એક કાસદ આપ નામદારને

કેદ કરવાના હુકમો ગવર્નર ઉપર લઇને આવ્યો છે.” દાઇએ અલ–મ્હેદી ઓળખાઇ ન જાય એ ખાતર શહેરમાં દાખલ નહિ થવા અરજ ગુજારી; એથી અમે તીબીરીયામાં થોભ્યા વિના અમારી સફર ચાલુ રાખી અને અમે રમલામાં આવી પ્હોંચ્યા.

ત્યાંનો હાકેમ કે જે અલ–મ્હેદીનો ભાવિક મુરીદ હતો એને ત્યાં અમે ઉતર્યા. અલ–મ્હેદીને જોઇને તે એટલો બધો ખુશીમાં આવી ગયો કે તેઓશ્રીની ખિદમત કેમ કરવી તેનું તેને ભાન રહ્યું નહિ. તે તેમને પગે પડયો અને તેમના હાથ અને પગ તેણે ચુમ્યા.

જા'ફર પોતાનું વર્ણન આગળ ચલાવતા જણાવે છે કે;– મને યાદ છે કે, અલ–મ્હેદી, હાકેમ અને અલ–કાયમ તેમજ ફીરૂજ સુફ્રા ઉપર સાથે ખાણુ લેતા હતા, ત્યારે હું, તૈયબ અને અબુ યાકુબ તેમની રહેનાતમાં હતા, તે વખતે જે કાસદને દમસકસ મોકલવામાં આવ્યો હતો, તેજ કાસદ બગદાદથી પોતાની સાથે અલ–મ્હેદીનું નામ અને ઓળખાણ માટેના વર્ણનવાળા કાગળ સાથે અમને પકડવાના હુકમો લઇને આવ્યો હતો, તે દાખલ થયો.

હાકેમે હુકમ વાંચ્યો અને એ કાગળ તેણે તેઓ નામદારના (ઇમામના) હાથમાં આપ્યો. ઇમામે પણ તે વાંચ્યો એટલે હાકેમ તેઓ નામદાર આગળ ઘુંટણીએ પડી રડવા લાગ્યો અને તે નામદારના પગો ચુમવા લાગ્યો એટલે ઇમામે તેને ફરમાવ્યું.

"શાન્ત થા! રડ નહિ! તે કે જેના હાથમાં મારી જાન છે તે કદી પણ મને પકડાવા દેશે નહિ. ખરેખર, અમે હું અને મારો ફરજંદ–તેમના માથાં, બાલથી પકડશું અને મારો ઘોડો અબ્બાસના દીકરાઓના પેટ ઉપર કુદકા મારશે. તું જેવી બીક રાખે છે એવું કાંઇ અમારા સંબંધમાં બનશે એવી ધાસ્તી રાખીશ નહિ."

એથી દમસકસના હાકેમને તેના કાગળના જવાબમાં તેણે લખી જણાવ્યું કે "તમારા વર્ણન માફકનો કોઈ શખ્સ જોવામાં આવ્યો નથી અને તે આ શહેર પાસેથી પસાર થયો હોય એવું પણ જાણવામાં આવ્યું નથી અને તે હજી આ બાજુથી પસાર થયેલ નહિ હોવાથી તેની તપાસ માટે બધા રસ્તાઓ ઉપર ચોકી પહેરો રાખવામાં આવશે."

રવાનગીની સાંજે ફીરૂજ તેમને તજી યમન તરફ નાસી ગયો. (આગળ જતાં) અલ–મ્હેદી ઘણીવાર એમ કહેતા કે "મેં મારા બે અસાધારણ ભકતો જોયા છે કે જેમાંનો એક મારાથી દૂર થવા માટે ઘણોજ દુઃખી થયો અને બીજો મારી હુજુરમાં રહેવા માટે !"

ફીરૂજ યમન પ્હોંચ્યો અને એક ખાનદાન શીયા કુટુમ્બના નબીરા મનસુરલ અલ–યમનની અટકથી ઓળખાતા, અબુલ કાસમ બિન ફરાહ નામનો કુફાનો વતની કે જે ત્યાંનો સ્થાનિક દાઈ હતો તેને ઘેર આવી પહોંચ્યો. તે દાઈ ફીરૂજ માર્ફત ઇમામના સમાગમમાં આવ્યો હતો તેથી જ્યારે તે તેની પાસે ગયો ત્યારે, ઇમામ પાસે તેનો જે દરજ્જો હતો તેને લાયકના ભારે માન અને પુજયભાવ સાથે તે તેને મળ્યો. તેને લેવા માટે તે પોતાના દરવાજાની બ્હાર આવ્યો અને તેને આસન આપીને ફીરૂજે તેને (પોતાની હાજરીમાં) બેસવાની રજા આપી ત્યાં સુધી તે તેની તહેનાતમાં ઉભો રહ્યો. ફીરૂજે તેને કહ્યું કે "ઈમામે મને સંદેશો આપીને અંહિ મોકલ્યો છે અને તને જણાવવા ફરમાવ્યું છે કે અલ–મ્હેદી પશ્ચિમાના લશ્કરો સાથે ઇજીપ્ત ઉપર હુમલો લઇ

જનાર છે અને યમનના લશ્કરો સાથે તેમને જઇ મળે એવો તાલિકો યમનવાસીયો ઉપર લખી મોકલનાર છે.” દાઈ અબુલ કાસિમે ખરેખર તેણે જે કહ્યું તે બધું સાચા તરીકે માની લીધું.

ફીરૂજ પોતે શું કરી રહ્યો હતો તેનું તેને બેશક ભાન હતું, અને એ બાબતમાં પણ તેને શક ન્હોતો કે ઇમામ, દાઇને તેણે કરેલા દ્રોહ માટે જરૂર લખશે અને તે માટે જરૂરી પગલાં લેવા તેને હુકમ ફરમાવશે. તેણે અબુલ કાસિમના એક યુવાન નોકરને તેના શેઠ પાસેથી જે મળતું હતું, તેથી ઘણી વધારે લાંચ આપીને ફોડયો અને એ મુજબ તે નોકર દાઇના ઘરમાં તેના જાસુસ તરીકે બની ગયો. જે કાંઇ બનતું તે સંબંધી બધી બાબતની બાતમી રાત્રે કે દિવસે ગમે ત્યારે તેને કહી મોકલવા તેને સૂચના આપવામાં આવી હતી અને એ જાસુસ દરેક ચીજની તેને બાતમી પુરી પાડતો હતો.

ત્યારબાદ અલ-મ્હેદીના કાગળ સાથે ફીરૂજના જમાઈ અબુ-અલીનો કાગળ આવ્યો જેમાં મજકુર (ફીરૂજ)નું ભોપાળું ફોડવા સાથે તેને કતલ કરવાને

અલ-મ્હેદીનો હુકમ હોવાની જાણ કરી હતી. જ્યારે પત્ર આવ્યો ત્યારે તરતજ પેલા જાસુસે ફીરૂજને ખબર આપી દીધી અને તે તુર્તજ નાસી છુટયો જ્યારે દાઇએ તેને બોલાવવા માણસ મોકલ્યું ત્યારે તો તે કયાંક ચાલ્યો ગયો હતો તેની કોઇને ખબર ન્હોતી.

દાઇએ દરેક જગ્યાએ તેની તપાસ કરાવી એટલે તેને ખબર પડી કે ફીરૂજે અલી બિન અલ ફઝલ જયશાનીને મળી તેને દ્રોહ કરવા અને બળવો જગાડવા ઉશ્કેરેલ છે. જ્યારે દાઈને આ બધી બાતમી મળી અને જોયું કે તે જગ્યાના લોકો અને શેખોની મદદથી ફીરૂજે પોતાને ઇમામ તરીકે જાહેર કરેલ છે એટલે તેણે એક બળવાન લશ્કર સાથે તેમના ઉપર હુમલો કર્યો અને એક લાંબી લડાઈ પછી આખરે તેમને કચડી નાંખ્યા અને તે બેઉને કતલ કર્યા.

(અલ-મ્હેદીની વાત ઉપર પાછા આવતાં) જા'ફર જણાવે છે કે જ્યારે તેઓ નામદાર ઇજીપ્ત અને તાહુન વચ્ચે કાફલા સાથે સફર કરતા હતા ત્યારે તેમના ઉપર બર્બર લોકોએ હુમલો કર્યો અને કાફલો

લુંટયો જેમા તેઓ ઇમામના સરંજામમાંથી કેટલોક માલ લુંટી ગયા જેમાં તેઓશ્રીએ કેટલીક કિતાબો ગુમાવી જેમાં સંખ્યાબંધ સ્પષ્ટીકરણો હતા. બીજી વસ્તુઓના જવાથી તેમને જેટલું દુઃખ ન થયું, તેથી વધારે એનાથી થયું, પણ અલ કાયમ જ્યારે ઇજીપ્ત ઉપર પ્હેલી ચડાઇ લઈ ગયા ત્યારે ખુદાવન્દતઆલાએ આ કિતાબો પાછી મેળવી આપી.

જ્યારે અલ–મ્હેદી ત્રીપોલી પહોંચ્યા ત્યારે ફકત તૈયબ અને કેહરમાન સિવાય કાફલાના બધા માણુસો ચાલ્યા ગયા. તેઓશ્રીએ (કુતામા જીલ્લાના દાઈ) અબુ અબ્દલ્લાહના ભાઇ મહમદ બિન અહામદને કતામા કબીલાના જે માણુસો ઇમામની હુજુરમાં સલમીયા મોકલવામાં આવેલ હતા તેમની સાથે કેરવાન તરફ રવાના કર્યો. તેનું કામ આ માણુસો સાથે તેના ભાઇ પાસે પહોંચી જવાનું અને તેને અલ–મ્હેદીના આગમનનાં ખબર આપવાનું હતું. પણ અબુલ અબ્બાસ કેરવાન પહોંચ્યો ત્યારે તેને ખબર પડી કે મગરીબના રાજ્યકર્તા ઝિયાદુતલ્લાહને, અલ–મ્હેદી કે જેની ઓળખ આપતું વર્ણન સાથે હતું તે, ઇજીપ્તમાંથી ગુમ થયેલા હોવાના ખબર આપી તેમને કેદ પકડવાના

અમીર, હાશમી ખાનદાનનો વેપારી છે, અને જે માણસની શોધ ચાલે છે તે શખ્સ તો એ કાસદ આવ્યા પ્હેલા ક્યારનો યમન તરફ રવાના થઇ ગયો હોવાની બાતમી મળી છે."

અયાશે પોતાના પરોણા બાબત જે કાંઇ કહ્યું તે હાકેમે માની લીધું પણ તેને કહ્યું કે (મધ્યસ્થ સરકારના) છુપા જાસુસોની ધાસ્તીને લીધે, અલ–મ્હેદીના નોકરોમાંથી એકની ધરપકડ કરી તેને ચોકસી કરનારાને સોંપવાની ખાસ જરૂર છે; બાકી એ સિવાય તે અને તેમના મ્હેમાન પોતાને યોગ્ય લાગે તેમ કરવાને છુટા છે. જા'ફર ઉમેરે છે કે જે નોકરની ધરપકડ કરવામાં આવી અને જેની ચોકસી કરવામાં અટકમાં રાખવામાં આવ્યો અને થોડાંક ફટકાઓ કે જેનાથી તેને કાંઈ ઈજા ન થઈ, એ મારવામાં આવ્યા તે, તે પોતેજ હતો.

મારી ધરપકડ થયાં પહેલાં અલ–મ્હેદીએ મને બોલાવ્યો અને કહ્યું કે "ચોકકસી માટે અધિકારીઓને સોંપવા તારી પસંદગી કરવામાં આવી છે તેથી

માઠું લગાડતો નહિ." તેઓશ્રીનો ઈરાદો મને તેઓશ્રીના ફરમાનથી મેં જમીનમાં દાટેલા (દોલતથી ભરેલાં) બે ચરૂ લાવવા સલમીયા પાછો મોકલવાનો હતો. કારણ કે તેની દાટવાની જગ્યાની મારા સિવાય બીજા કોઈ નોકરને ખબર ન્હોતી. અલ-મ્હેદીએ મને સૂચના આપી કે "જ્યારે તને પુછવામાં આવે ત્યારે તારે કહેવું કે હું આઝાદ શખ્સ છું. મને અમુક પગારે શેઠે નોકરીયે રાખ્યો હતો અને મેં મારા શેઠની નોકરી થોડો વખતજ કરેલ હોવાથી મને સ્વાલ પુછવા નકામા છે. મારો બાકીનો પગાર જતો કરીને હું હવે તેને છોડી દેવા અને મારે વતન પાછો જવા માંગુ છું."

તેઓ નામદારની સૂચના મુજબ બધું કરવામાં આવ્યું અને હાકેમે મને જ્યારે છોડી મુકયો ત્યારે રાતને વખતે મેં અલ મ્હેદીની મુલાકાત લીધી અને તેઓશ્રીએ મને બીજે દિવસે સવારે રવાના થઇ જવા હુકમ ફરમાવ્યો અને હું સલમીયા પ્હોંચીને દોલત ખોદી કાઢું નહિ ત્યાં સુધી રસ્તામાં આડાઅવળા નહિ જવા ફરમાવ્યું. ત્યારબાદ મારે કેટલુંક કાપુસ ખરીદ કરી તેમાં ખજાનો છુપાવી તરતજ પાછું ફરવાનું હતું. તેઓ નામદારે મને કહ્યું કે "સલમીયામાં

મહમદ બિન અઝીઝ, અબુલ લીયાસ નામનો તેનો પુત્ર અને તારી બ્હેનના દીકરા હુસન સિવાય બીજા કોઇની પણ નજરે પડી નહિ જવાય એ બાબતમાં તારે સાવચેત રહેવું." તેઓશ્રીએ મને વચન આપ્યું કે "મગરીબમાં ટ્રીપોલી આગળ હું તારી રાહ જોઇશ અને તને જોઇશ નહિ ત્યાં સુધી ત્યાંથી ખસીસ નહિ."

અત્યાર સુધી અમે યમન તરફ જવાના હતા એમાં અમને કોઈને કાંઈ શક ન્હોતો. તે રાત સુધી અલ-મ્હેદીએ પોતાનો ખરો ઈરાદો મગરીબ તરફ જવાનો છે એવું કદી પણ જાહેર કર્યું ન્હોતું. આથી તેમના સાથેના દરેકમાં નિરાશા ફેલાઇ ગઈ અને મગરીબના ફકત નામ લેવા તરફ દરેકને ધિક્કાર છુટયો પણ અમારામાંથી સહુથી વધારે નાસીપાસી ફીરૂજને ઉપજી.

સવારમાં, જા'ફર પોતાની વાત લંબાવતા કહે છે કે, હું મને થયેલાં ફરમાન મુજબ સલમીયા તરફ રવાના થઈ ગયો. ઇજીપ્તમા મારી જે કસોટી થઈ હતી તે મારા માટે આવા પ્રકારનો પ્હેલોજ દુઃખદ અનુભવ હતો પણ તે વગર સીજીલમસમાં મારી

બીજી જે કસોટી થઈ તે હું સહીસલામત પસાર કરી શકયો ન હોત.

જ્યારે ફીરૂજને પૂરેપૂરી ખાત્રી થઇ કે, અલ–મ્હેદી ખરેખર મગરીબ તરફ જવાનો ઇરાદો રાખે છે એટલે તેની ભાવિકતા અદૃષ્ય થઈ ગઈ અને ઇમામને છેતરવાનો તેણે નિર્ણય કર્યો. ઉપર જણાવ્યુ તેમ તેણે પોતાની દીકરી ઇજીપ્તના દાઇ અબુઅલીને ઘેર આપી હતી. અબુઅલીને એક ફરજંદ હતો જેનું નામ અબુલ હુસેન બિન અલી હતું. તે અલ–મ્હેદી, અલ-કાયમ, અલમનસુર અને અલ મોએઝની ખીદમત કરતો કરતો ઉંચ્ચ દરજ્જે પ્હોંચ્યો હતો અને (છેવટે) મુખ્ય દાઇ બન્યો હતો. આ દાઇ અબુઅલીએ અલ-મ્હેદી પાસે ઘણીજ આજીજી કરી તેમની સાથે લઈ જવા માંગણી કરી કે જેથી તેને ઈમામનો વિયોગ સહન કરવો ન પડે પણ અલ–મ્હેદીએ તેની માંગણી કબુલ રાખી નહિ અને તેને તે તેની પાસે આવવા શક્તિવાન બને એવો વખત આવે ત્યાં સુધી ઈજીપ્તમાંજ રહેવા ફરમાન કર્યું; આથી તે ઘણોજ નાસીપાસ અને દુઃખી થયો.

જ્યારે અલ–મ્હેદીએ ઇજીપ્ત છોડયું ત્યારે તેમની

હુકમો મળ્યા હતા અને તેની તપાસ કરવા તેને સૂચના આપવામાં આવી હતી. કેટલાક માણસો કે જે તેજ કાફલામાં સાથે મુસાફરી કરતા હતા તેમણે, અધિકારીઓને ખબર આપ્યા કે "જે માણસની તપાસ ચાલે છે તે ત્રીપોલીમાં રોકાયેલ છે. પણ અબુલ અબ્બાસ મહમદ બિન અહામદ તેના સાથીઓમાંનો એક છે." તેણે (અલ અબ્બાસે) કોઇપણ જગ્યાએ આશ્રય મળે એ માટે કોશેશ કરી પણ તેમાં તે ફાવ્યો નહિ; કારણ કે તેને કોઈ એવો ઓળખીતો શખ્સ મળ્યો નહિ કે જેના ઉપર તે વિશ્વાસ અને ભરૂષો મુકી શકે એટલે આખરે તે પકડાઈ ગયો અને તેની તપાસ લેવામાં આવી. તેણે તે પોતે એક સાધારણ વેપારી હતો અને તેને અલ—મ્હેદી સાથે કોઈ પણ જાતની નિસ્બત ન્હોતી એવું ભારપૂર્વક જણાવ્યું છતાં તેને કેદખાનામાં પુરવામાં આવ્યો અને એ બાબતના ખબર અલ—મ્હેદીને પહોંચી ગયા.

જે ખજાનો લેવા મને મોકલવામાં આવ્યો હતો તે લઇ હું પાછો ફર્યો અને અલ—મ્હેદીને આવી મળ્યો. જાંફર પોતાનું વર્ણન આગળ ચલાવતાં કહે છે

કે, આ પછી તરતજ કારસ્તેલીયા થઇને સીજીલ-મસની સફરે જવાના ઇરાદાથી એક કાફલો બનાવવામાં આવ્યો. મારા અંહી સલામત પાછા ફરવા માટે અને પોતાનો ખજાનો પાછો મેળવી શકવા માટે તેઓશ્રીએ ખુદાવન્દતઆલાના શુકરાના અદા કર્યાં.

આ મુજબ અલ-મ્હેદી અમને પોતાના ખાદિમો તરીકે સાથે રાખીને કારસ્તેલીયા જીલ્લાના સમાતા તરફ આ કાફલા સાથે રવાના થયા. અમે તુઝાર શહેરમાં થોભ્યા અને ત્હેવાર ઉજવવાના હેતુસર થોડા દિવસ રોકાણા અને ઇદને દિવસે અમે સીજીલમસ તરફ રવાના થયા.

જા'ફર કહે છે કે મને યાદ છે કે જ્યારે અમે ત્યાં રોકાયા હતા ત્યારે એક વખત અલ-મ્હેદીએ મને એક ન્હાનું ભરાવદાર ઘેટાનું બચ્ચુ શોધી ખરીદી તે શેકી બધાને પિરસવા ફરમાવ્યું હતું. હું એ ગોતવા નિકળ્યો. મને એક સ્થાનિક રહેવાસીયે એવું એક નંગ આપવાનું કહી પોતાને ઘેર બોલાવ્યો. હું તેની સાથે ગયો. તે મને પોતાના ઘરની અંદર લઇ ગયો જ્યાં મેં એક મજબુત સાંકળથી બાંધેલા (હુમલો કરવાને તૈયાર) લાલઘુમ આંખોવાળા અને ગુચ્છાદાર

વાળવાળા કૂતરાને જોયો. ધણીએ મને કહ્યું કે તે તેને બે માસ થયા અંગુર ખવરાવે છે. તે હાલીચાલી ન શકે એટલા ખાતર તેને સાંકળથી બાંધી રાખેલ છે. તેના ઉપર એટલી બધી ચરબી વધી ગઈ છે કે તેની ચામડી તેના શરીર ઉપર મજબુત ચીટકી ગઇ છે. આ ઉપરથી જણાય છે કે સ્થાનિક લોકો ઘેટાનાં બચ્ચાંના નામ નીચે કૂતરાઓનો ભક્ષ કરે છે, એથી એ કૂતરો સાંકળ સાથે મારા ઉપર કુદ્યો—એક કુતરો જ્યારે હુમલો કરે છે ત્યારે સિંહ જેવો ભયંકર દેખાય છે. મને લાગ્યું કે તે હમણા સાંકળ તોડી મારૂં પેટ ચીરી નાંખશે એટલે હું મારામાં જેટલી તાકાત હતી તે સાથે, જીન્દગીથી હાથ ધોઇ નાંખીને, તે ઘરમાંથી બ્હાર પડી નાઠો અને ઘરધણી (મને પાછો ફરવા) બુમો પાડી બોલાવવા લાગ્યો, પણ મારામાં પાછા ફરવાની હિમત ન્હોતી. મારા પેટમાં ધ્રાસકો પડી ગયો હતો. અંતે હું અર્ધો ગાંડા જેવો, છાતી ઉપર હાથ રાખીને અલ-મ્હેદીના મ્હેલમાં ઘુસી ગયો. જ્યારે તેઓશ્રીએ મને આટલો બધો ગભરાયેલો અને ફિક્કા ચ્હેરા સાથે જોયો ત્યારે તેઓ નામદારે મને મારી ગભરામણનું કારણ પુછ્યું. મેં જવાબ આપ્યો “ઓ

મારા મૌલા, આ શહેરના લોકો ઉપર લઆનત હોજો." અને પછી તેમણે જે ચીજની શોધ કરી લઇ આવવા મને ફરમાન કર્યું હતું તે ગોતી લાવવા હું કેમ ગયો અને તેનું શું પરિણામ આવ્યું તે આખી વાત મેં તેમને કહી સંભળાવી અને જ્યારે હું એ વાત કરતો હતો ત્યારે તેઓશ્રી અને મારા મૌલા અલ–કાયમ પેટ પકડી હસતા હસતા હું શાન્ત થયો ત્યાં સૂધી મને દિલાસો આપતા હતા.

ત્યાર પછી એક યા બે દિવસે અલ–મ્હેદીએ મને એક હજામને બોલાવી લાવવા કહ્યું અને સૂચના કરી કે "આ શહેરથી અજાણ્યો પરદેશી હોય એવા કોઇને લઈ આવ." એ ઉપરથી હું ગયો અને નસીબજોગે મને એક હજામ મળી ગયો કે જેના અંગ ઉપર મુસાફરીના ચિન્હો દેખાતાં હતાં. મેં તેને પુછ્યું કે "તું આ ગામમાં નવોજ આવ્યો છે?" અને તેણે જવાબમાં "હા" કહ્યું. મેં તેને પુછ્યું કે "તું આ શહેરમાં ક્યારે આવ્યો?" ત્યારે તેણે મને કહ્યું કે "બે દિવસ પહેલાં આવ્યો છું." હું તેને મારી સાથે ઘેર લઈ ગયો અને મેં અલ–મ્હેદીને કહ્યું કે આ પરદેશી છે. જ્યારે ઇમામે તેને જોયો એટલે તેઓશ્રીએ તેને તેનું

નામ, મૂળ વતન અને તે કોઇનો ગુલામ હતો કે આઝાદ શખ્સ હતો વગેરે પુછ્યું. જ્યારે તેઓશ્રી કોઈ પણ માણસને પ્રથમવાર જોતા ત્યારે તેની સાથે ઓળખાણ પાડયા પ્હેલાં અને તેની સાથે વાતચિતમાં ઉતર્યા પ્હેલાં તેનું નામ, તેની જન્મભૂમી વિષે પુછવાની તેમની આદત હતી.

એ મુજબ જ્યારે તેઓશ્રીએ હજામને પોતાના હમેશાંના સ્વાલો પુછ્યા ત્યારે તેણે જણાવ્યું કે "હું કેરવાન-ઇફ્રિકીયાનો વતની છું. મેં મારૂં વતન લાંબા સમય પ્હેલાં છોડી કુતામા જીલ્લામાં બધો સમય વિતાવ્યો છે અને ત્યાંથી હું આ શહેરમાં આવ્યો છું."

ઈમામે તેને પુછ્યું કે "લોકોના કહેવા મુજબ ત્યાં તો ભારે ઉશ્કેરણી ચાલે છે અને એ દેશ ઉપર પાખંડી મતવાળાઓ રાજ્ય કરે છે! એવા કુતામા જીલ્લામાં તું દાખલ કેમ થઇ શકયો? અને ત્યાં કેમ રહી શકયો?" આના જવાબમાં હજામે કહ્યું કે "વલ્લાહ! કુતામા જીલ્લામાં જેવી સુનીતિભરી રાજ્ય વ્યવસ્થા છે તેથી વધુ સારી બીજે કયાંય નથી." એ ઉપરથી અલ-મ્હેદીએ ટકોર કરતાં કહ્યું કે "એક

પરાણે ધણી થઈ બેઠેલા અજાણ્યા પરદેશીના રાજ્ય અમલ માટે બધી જગોએ જે કહેવામાં આવે છે તેનાથી તું કહે છે તે બિલકુલ ઉલ્ટું છે. લોકો કહે છે કે લોકોને તે પાખંડી મતમાં વટલાવે છે અને પોતાની દીકરીયો અને બ્હેનોને (પરણવાનું) તેમને માટે વાજબી ઠરાવે છે વળી તેમને રોજા નહિ રાખવા કે નિમાઝ નહિ પડવાની છુટ આપે છે.”

આના જવાબમાં હજામે કહ્યું “કસમ ખુદાના કે જેના સિવાય બીજો ખુદા નથી, ખરી રીતે ત્યાં એવું કાંઈએ નથી અને કુતામા જીલ્લામાં એ સખ્સ જે મજહબ સંબંધી બોધ કરે છે એ મજહબ સિવાય દુનિયામાં બીજો કોઈ સાચો મજહબ નથી.”

ઇમામે તેને પૂછ્યું “એ શખ્સના રાજ્ય અમલ માટે જ્યારે બીજું કોઈ સારૂં બોલતું નથી ત્યારે એવો તે તને શો અનુભવ થયો છે કે જેથી રાજી થઈ તું એના રાજ્યઅમલના આટલા બધાં વખાણ કરે છે !”

એના જવાબમાં તેણે જણાવ્યું કે “મારો એક ભાગીદાર હતો કે જેને મેં સાતિક શહેરમાં આવી

એક માસ માટે ધંધો કરવા લલચાવ્યો. અમને ખુદા જે કમાણી આપે તે અમે વ્હેંચી લેતા હતા. અમે સાતિક ગયા અને જયારે અમે શહેરમાં દાખલ થતા હતા ત્યારે અમને દરવાજે અટકાવવામાં આવ્યા અને અમને કહ્યું કે "શહેરમાં હથિયારો લઇ જવાની મનાઈ છે." અમે તેમને અરજ કરી કે "અમારું અંહિ કોઇ ઓળખિતું નથી કે જેને અમે અમારા આ હથિયારો સાંચવવા આપી ગામ બ્હાર રાખી શકીયે." પણ રખેવાળે અમને કહ્યું કે "તમે તમારા હથિયારો શહેરના ગઢની આ રાંગ આગળ ફક્ત ફેંકી દ્યો ને ચાલ્યા જાઓ."

અમે તેને પુછયું કે "આવી રીતે અમે અમારા હથિયારો ફક્ત ફેંકીને કેમ ચાલ્યા જઇ શકીયે?" અને તેણે અમને ખાત્રી આપી કે "તેની સહીસલામતી માટે તમારે બેફિકર રહેવું."

એ મુજબ અમે એને ત્યાં મુકી દીધા અને શહેરમાં દાખલ થયા અને અમે ત્યાં ઘણો લાંબો વખત સુધી રહ્યા; કારણ કે એક વખત ત્યાં વસવાટ કર્યા પછી તેને છોડી દેવું અમને ભારે લાગતું અને અમે ત્યાં

એક મહિનો રોકાણા, પણ જ્યારે અમે તે છોડી ગયા ત્યારે અમને એક પણ ગુમ થયાં વગર બધાં હથિયારો સહીસલામત મળી ગયા; ઓ મારા મૌલા, આ છે ત્યાંની જીવન વ્યવસ્થા કે જે એ શખ્સે સ્થાપી છે અને જેને માટે તે પાખંડી અને નાસ્તિક હોવાના તહોમતભરી ગપો ઉડે છે."

જા'ફર વધુમાં જણાવે કે "અને મેં જોયું કે (એ સાંભળી) અલ-મ્હેદીનો ચ્હેરો (ખુશીમાં) ખુબ ખીલી ઉઠયો હતો." જ્યારે હજામે પોતાનું કાર્ય પુરૂં કર્યું એટલે તેને સારી રકમની નવાજેશ કરી જવા દેવા ફરમાવ્યું.

"અને એક બીજા પ્રસંગે." જા'ફર કહે છે "હું રીંગણા ખરીદવા ગયો પણ એક વેપારી કે જે મારી જીન્દગીમાં કદી નહિ જોયેલો એવો જબ્બર હરામજાદો રવાર થયો તેની દુકાન સિવાય કયાંઇ સારા રીંગણા મને દેખાયા નહિ. તેણે મારી સાથે સોદો કરવા માટે ખાસા બે કલાક લીધા અને મને જેવા જોઇતા હતા તેવા રીંગણા મેં વીણી ખરીદી લીધા એટલે હું તેને પૈસા ગણી આપવા લાગ્યો પણ જે જે સીક્કો તેને

હું આપતો તે "આતો બોદો છે; આતો ઘસેલો છે" એમ કહી પાછો આપવા લાગ્યો. આમ કરવામાં તેનો હેતુ મને ખીજવવાનો હતો અને એ બાબતની થોડા વખત પછી મને ખાત્રી થઈ ગઈ. જ્યારે તે સમજ્યો કે તેની ચાલાકી હું સમજી ગયો છું એટલે તે મારા તરફ કૂદ્યો અને બુમો પાડી લોકોનું ટોળું ભેગું કરવા લાગ્યો અને "રાફઝી" તરીકે તે મને સંબોધવા લાગ્યો. તેણે મારા ગાલ ઉપર ઉઝરડા ભર્યા, મારા પડખામાં લાતો મારી અને મારા ચ્હેરા ઉપર ઠોંસા માર્યા. તેનાથી છુટવા મને ખૂબ મહેનત કરવી પડી.

તે પછી ઘણા વખતે-જા'ફર કહે છે-અલ-મ્હેદીએ ઈફ્રીકીયા જીતી લીધા પછી હું ત્યાં આવ્યો ત્યારે એક વખત એવા સમાચાર મળ્યા કે "ત્યાંના રાજ્યકર્તા ઝીયાદુતુલ્લાહના નાસી જવાથી, મોકો જોઈ કોઇ શખ્સે એક ટોળકી ઊભી કરી શહેરનો કબજો લઈ લીધો છે." એ ઉપરથી ઈમામે એ શહેરમાં એક હાકેમને મોકલ્યો જેણે બળવાખોરને કેદ કરી તેને રકદામાં ઇમામ મ્હેદી પાસે મોકલી આપ્યો. જ્યારે બળવાખોરને ત્યાં લાવવામાં આવ્યો ત્યારે ઇમામે મને કહ્યું "બ્હાર જા, અને એને પૂછ કે તેં શા માટે

બળવો ઉઠાવ્યો ?" હું તેને જોવા બ્હાર ગયો અને મારા આશ્ચર્ય વચ્ચે મેં, જે શખ્સે મને રીંગણા વેચાતા આપ્યા હતા તેને મારી સામે ઊભેલો જોયો. હું અલ–મ્હેદીની હુઝુરમાં પાછો ફર્યો અને એ ખબર મેં તેઓશ્રીને આપ્યા. તેઓશ્રી હસ્યા અને મને કહ્યું "ખુદાવન્દતઆલાની તારીફ કર કે જેણે તેને તારા વેરની વસુલાત માટે તને સુપ્રત કર્યો છે. જા અને તેનું માથું ઉડાવી દે." તેના ઉપર ખુદાની લઆનત હોજો.

તે પછી હું તેને લઈને કેરવાનના દરવાજા પાસે ગયો અને તેને ભાલા ઉપર ચડાવીને તેનું ડોકું ઉડાવી દીધું.

પોતાના મુળ વર્ણન ઉપર આવતા જા'ફર કહે છે. એ મુજબ અમે ઈદ પ્હેલાં થોડાક દિવસો તુઝારમાં ગાળ્યા અને ઈદ નિમાઝ પડયા બાદ તેજ દિવસે અમે ત્યાંથી રવાના થયા. તહેવાર ગુજારવા થોડો વધારે વખત રોકાવા અને બીજે દિવસે રવાના થવા અમે અલ–મ્હેદીને અર્જ ગુજારી પણ તેઓશ્રી તેમાં સંમત થયા નહિ. કાફલાનો આગેવાન અને બીજા બધા લોકો કે જેઓ તેમને તેમની ઉદારતા માટે ભારે વખાણતા

હતા તેમણે તેમને દરેક પ્રકારની મદદ કરી. ત્યાર બાદ અલ-મ્હેદી ભોમીયા અને કાફલા સાથે પોતાના ઉપર પોતાના મહાન કાર્યની જે જવાબદારી હતી તેના ખ્યાલથી રવાના થઈ ગયા.

અમે રણ ઓળંગીને સીધા સીજીલમસ તરફ ચાલ્યા. તે દિવસે અમે અત્યંત થાકી ગયા; કારણ કે અલ-મ્હેદીએ ભોમીયાને કયાંઈ થોભવા દીધો નહિ. દરેક જણ થાકથી અત્યંત પિડાતો હોવાથી, ભોમીયાને તેઓ ઠપકો આપવા લાગ્યા પણ તેણે કહ્યું કે "અબુ-મહમદે (એટલે અલ-મ્હેદીએ) મને એવો હુકમ આપ્યો છે કે સીજીલમસ પ્હોંચાય નહિ ત્યાં સુધી કયાંઈ પણ મુકામ કરવાનો નથી અને તેથી મારાથી તેમની નાફરમાની થઈ શકે નહિ." એટલે રાત પડી ત્યાં સુધી અમે ચાલ્યા કર્યું અને જ્યારે અમે મુકામ કર્યો ત્યારે ઈમામે અમને કહ્યું કે "આપણને કેદ પકડવાના હુકમ સાથે એક કાસદ આજે તુઝારમાં આવી પ્હોંચ્યો છે." અને ખરેખર એમજ બન્યું હતું.

ત્યાર બાદ અલ-મ્હેદીએ ભોમીયાને પૂછયું કે "આજે આપણે કેટલી મજલ કાપી છે?" પેલા

શખ્સે જવાબ આપ્યો કે "આપણે ચાર મજલ કાપી કાઢી છે." (બીજે દિવસે) પણ અમે **સીજીલમસ** પ્હોંચ્યા નહિ ત્યાં સુધી કયાંઇ ખોટી થયા નહિ. આ જગ્યાનો હાકેમ એક બરબર કોમનો શખ્સ નામે અલિસા બિન **મી**દરાર કરીને હતો.

**સીજીલમસ** પ્હોંચ્યા પ્હેલાં અલ-મ્હેદીને એક સુંદર દેખાવનો સદ્આચારવાળો શખ્સ મળ્યો કે જેની સાથે તેનો ફરજંદ હતો અને તેઓ વેપારના કામકાજ માટે મુસાફરી કરી રહ્યા હતા. જ્યારે તેઓ બન્ને સાથે ઘોડેસ્વાર થઇ ચાલતા હતા ત્યારે અલ-મ્હેદીએ તેનું નામ મુળ વતન વગેરે પૂછી જોયું અને જવાબમાં તેણે પોતે કેરવાનનો રહીશ મુતાલીબી નામે હતો એમ જણાવ્યું. અલ-મ્હેદી તેમની સાથે વાતોએ વળગ્યા અને તેને પોતાનો દોસ્ત બનાવ્યો અને તે શીયા વંશનો જણાયાથી તેમના તરફ ચાહ ધરાવવા લાગ્યા. તેઓશ્રીએ તેને ચિવટાઇથી તપાસી જોયો અને તેની માન્યતાથી સંતોષ થવાથી તેમને પોતાના મુરીદ તરીકે સ્વિકાર્યા. જ્યારે અમે **સીજીલમસ** પ્હોંચ્યા ત્યારે અબુ હુબાશ નામના શખ્સનું એક સુંદર મકાન અલ-મ્હેદી માટે અમે ભાડે રાખી લીધું.

તેજુરીના ખજાનચી મુહમદ બિન મુહમદ અલ–યમની તાહીર કહે છે કે જ્યારે સીજીલમસમાં અલ–મ્હેદીની પધરામણીની હકીકત મારી રૂબરૂમાં છેડવામાં આવી ત્યારે ટ્રેઈનર (ઘોડાને કેળવનાર) અલુશ પાસેથી સાંભળેલી એક વાત તેણે મને કહી કેઃ—

તેણે કહ્યું "જ્યારે અમે મનસુરીયાના તબેલામાં હતા ત્યારે અલ મોએઝ દીનીલ્લાહ સખ્ત તાપને લીધે શ્વાસ લેવાની તકલીફ થતાં અચાનક ત્યાં આવી લાગ્યા. તેઓશ્રી એક ઠંડી જગ્યા કે જ્યાં ઘણી હવા હતી ત્યાં આવીને બેઠા અને તબેલાના ઘોડાઓ નિરખવા લાગ્યા. તેઓશ્રી થોડીક વાર ત્યાં આરામ લેવા બેઠા હતા એવામાં હુજુરી જા'ફર ત્યાં આવી ચડયો. ઈમામ અલ મોએજે તેને પુછ્યું કે "આવા અણધાર્યા વખતે તારૂં કેમ આવવું થયું?" તેણે જવાબમાં અર્જ ગુજારી કે "મને એવી ખબર મળી કે મૌલાના ઈમામ મ્હેલના ઝનાનખાનામાંથી તબેલા તરફ સિધાવેલ છે. હું જાણું છું કે ઇમામ દિવસના આવા વખતે સખ્ત અકળામણ થયા વગર એમ કરે નહિ; એટલે હું આપ નામદારનું દિલ બ્હેલાવવા અને આપને આનંદ આપવા આવ્યો છું."

ઈમામે કહ્યું કે "સખ્ત ગરમીને લીધે ખરેખર હું બ્હાર આવ્યો છું કે જેથી ખુલ્લી હવાવાળી જગ્યામાં આરામ લઉં અને મારા ઘોડાઓને નિરખવાનો આનંદ મેળવું."

ત્યાર પછી જા'ફરે અર્જ ગુજારી કે "આપ નામદાર રજા આપો તો જે પ્રસંગે હું જાતે હાજર હતો એવા, જ્યારે અલ–મ્હેદી સીજીલમસમાં વસવાટ કરતા હતા ત્યારે બનેલા આવા એક પ્રસંગની વાત કહું કે જે સાંભળી આપ ઈમામને આવી ગરમીમાં કાંઇક રાહત મળશે." ઈમામે રજા આપી અને તેણે કહ્યું.

અમે સીજીલમસમાં અબુ હબશાના મકાન તરીકે ઓળખાતા એક મકાનમાં રહેતા હતા અને તેની બાજુમાં એક બગીચો હતો. મકાનમાંથી બગીચામાં દાખલ થવા એક દરવાજો હતો. આજના જેવા ઉન્હાળાના એક સખ્ત તપતા દિવસે અલ–મ્હેદીને ભારે અકળામણ થવા લાગી. તેમણે અમને બગીચા તરફનો દરવાજો ખોલી હવાવાળી ખુલ્લી જગ્યામાં એક ગાલીચો બિછાવવા ફરમાવ્યું કે જેથી તેઓ

નામદાર એ દિવસની અસહ્ય ગરમીમાં ત્યાં આવી બેસે. અમે બગીચા તરફનો દરવાજો ખોલ્યો અને યોગ્ય જગ્યાની શોધ કરવા લાગ્યા અને એક વિશાળ ઝાડના છાંયડાવાળી જગ્યા અમે શોધી કાઢી.

અમે અંહિ ગાલીચો બિછાવ્યો અને તેઓ નામદાર અલ કાયમ સાથે પધાર્યા અને બેઉ નામદારો તે ઝાડ નીચે બિરાજ્યા. થોડા વખત પછી અલ કાયમ કેટલાક ખાદિમો સાથે બગીચામાં લટાર મારવા ચાલ્યા ગયા અને અચાનક એક થોડાક પાણીવાળા ઝરા પાસે આવી લાગ્યા. તેઓ નામદાર તેના કાંઠે બેસી ગયા અને પોતાના હાથ અને મ્હોં ધોયા અને પોતાના પગો પાણીમાં મૂકયા અને જેવા તેઓ નામદારે પોતાના પગો પાણીમાં મૂકયા કે તરતજ ઝરામાં પાણી ઝડપભેર વધતું વધતું વ્હેવા લાગ્યું. માળી કે જેણે આ જોયું તે તરતજ એકાએક બુમો મારવા લાગ્યો કે "વલ્લાહ! મ્હેદી મારી પાસે છે." આવી બુમો કોણ મારતો હતો તેની તપાસ કરવા અને તેને પોતાની પાસે લઇ આવવા અલ–મ્હેદીએ હુકમ કર્યો.

અમે બધા પેલા માળી પાસે દોડી ગયા અને તેને બુમો મારતો અટકાવીને ઇમામ પાસે લઇ આવ્યા.

અલ–મ્હેદીએ તેને પુછયું કે "આવી રીતે બુમો મારી અમને જાહેર કરી તું અમારા ઉપર શા માટે ભયંકર આફત ઊતારે છે? તેં કેમ જાણ્યું કે હું મ્હેદી છું. તું શું અમારા ઉપર જાસુસ તરીકે ચોકી કરે છે?"

આના જવાબમાં માળીએ અર્જ ગુજારી કે "આ બગીચામાં એક ઝરો હતો કે જેમાં નહિ જેવું પાણી હતું અને બુઢાઓ કહેતા હતા કે જ્યાં સુધી આ બગીચામાં અલ–મ્હેદી દાખલ નહિ થાય અને પોતાના ખુદના અથવા તેમના ફરજંદના પગ આ ઝરામાં નહિ મૂકે ત્યાં સુધી એ ફરીથી વ્હેતો થશે નહિ અને આજે મેં મારી સગી આંખે તેઓએ જે ભવિષ્ય ભાખ્યું હતું તે મુજબ થયેલું નજરે જોયું છે."

અલ–મ્હેદીએ તેને કહ્યું કે "જ્યારે તેં એ જોયું છે તો હવે પછી તું ખામોશ રહેજે અને મુર્ખાઈ કરીને અમારી જીન્દગી જોખમમાં મૂકીશ નહિ."

"અરે નહિ રે, ખુદાના કસમ." માળીએ જવાબમાં અર્જ ગુજારી "ઓ મારા માલિક, જો હું આપ નામદારને મારા શરીરમાં છૂપાવીને મારી આંખોની

કીકીથી ઢાંકી શકતો હોઉં તો, ખરેખર હું તેમ કરૂં; પણ મારે આપ નામદારને થોડીક વાત પૂછવી છે." અને જ્યારે અલ–મ્હેદીએ તે શું પૂછવા માંગતો હતો એમ પૂછયું ત્યારે તેણે કહ્યું કે "આ બગીચો મારા બાપદાદાની માલિકીનો છે અને તેમને તેમના બાપદાદા તરફથી વારસામાં મળેલો છે, પણ હમણા હમણા (સીજીલમસના હાકેમ) અલિસા બિન મીદરારે મારા કુટુમ્બ પાસેથી એ પડાવી લીધો છે અને અમને પોતાના નોકરો તરીકે અંહિ કામે વળગાડયા છે; પણ મને ખાત્રી છે કે (આપ નામદાર) અલ–મ્હેદી એની પાસેથી હકુમત જીતી લેશો ત્યારે મને મારો આ બગીચો પાછો નહિ અપાવો ?"

અલ–મ્હેદીએ તેને તે આપવાનું વચન આપ્યું અને તેણે જે જોયું હતું તે બાબતમાં ચુપકીદી અખ્ત્યાર કરવાની આજ્ઞા સાથે, સારી જેવી નવાજેશ કરીને તેને વિદાય આપી.

અબુ અબ્દલ્લાએ એક જબરદસ્ત મોટાં લશ્કર સાથે આવીને ત્યાંના હાકેમને હરાવ્યો અને અલ–મ્હેદી વિજયવંત નિવડયા ત્યાં સુધી તે શખ્સે ખરેખર

ચુપકીદી જાળવી રાખી; જે બનાવોનું વર્ણન આ પુસ્તકમાં હવે પછી આપવામાં આવ્યું છે. અલીસા બિન મિદરારના નાસી જવા પછી કુતામા કબીલાના માણુસો પાસેથી બૈયત લેવાની ક્રિયા કરવા માટે તેમજ અબુ અબ્દલા માટે આ પુસ્તકના હવે પછીના પાના-ઓમાં વર્ણવામાં આવશે તે મુજબ જે તંબુઓ ઊભા કરવામાં આવ્યા હતા તે છાવણીમાં તે આવીને રહ્યો હતો. આપણો એ માળી તંબુના દરવાજા પાસે ઊભો હતો અને સાદ ફાટી જાય એટલા મોટા અવાજથી બુમો મારતો હતો કે–"આ રહ્યા ખુદા અને ઇમામ અલ–મ્હેદી." આ સાંભળીને અલ–મ્હેદીએ તેનો અવાજ એકદમ પારખી લીધો અને મને ફરમાવ્યું કે "બ્હાર જા! તેને કાંઇક બક્ષીશ આપ અને તેનો બગીચો તેની જોડેના બગીચા સાથે પાછો આપવાની ગોઠવણ કર."

આ સાંભળીને અલ–મોએજ દિનલ્લાહ પોતે ખુશી થયા હતા એમ તેમણે જણાવ્યું. તેમને આ વાત ઘણીજ ગમી અને ત્યાર પછી તે વાત તેઓ નામદાર હમેશાં યાદ કરતા હતા.

પોતાની મૂળ વાત આગળ ચલાવતા જા'ફર કહે છે. સીજીલમસમાં અલ-મ્હેદીએ મુતાલિબિતની સાથે ભારે દોસ્તી બાંધી. તેમની સાથે તેઓ નામદાર વારંવાર વાતો કરતા, તેને જમવા માટે નોતરતા અને કેટલીક બાબતો તેને ભરૂષે મુકતા. જ્યારે તેણે તે શહેરમાં પોતાના ધંધાને લગતું કામકાજ સમ્પૂર્ણ કર્યું એટલે પોતાના મૂળ વતંન કેરવાન પાછા ફરતા પ્હેલાં તે અલ-મ્હેદીની સલામે આવ્યો. અલ-મ્હેદીએ તેને ફરમાવ્યું કે "મારા મુરીદો અને મારા નોકરો અને ખાસ કરીને મને જે જે ઓળખે છે અથવા જેને જેને હું ઓળખું છું તે બધાં ઉપર કેટલું મોટું જોખમ તોળાઈ રહ્યું છે તે હું જાણું છું. જો એમ નહિ હતે તો આવા વખતે હું તને જવાની રજા આપત નહિ." અને તે વખતે જે સંજોગો હતા તે ધ્યાનમાં લઇને ખુદાની મદદથી તે વિદાય થાય એવી તેને તેઓશ્રીએ સલાહ આપી અને જણાવ્યું કે "જ્યારે તારા સાંભળવામાં આવે કે કુતામા જીલ્લાના દાઈએ ઇફ્રિકીયાને કબજે કરી, કેરવાન સર કરી રકદા શહેરમાં પ્રવેશ કર્યો છે ત્યારે તું તેની પાસે જજે અને દાઈને મારા—અલ-મ્હેદી-તરફથી મુબારક બાદી આપજે અને તું

તેને તારી ઓળખ આપજે." એમ કહી ઇમામે તેને વચન આપ્યું કે "હું તારા વિષે જરૂરી સુચનાઓ સાથે તેને ભલામણ લખી મોકલીશ અને તને એમ લાગે કે દાઈનો ઇરાદો સીજીલમસ તરફ કુચ કરવાનો છે તો તારે તેની સાથે આવવું અને તારા ફરજંદને દાઈ સાથે મોકલવો." આ ફરજંદ તે વખતે યુવાન હતો અને તેને મુછનો દોરો ફુટયો હતો.

દાઈએ ઇમામને કદી પણ જાતે જોયેલ નહિ હોવાથી તે પોતાને ઓળખાવી શકે એટલા ખાતર અલ–મ્હેદીની મરજી ઇસા મુતાલિબિતને અબ્દલા અશ શીઈ પાસે મોકલવાની હતી. તેનો પોતાનો ઇતિહાસ નીચે મુજબ છે.

તે એક સુફી હતો અને પોતાના ભાઇ અબુ અબ્બાસ મહમદ સાથે કુફાના દાઈ અબુ અલી પાસે રહેતો હતો. તેનું આખું નામ અબુ અબ્દલાહ હુસેન બિન અહામદ બિન ઝકરીયા હતું. તેનો ભાઇ અબુલ અબ્બાસ તેના કરતાં મોટો હતો. તેઓ બેઉ મૂળ શીયા હતા. જ્યારે તેમણે સાંભળ્યું કે અબુ અલીની બદલી મીસરમાં કરવામાં આવી છે ત્યારે તેમણે

અબુ અલીના સસરા ફીરૂજને અર્જ કરી અને તેમની મજબુત શીયાઇ લાગણી અને પરહેઝગારી જોઇને તેમને ઘણા સન્માન સાથે (મજહબમાં) સ્વિકાર્યા. (પ્હેલાં) તેઓ ઈમામની હુજુરમાં કદીએ આવ્યા ન્હોતા કે તેઓશ્રીના તેમણે દીદાર કર્યા ન્હોતા. ફીરૂજે તેમના વિષે ઇમામની રજા માંગી હતી અને ત્યાર બાદ તેણે તેમને મજહબમાં દાખલ કર્યા હતા અને તેમને (મજહબની) તઆલીમ અને તરબિયત આપી હતી. તેણે ઇમામને એવી સલાહ આપી હતી કે અબુ અબ્દલ્લાહને ઈજીપ્ત મોકલવામાં આવે અને ત્યાર બાદ તેને ત્યાંથી યમનના દાઇ અબુલ કાસિમના દઆવતના કાર્યમાં તેના મદદગાર તરીકે મોકલવામાં આવે; તેના ભાઈ અબુલ અબ્બાસને ઈજીપ્તના મથકમાં અબુ અલી કે જેને ત્યાં દાઈ તરીકે મોકલવામાં આવેલ છે તેની સાથે રાખવામાં આવે. ઇમામે તેની સૂચના માન્ય રાખી અને તેણે કરેલ નિમણુંકાને બ્હાલી આપી.

એ મુજબ અબુ અબ્દલ્લાહને ઈજીપ્તથી યમન મોકલવામાં આવ્યો અને તેનો ભાઇ અબુ અલી સાથે ઇજીપ્તમાં રહ્યો. અબુલ કાસમને તેના સેવાની જરૂર નહિ હોવાથી અબુ અબ્દલ્લાહ યમનમાં વધારે વખત

રહ્યો નહિ. જ્યારે ઈમામે અબુલ કાસિમને લખીને તેને ઈજીપ્ત મોકલી આપવા ફરમાવ્યું એટલે પોતાની કારકીર્દી ઝળકાવવાની તેની ઉમેદનો અંત આવ્યો; પણ જ્યારે તે મક્કા આવ્યો ત્યારે તે (આફ્રિકામાં વસતા) કુતામા કબિલાના ઘણા માણસોના સમાગમમાં આવ્યો. તેણે તેમની સાથે ઇજીપ્તની સફર કરી અને ત્યારબાદ ઈમામની રજાથી તેણે તેમની સાથે મગરીબ-માંના તેમના મુલકમાં પોતાની સફર ચાલુ રાખી. એ મુજબ તેને ઇમામના દીદાર કરવાનો કોઈ મોકો મળ્યો નહિ.

તેનો ભાઇ અબુલ અબ્બાસ ઈજીપ્તમાં અબુ અલીના હાથ નીચે નોકરી કરતો હતો અને ફીરૂજ માર્ફત ઈમામ સાથે પત્રવ્હેવાર કરવાનું કામ તેને સોંપવામાં આવ્યું હતું. લાંબો વખત નોકરી કર્યા બાદ તેણે છેવટે તેને (ફીરૂજને) પોતાને (ઇમામની) હજુરી સેવામાં લઇ લેવા ઇમામ પાસે અરજ ગુજારવા માંગણી કરી. ઇમામે તેની અરજ, પરદા પાછળથી (એટલે પોતાની હજુરમાં જાતે દેખાયા વગર) સેવા આપવા અર્થે મંજુર રાખી; પણ પાછળથી તેના આગળથી એ પરદો દૂર કરવામાં આવ્યો હતો અને તેણે ઇમામના

અને અલ–મ્હેદી તેમજ અલ–કાયમ કે જે તે વખતે ન્હાના બાળક હતા તેમના પણ દીદાર કર્યા હતા.

મુતાલિબીતની રવાનગી વિષેની મૂળ વાત ઉપર પાછા ફરતા જાંફરે પોતાનું વર્ણન આગળ ચલાવ્યું. તેણે અલ–મ્હેદીની ભલી દુઆ લીધી અને તે કેરવાન તરફ રવાના થયો. આ પ્રસંગે અલ–મ્હેદીએ મને દમસકસનો એક મૂળ વતની કે જે તે વખતે સીજીલમસમાં આવ્યો હતો તેને એક ગુલામ તરીકે ખરીદી લેવા ફરમાન કર્યું. તે એક સુંદર દેખાવનો યુવાન હતો અને અલ–મ્હેદીએ તેનું નામ સંદલ (ચંદન) પાડયું. તે તેજ શખ્સ હતો કે જે અલ–મ્હેદી રકદામાં પ્હોંચ્યા બાદ મવાતીએ ઉઠાવેલા હથિયારબંધ બળવો સમાવતા અલ કાયમના હાથ નીચે કુતામા મુલ્કમાં લડતા લડાઇમાં શહીદ થયો હતો. તે એક દિલેર મર્દ હતો અને ખુદાતઆલાએ તેને એક ગાઝી મર્દ તરીકેનું મોત આપ્યું છે.

ત્યાર બાદ અલ–મ્હેદીએ મને અલ–કાયમની સેવા માટે એક બીજો ગ્રીક ગુલામ ખરીદ કરવા ફરમાન કર્યું અને મેં સીજીલમસની એક ઓરત પાસેથી એક

શીક સોનીને ખરીદ કર્યો. તેનું નામ **મુસ્લીમ** પાડવામાં આવ્યું.

ખરેખર અલ–મ્હેદીને અમારા ઉપર જે આફતો આવવાની હતી તેની અગાઉથી ખબર હતી અને એજ કારણસર (અમે તેના જુના નોકરો કેદમાં પુરાઇએ ત્યારે) અલ–મ્હેદીની ખિદમત બરાબર થઇ શકે એ માટે તેમણે પાકી ગોઠવણ કરી રાખી.

જ્યારે અમને પકડવામાં આવ્યા ત્યારે અલ–મ્હેદી જે મકાનમાં રહેતા હતા ત્યાંથી અલ–કાયમ છટકી ગયા અને બીજા મકાનમાં રહેવા ગયા અને તેમના પિતાશ્રીએ તેમની ખિદમત કરવા અને તેમના સાથી તરીકે રહેવા એ ગુલામ મુસ્લીમને તેમની સાથે મોકલ્યો. **સન્દલ** મુળ મકાનમાં કે જ્યાં અલ–મ્હેદી રહેતા હતા ત્યાંજ તેમની સાથે રહ્યો.

અમને–હું, તૈયબ અને અબુ યાકુબને–કેદખાનામાં પુરી દેવામાં આવ્યા. અલ–મ્હેદી **સન્દલને** અમારા માટે ખાણું લઇને અમારી પાસે અમારી ખબર કાઢવા તેમજ અલ કાયમના સમાચાર લેવા દરરોજ મોકલતા.

અલ–મ્હેદી અને અલ કાયમ પોતપોતાના મકાનમાં

રહેતા અને તેમની સાથે માનભર્યું વર્તન રાખવામાં આવતું અને તેમને કોઇ પણ જાતની ઉણપ આવવા દેવામાં ન્હોતી આવતી. ખુદાતઆલાએ સ્થાનિક હાકેમના દિલમાં તેમના તરફની માનભરી બીક અને આત્મામાં તેમના તરફનો પુજ્યભાવ મૂકી દીધાં હતાં. પણ એ સાથે તે અમારા તરફ અત્યંત ક્રુર બન્યો હતો અને અમને દરરોજ ચાબુકથી ફટકા મરાવી રિબાવતો હતો. થોડા સમય બાદ અબુ-યાકુબ અલ કુહેરમાની આ (દુઃખ) સહન કરી નહિ શકવાથી અલ-મ્હેદી તરફ બેવફા નિવડયો.

અને મને યાદ છે કે-જા'ફર આગળ ચાલતા કહે છે, જે દિવસે તેણે કબુલ કર્યું તે દિવસે જ્યારે અમને પાછા કેદખાનામાં લાવવામાં આવ્યા ત્યારે મેં તેને એક ઠોંસો મારીને કહ્યું "અરે, ઓ કમજાતની ઓલાદ! તેં શા માટે કબુલ કરી દીધું?" અને તેણે જવાબ આપ્યો કે "દોસ્ત ફટકાનું દુઃખ સહન નહિ થઇ શકવાથી મારે એમ કરવું પડયું."

મારા બેઉ સાથીઓએ થોડા દિવસની રિબામણી પછી ઇકરાર કરી દીધો અને તેમને શાન્તિમાં રહેવા

દેવામાં આવ્યા પણ મારા ઉપર રિબામણી ચાલુ રહી કારણ કે મેં એકરાર કરવાની ના પાડી. એ ખરૂં છે કે તેયએ બધી બાબત કહી દીધી નહિ છતાં તેણે જ્યારે લાંબા વખત સુધી તેને ફટકા મારવામાં આવ્યા ત્યારે બરાડો પાડી કહ્યું કે "અમારા માટે તમે લોકો જે કહો છે તે બધું તમારા મત મુજબ સાચુંજ હોય તો તમે શખ્સો અમને મારી નાંખો કે જેથી અમે આ રિબામણીમાંથી છુટીએ." પણ મેં દ્રોહ કરે એવો એક પણ શબ્દ ઉચાર્યો નહિ એટલે તેઓ મારા તરફ રોષે ભરાણા. તેમણે મને ચાબુકથી ફટકાવ્યો અને મેં કાંઈ પણ એકરાર નહિ કરવાથી ગુસ્સે થઈને મારી પાસે એકરાર કરાવવા તેમણે મારા નખ નીચે અણીદાર લાકડીના છેડા ઘોંચ્યા.

આ બધું સહન કરવાને ખુદાવન્દતઆલાએ પોતાની દયાથી મને શક્તિવાન બનાવ્યો અને ખુદાના કસમ મને યાદ છે કે હું જ્યારે કેદખાનામાં હતો ત્યારે મને એક દિવસ ભારે તૃષા લાગી હતી. અમારે માટે હમેશાં જે શખ્સ પાણી લઈ આવતો હતો તે, તે દિવસે પાણી લાવ્યો ન્હોતો તેથી મેં કેદખાનાના વૉર્ડરને બોલાવ્યો અને પીવા માટે પાણી આપવા મેં

લગભગ એકસો વખત વિનતી કરી. આ બધાના જવાબમાં તેનો એકજ જવાબ મળતો એટલે કે તે એક પત્થર મારા તરફ ફેંકી મારા દાંત તોડી પાડતો કે જેથી મારાં મ્હોંમાંથી નીકળતું લોહી મારે પીવું પડે. તેમણે મારા તરફ એટલી ક્રુરતા દાખવી કે તેમણે અમને કેદખાનાના સંડાસમાં પુર્યા અને તેમાં વધારે જગ્યા નહિ હોવાથી સુતી વખતે અમારે અમારાં મોંઢા જે પત્થર ઉપર લોકો પોતાના પગ રાખે છે તેના ઉપર રાખવા પડતા; પણ આખરે ખુદાતઆલાએ આ બધા-માંથી મુક્તિ અપાવી.

હી. સ. ૨૯૬ ઈ. સ. ૯૦૮–૯૦૯ માં અબુ અબ્દલ્લાહે ઇફ્રિકીયા જીતી લીધું અને ત્યાંની વ્યવસ્થાના ચક્કરને રાહ ઉપર મુકવા સારૂ તે ત્યાં આસરે ત્રણ માસ પર્યંત રોકાણો. ત્યાર બાદ તે અલ–મ્હેદીને છોડાવવા સીજીલમસ તરફ આગળ વધ્યો. તેણે તે ઇલાકાના હાકેમો તરીકે અબુઝકી તમામ બિન મુઆરીક અલ અસજાની યાને એક નાઇલીને અને તેના પોતાના ભાઇ અબુલ અબ્બાસ બિન અહામદને નિમ્યા.

તેણે રકઠા સર કર્યા પ્હેલાં કાં તો ટુંક વખતમાં અથવા તે બાદ તુરતજ જા'ફર બિન ઉમેદ, અલ–મ્હેદીના કુટુમ્બના ઝનાના સાથે આવી પ્હોંચ્યો. આ બાબતમાં ઇમામોના આ અદના ગુલામ–આ કિતાબના લખનારને એ વાત સાંભળ્યાને લાંબો સમય વ્યતિત થઇ જવાથી કાંઇક શક લાગે છે.

જા'ફર પોતાનું વિવેચન આગળ ચલાવતા જણાવે છે કે અબુ અબ્દલ્લાહે અબુલ–કાસમ અલ મુતાલિબિતને સાથે લઈને એક મોટા લશ્કર સાથે સીજીલમસ તરફ કુચ આરંભી. અલ–મ્હેદી તરફથી તેને કાગળો મળી ચુકયા હતા જેમાં તેઓ નામદારે મુતાલિબિત માટે તેને ભલામણો કરી હતી જેમાં તેઓ નામદારે તેનું રક્ષણ કરવા, તેની સંભાળ રાખવા, તેની સાથે સારો વર્તાવ રાખવા અને તેને ઉશ્ર (દસોંદ) આપવાથી તેમજ તેના માલ ઉપરના કોઇ પણ જાતના વેરા કે જગાત-માંથી મુક્ત રાખવા હુકમ ફરમાવ્યો હતો. તેણે બાપ અને બેટાને ઉંચા દરજ્જાવાળા સમજી તેમની સાથે ખાસ જુદોજ વર્તાવ રાખવા અને તેમનો મોભો જાળવવા, તેમને પોતાના અંગત સ્ટાફમાં સામેલ કરવા અને બાપ કે જે ઇફ્રિકીયામાં રહે તેની તરફ અલ–મ્હેદીની

ભલામણ મુજબ વર્તન રાખવા હાકેમને ફરમાન આપવા અને છોકરાને, તે સીજીલમસ આવે તે વખતે સાથે લાવવા ફરમાનો મોકલ્યા હતા.

શહેર પાસે પ્હોંચતાજ તેણે તેને ઘેરી લીધું અને ત્યાંના હાકેમ અલિસા-બિન મીદરારને અલ્ટીમેટમ આપી અલ-મ્હેદીને મુક્ત કરવા જણાવ્યું. જો તેની માંગણીઓ પરિપુર્ણ કરવામાં આવશે તો તેણે શહેરને બચાવી લેવા વચન આપ્યું; પણ પ્હેલાં તો તેણે અબુ અબ્દલ્લાહની માંગણીનો અસ્વિકાર કર્યો અને તેના ઉપર સામો હુમલો લઇ ગયો, એથી દાઇએ એક ભયંકર લડાઇ પછી સામા હુમલા શરૂ કરી દીધા અને આખા શહેરને ચારે બાજુથી ઘેરી લીધું.

સામે ટકી રહેવાની પોતાની અશક્તિ જોઇ, હાકેમે સ્થિતી ઉપર વિચાર ચલાવવા અને સલાહ લેવા પોતાના સાથીદારોને બોલાવ્યા. તેના સલાહકારોમાંથી કેટલાકોએ એવી સલાહ આપી કે જેઓને કેદ કરવામાં આવ્યા છે તે બધા શકદારોને કતલ કરી નાંખવા. જો તેઓ બળવાખોરોના મળતીઆ હશે તો તેથી તેમની ઐકયતામાં ફાટફુટ પડશે અને તેમની ધાર્મિક

માન્યતા ડગમગી જશે અને તેમના સિદ્ધાંતો ખોટાં ઠરશે.

બીજાઓએ શત્રુની માંગણીઓ મુજબ વર્તી મિત્રાઈભરી રીતે સુલેહ કરવા આગ્રહ કર્યો; કારણમાં તેમણે એ બાબત ઉપર ભાર મૂકી જણાવ્યું કે દુશ્મન ફક્ત કેદીઓનીજ માંગણી કરે છે માટે જો એ લોકો ખરેખર જેની એ માંગણી કરે છે તે હોય તો તેમને સોંપી દેવા. જો તેની આ માંગણી પુર્ણ કરવામાં આવશે તો આપણું આવું વર્તન મિત્રાઈભર્યું તેમને દેખાશે એટલે તેઓ બીજું કાંઈ વધારે માંગશે નહિ.

આગળ ચાલતા જા'ફર કહે છે કે–શહેરમાં એક બીજો પણ શખ્સ–ઈબ્ને બિસ્તામ નામે એક વેપારી હતો કે જેના ઉપર એજ પ્રકારનો (એટલે ઈસ્માઈલી ધર્મ પ્રચારક હોવાનો) પુરેપુરો શક હતો. ખરી વાત એ હતી કે બીજા વેપારીયો તેની દોલત જોઇને બળી મરતાં હતા અને તેની હલકી મનોવૃત્તિને લીધે તેને ધિક્કારતા હોવાથી તેનો કાંટો કાઢી નાંખવા અને તેને પાયમાલ કરવાનો તેમણે આ એક તાગડો રચ્યો હતો. તેઓ અલિસા પાસે ગયા અને કહ્યું કે "દુશ્મન, જે શખ્સોને રિબાવવામાં આવે છે તેમને નહિ પણ આ

ઈચ્છને બિસ્તામની માંગણી કરે છે.” તેણે તેને બોલાવી મંગાવ્યો. આથી અમારા ઉપરનો હાકેમનો શક, તેના ઉપર લઇ જવામાં આવ્યો, અને અમારી સતામણી બંધ થઇ.

પણ ચાલો આપણે હાકેમની કાઉન્સીલની મસલહત ઉપર પાછા આવીએ. તેમના કેટલાએક સલાહકારો કે જેના મત ઉપર તે હમેશાં મદાર રાખતો હતો તેની સૂચનાઓ ઉપર વિવાદ કરવામાં તેમણે એક આખો દિવસ ગાળ્યો. એવી દલીલો કરવામાં આવી કે “આપણે ચારે બાજુ ઘેરાઇ ગયેલા હોવાથી આપણાથી સામનો કરવાનું ચાલુ રાખી શકાય તેમ નથી. જો કેદીઓને કતલ કરી નાંખવામાં આવે તો આક્રમણ કરનાર બધાં રક્ષકો યાને આપણા બધાનો ઘાણ કાઢી નાંખે; એટલા ખાતર સહુથી સરસ રસ્તો એજ છે કે શકદારોને છોડી મુકી તેમને એક પછી એક બળવાખોર પાસે મોકલી આપવા. જ્યારે દુશ્મનો જે માણસની વાટ જુએ છે તેને જોશે એટલે તેઓ તેમની સાથેના કામકાજમાં પડી જશે અને તેમનું ધ્યાન હાકેમ અને આપણા લશ્કર પરથી બીજે રોકાશે એટલે આપણને નાસી જવાનો મોકો મળશે. એ ઉપરાંત જ્યારે ઘેરો ઘાલનારને પોતાને

જોઈતા લોકો મળી જશે એટલે ઝિયાતુલ બિન અલ અઘલાબ કે જે તેમની આગળ નાસી ગયો છે તે, તેઓ સીજીલમસ ગયા છે એવું સાંભળતાં પોતાના આરબો એકઠાં કરીને કદાચ પાછો ફરે અને તેઓ ઘણે દૂર હોય ત્યારે પાછો ત્યાં આવી ઘુસી જાય અને બળવાખોરો માટે મુશ્કેલી ઊભી કરી દે એવા ભયથી તેઓ ઈફ્રિકીયા પાછા જવા સિવાય બીજું કાંઇ કરી શકશે નહિ અને જ્યારે તેઓ પોતાના માણસને લઈ ચાલ્યા જશે ત્યારે હાકેમ અને લશ્કર શહેરમાં પાછા આવી જઇ શકશે."

એ મુજબ છેવટે પેલા વેપારી ઇબ્ને બિસ્તામ કે જેને માટે બીજા વેપારીયોએ હાકેમ પાસે ચાડી ખાધી હતી, તેને મોકલી આપવાનું નકી કરવામાં આવ્યું. તેને અબુ અબ્દુલ્લાહ પાસે મોકલી આપવામાં આવ્યો. જ્યારે તેને અબુ અબ્દલ્લાહે નજીક આવતો જોયો ત્યારે તેને અલ–મ્હેદી સમજીને તે ઘોડા ઉપરથી નીચે ઉતરી પડયો અને પેલો પણ અબુ અબ્દલ્લાહને માન આપવા ખાતર ઘોડા ઉપરથી નીચે ઉતરી પડયો. આ જોઈને અબુ અબ્દલ્લાહ ફરી પાછો ઘોડા ઉપર સ્વાર થઈ ગયો અને તેના તરફ કાંઈ વધારે લક્ષ

આપ્યું નહિ. ત્યાર પછી તેણે આપણે આગળ કહી ગયા તે અલ-મુતાલિબિતના ફરજંદ અલ કાસિમને બોલાવ્યો અને પોતાની બાજુમાં સાથે રહેવાને ફરમાવ્યું કારણકે એટલા માટેજ તો ઇમામે તેને મોકલ્યો હતો; જો અબુલ-કાસિમે શરૂઆતમાંજ તેને જોયો હોત તો એવા એક સાધારણ શખ્સને સલામ કરવાને તે કદી પણ ઘોડા ઉપરથી નીચે ઉતર્યો ન હોત.

આમ બનવાનું કારણ એ હતું કે-જા'ફર જણાવે છે-અબુ અબ્દલ્લાહે અલ-મ્હેદીના કદી પણ જાતે દીદાર કર્યાં ન્હોતા અને તેથી ઉપર જણાવ્યું તેમ તે ઇમામને ઓળખી શકયો નહિ. તેને યમનના દાઇ અબુલ-કાસિમ તરફથી આફ્રિકા મોકલવામાં આવ્યો હતો કે જેણે તેની સાથે ઇબ્ને અબિ મલાહિફ યમની નામના અમુક શખ્સને મોકલ્યો હતો. જ્યારે તે ઇજીપ્ત તરફ જતો હતો ત્યારે તેને સફર કરતા કુતામા કબિલાના કેટલાક માણસોની મક્કામાં મુલાકાત થઇ હતી અને ત્યાર બાદ કેટલાક સાહસો ખેડયા પછી તે મગરીબમાં પ્હોંચ્યો હતો. આ બધાનું અત્રે વર્ણન કરવા બેસીયે તો ઘણું લાંબુ થઇ જાય. આ

વાત કાઝી નોમાન બિન મુહમદે ફાતમાઇત રાજ્યની શરૂઆત વિષે પોતે રચેલાં પુસ્તકમાં લખેલી છે.

અબુ અબ્દલ્લાહે પોતાની સ્વપ્ન જેવી આશા પુરી થએલી જોઇ નહિ, ઇમામ કે જેને તેણે અગાઉ કદી પણ પોતાની આંખે નિરખ્યા ન્હોતા, તેઓશ્રીના દીદાર કર્યાં નહિ, ત્યાં સુધી તે કુતામા પ્રદેશમાં રહ્યો. એટલા માટે તો અલ-મ્હેદીએ મુતાલિબિતના ફરજંદ કે જેને સીજીલમસમાં પોતાના પિતા સાથે ઇમામના દીદાર કરવાનો અને તે નામદારની બૈયત લેવાનો મોકો મળ્યો હતો તેને સાથે લાવવા હુકમ ફરમાવ્યો હતો.

પણ ચાલો આપણે પાછા ઇબ્ને બિસ્તામ અને અલ-મ્હેદીની વાત ઉપર આવીએ. જ્યારે ઇબ્ને બિસ્તામ ઘોડા ઉપરથી નીચે ઉતરી પડયો એટલે તે અબુ અબ્દલ્લાહના ઘોડાના પગ સુધી ગયો અને ત્યાં અટકી તેને તેણે મેળવેલી ફતેહ માટે મુબારકબાદી આપી અને અલ-મ્હેદી અલ-કાયમ સાથે સહિસલામત હોવાના ખુશ ખબર આપ્યા.

જ્યારે શહેરના લોકો અને સાથે સાથે હાકેમે

જોયું કે તેમના દુશ્મને ઈબ્ને બિસ્તામની કાંઇ ગણના કરી નથી એટલે તેઓ બહુ દિલગીર થયા. ત્યાર પછી હાકેમે અલ—મ્હેદી પાસે એક લાલ બદામી રંગનો ઘોડો મોકલી હુકમ કર્યો કે "જો તે લોકો તેમનાંમાંના હોય તો તેમણે તેના ઉપર સ્વાર થઈને શહેર બ્હાર દુશ્મનો પાસે ચાલ્યા જવું."

જા'ફર જણાવે છે કે—અલ—મ્હેદી જે પોષાક તેઓ નામદાર ઘરમાં પ્હેરી રાખતા હતા, તેજ દબાકી પોષાક યથરિબ પ્હેરણ અને મોટી પાઘડી કે જેનું છોગું તેમણે પોતાના ખભા ઉપર નાંખેલ હતું તેજ રીતે તેઓ નામદાર ઘોડેસ્વાર થઇ ચાલી નિકળ્યા. તેઓ નામદારે પગમાં અરબી મોજડીયો પ્હેરી હતી.

જ્યારે તેઓ નામદાર **સીજીલમસ** (ના દરવાજા)માંથી બ્હાર પડયા અને ઘેરો નાંખી પડેલાં કે જેઓ તેમની રાહ જોઇ ઊભા હતા તેમની એટલા નજીક પ્હોંચ્યા કે તેઓ તેમને ઓળખી શકે, એટલે મુતાલિબિતના ફરજંદે અબુ 'અબ્દલ્લાહને કહ્યું કે "આ છે મૌલા! તારા મારા અને લોકોના મૌલા!"

અબુ અબ્દલ્લાહ ઘોડા ઉપરથી નીચે ઉતરી પડયો

અને બધાંઓએ તેનું અનુકરણ કર્યું. તેણે નમન કર્યું અને બીજા બધાંઓએ નમન કર્યું. તે કદમે કદમે નમન કરતો કરતો આગળ વધ્યો અને તેના લશ્કરીયો પણ તે જેમ નમન કરતો હતો તેમ નમન કરતા તેની સાથે આગળ વધ્યા અને તે મુજબ અલ-મ્હેદીના ઘોડાની ખરી આગળ આવી તે નમી પડયો. ત્યાર પછી તે ઊભો થયો અને ઉભરાતી ઉર્મીઓના દબાણથી કાંઇ પણ કહેવાને અશકત બની જવાથી ઇમામની રિકાબને તેણે બોસો દીધો. ત્યાર પછી ઇમામે પોતાના હસ્ત મુબારકથી તેનું માથું ઉંચુ કર્યું અને તેને પોતાના તરફ વાળી ફરમાવ્યું:—

"હુસેન, આજનો મહિમાવાન પ્રસંગ જોઇ ખુશી થા."

પણ અલ-મ્હેદી આગળ તે નામદારના પ્રભાવ અને અત્યંત ખુશીના આવેશમાં તે એટલો બધો ડઘાઇ ગયો કે, એ કાંઇ પણ બોલી શકયો નહિ અને તેની આંખમાં (હર્ષના) આંસુ આવી ગયા.

ત્યાર પછી અલ-મ્હેદીએ ખુદાતઆલાના વખાણ ગાઇ તેનો આભાર માની અબુ અબ્દલ્લાહને જે ઘોડા

ઉપર તે પ્રસંગે તેણે સ્વારી કરી હતી તે સફેદ ઘોડો પોતાને આપવા ફરમાવ્યું.

અબુ અબ્દલ્લાહ ઝડપથી દોડતો ગયો અને નોકરના હાથમાંથી ઘોડાની લગામ લઈ લીધી અને પોતે તેને દોરી ગયો અને અલ–મ્હેદી જે ઘોડા ઉપર સ્વાર થયા હતા તેની નજીક લઈ જઇ તેને ઊભો રાખ્યો. ત્યાર પછી ઇમામે રિકાબમાંથી પોતાનો પગ કાઢી અબુ અબ્દલ્લાહના ઘોડાની રિકાબમાં પગ મુકયો અને તેનું મોંઢુ શહેર તરફ ફેરવીને તેના ઉપર છલંગ મારી સ્વાર થયા.

જા'ફર કહે છે કે આ બધાં બનાવોની વાત મેં અબુલ–કાસિમ બિન અલ મુતલિબિ પાસેથી સાંભળી છે. તે વખતે પોતે હજી કેદખાનામાં હોવાથી આ બધાં બનેલાં બનાવો વખતે તે ત્યાં હાજર ન્હોતો.

લોકો અલ–મ્હેદીને સલામી આપવા ધસી આવ્યા અને તેઓશ્રીની આસપાસ ટોળે વળી તેઓ નામદારની નજર પોતા ઉપર પડે એવી કોશેશ કરવા લાગ્યા અને દીદાર કરી પોતે ભારે ખુશી અનુભવવા લાગ્યા. આ બધી ધાંધલ ચાલુ હતી એ પળનો લાભ લઇને

અલિસા બિન મીદરાર પોતાના સાથીયો સાથે શહેરમાંથી લશ્કરની નજર સામેથી રણ કે જે મગરીબમાં દાખલ થવાના રસ્તા ઉપર આવેલા "કાફ્રોના સાહુજા" નામે ઓળખાતા પ્રદેશમાં આવેલ હતું તે તરફ નાસી ગયો. આ પ્રદેશ મુળ "મુસ્લીમોનો સાહુજા" નામે ઓળખાતો હતો અને જ્યાં ઝયરી અને તેનો ફરજંદ છુપાઈ રહેલ હતા.

(જ્યારે હાકેમ નાસી જવાના ખબર મળ્યા ત્યારે) અલ–મ્હેદીએ અબુ અબ્દલ્લાહને શહેરનો કબજો લેવા ફરમાવ્યું. દાઇ પોતાના લશ્કર તરફ ફર્યો અને કહ્યું "શહેર સર કરો" હજી તો તેણે પોતાના હુકમના શબ્દો પુરા ન્હોતા કર્યાં ત્યાં તો લશ્કરીયો ચારે બાજુથી શહેર ઉપર ધસી ગયા અને એકદમ તેનો કબજો કરી લીધો. તેમણે શહેર લુંટયું અને કેદખાનાના દરવાજા તોડી અંદર દાખલ થઇ તેમાં પણ લુંટ ચલાવી. જા'ફર કહે છે અમને પણ બીજા કેદીયો સાથે લુંટી લેવામાં આવ્યા.

અલ–મ્હેદીએ અબુ અબ્દલ્લાહને અલ–કાયમની શોધ કરવા ફરમાન કર્યું અને કેદખાનામાં પડેલા

તેમના નોકરોને છોડાવવા કોઇને મોકલી તેઓ તેઓશ્રીની છુપાવાની જગ્યા કાસદોને બતાવે એવી રીતે હુકમ આપવા સૂચના કરી.

પોતાનું વર્ણન આગળ ચલાવતા જા'ફર જણાવે છે કે કેદખાનું તોડી જેવા તેઓ અંદર દાખલ થયા અને અમને લુંટી લીધા તેવાજ અમે નાગા નાગા બ્હાર નીકળ્યા અને ગલી કુંચીયોમાં ભટકવા લાગ્યા. તૈયબને અચાનક એક સફેદ બરનુસ મળી આવ્યું જે તેણે ઉંચકી લીધું અને અમે તેના ટુકડા કરી વ્હેંચી લીધા. અમે ત્રણે–હું તૈયબ અને અબુ યાકુબ એક છાપરા ઉપર ચડયા અને અમે જોયું કે કુતામા કબિલાની ઘોડેસ્વાર ટુકડીયો શહેરમાં આમ તેમ ફરી રહી છે. આગળ જતાં અમને ખબર પડી કે તેઓ અમારા માટે કેદખાનામાં શોધ ચલાવતા હતા અને અમે ત્યાં નહિ મળી શકવાથી અમારો પત્તો મેળવવામાં અને અમને ઓળખવામાં નિષ્ફળ નિવડવાથી નાસીપાસ બની ગયા છે. આ મુજબ તેઓ અલ–કાયમનું છુપું સ્થળ બતાવવા અમને પોતાની સાથે લઇ જઇ શકયા નહિ.

અચાનક તયબે કહ્યું "ખુદાના કસમ, હું ધારૂં છું કે આ ઘોડેસ્વારો અલ–કાયમની શોધ કરવા સિવાય આમ તેમ ભટકે નહિ. મને ખાત્રી છે કે તેઓશ્રી હજી સુધી પોતાના પિતાશ્રી પાસે પ્હોંચ્યા નથી. મને તેમને પૂછવા દો." એ મુજબ જ્યારે એ ટુકડીયોમાંનો કોઇ શખ્સ અમારી નજીક આવ્યો એટલે અમે તેમને બૂમ મારી કહ્યું "ભાઇયો, અમે આપણા મૌલા અલ–મ્હેદીના ખાદિમો છીએ કે જેમને કેદખાનામાં પુરી રિબાવવામાં આવ્યા હતા. જો મૌલાના અલ–મ્હેદીને તેઓ નામદારના ફરજંદ અબુલ–કાસિમની ભાળ મળી ન હોય તો અને જો તેમણે તમને તેની શોધ માટે મોકલ્યા હોય તો અમે તમને તેમનું સ્થળ બતાવીએ. અમને તમારી સાથે લઈ જાઓ એટલે અમે તમને તે જગ્યાએ લઇ જઈશું."

કુતામી લોકોએ જેવું આ સાંભળ્યું કે તરતજ તેઓ અમારી પાસે દોડી આવ્યા અને અમને ત્રણ ઝબ્બા અને ત્રણ પાઘડીયો આપી અને અમને પોતાના ઘોડાઓ ઉપર બેસાડયા અને અમે તેમને જ્યાં અલ–કાયમ છુપાયેલા હતા તે મકાન આગળ લઇ

ગયા. અમે "એ મુસ્લીમ" "એ સન્દલ" એમ બુમો મારી પણ કાંઈ જવાબ મળ્યો નહિ. જ્યારે અલ-મ્હેદી અબુ અબ્દલ્લાહ પાસે જવા સ્વાર થઇને ગયા ત્યારે તેમણે સન્દલને એ બાબતની અમને ખબર આપવા કેદખાનામાં મોકલ્યો હતો. અમે તેને કહ્યું હતું કે "આપણા મૌલા અબુલ-કાસિમ (એટલે અલ કાયમ) પાસે તું દોડતો જા અને આ બાબતના તેમને ખબર આપ અને તેઓશ્રી સાથે તું રહે." તે ગયો. તે અને મુસ્લીમ તે દિવસે તેમની સાથેજ રહ્યા હતા.

અમે મકાનના દરવાજા પાસે લાંબા વખત સુધી ઊભા રહ્યા અને "મુસ્લીમ" અને "સન્દલ"ના નામની બૂમો મારી પણ કાંઇ જવાબ મળ્યો નહિ. હવે અમને ડર લાગ્યો કે કદાચ કુતામી લોકોને અમારા માટે શક ઉપજશે અને અમે કોઈ કાવતરૂ રમતા હતા એમ સમજી અમને અંહિજ કતલ કરી નાંખશે. ત્યાર પછી હું અને તૈયબ બૂમો મારીને કહેવા લાગ્યા કે "એ અમારા માલિક, અબુલ-કાસિમ ! અમારે ખાતર દરવાજો ખોલો અને બ્હાર પધારો. અમે આપના ગુલામો છીએ અને અમારી સાથે આપના મિત્રો કુતામા

કબિલાના માણુસો છે. અમારા મૌલા અલ–મ્હેદીને ખુદાવન્દતઆલાએ વિજયવંત બનાવ્યા છે અને ભવિષ્ય-વાણીયો સાચી પાડી પોતાનો કરાર પૂરો કર્યો છે. અમારા મૌલા અલ–મ્હેદી આખો દિવસ ઘોડા ઉપરથી ઉતર્યાં વગર આપની શોધ ચલાવી રહ્યા છે આપ અમારી પાસે બ્હાર પધારો.”

જ્યારે અલ–કાયમે આ સાંભળ્યું અને તેમના મનમાં, તૈયબ જે બુમો મારી કહેતો હતો તે બાબતમાં શક જવાથી તેઓશ્રીએ મને પૂછયું “જા’ફર! તારી સાથે તૈયબ છે?” “હા, અમારા માલિક” મેં બુમ મારી કહ્યું “દરવાજો ખોલો.” પણ જેવો કુતામા કબિલાના માણુસોએ તેઓશ્રીનો અવાજ સાંભળ્યો કે તરતજ તેઓ દરવાજો તોડવા ધસી ગયા. દિવાલો ઉપરથી અંદર કૂદી પડયા અને દરવાજો તોડીને તે મકાનમાં દાખલ થઈ ગયા અને પોતાના ખભા ઉપર તેડીને તેઓશ્રીને બ્હાર લઇ આવ્યા. તેમની પાસે જે સારામાં સારો ઘોડો હતો તે તેમણે તેઓશ્રીને આપ્યો અને તેઓશ્રી સાથે નાચતા કુદતા, અમને બિલ્કુલ વિસરી જઇને–અમને દુઃખમાં રાખીને–છાવણી તરફ ચાલ્યા ગયા.

પ્હેલાં તો અમે ત્રણ જણ હતા અને હવે પાંચ થયા. હું તૈયબ, અબુ-યાકુબ, મુસ્લીમ અને સન્દલ. હવે અમારે શું કરવું એ બાબત અમે ચર્ચા કરવા લાગ્યા. કેટલાકે એવો અભિપ્રાય ઉચ્ચાર્યો કે "આપણે છાવણીમાં જઈએ." હું આની વિરૂદ્ધ પડયો અને દલિલમાં મેં કહ્યું કે "આપણે છાવણી નજીક પ્હોંચીએ અને તે લોકો આપણને દુશ્મન ધારી આપણા ઉપર તુટી નહિ પડે એની શી ખાત્રી? તેઓ અરબી ઝબાન બરાબર જાણતા નથી; તેઓ આપણને ઓળખતા નથી અથવા તેઓ નહિ સમજે કે આપણે અલ-મ્હેદીના ખાદિમો છીએ. કદાચ આપણે આ બાબત તેમને કહીશું છતાં તેઓ તે વાત ન પણ માને અને આપણને કતલ કરી નાંખે. વધારે સારો રસ્તો એ છે કે અલ-મ્હેદી જે મકાનમાં રહેતા હતા ત્યાં પાછા જઇએ. જ્યારે તેઓ નામદાર અલ-કાયમને સહીસલામત જોશે એટલે આપણી તપાસ કરવાના પગલાં લેશે અને તેઓ નામદાર પોતાની માલમત્તા જે ત્યાં મુકી ગયા છે તેનું રક્ષણ કરવા આપણે ત્યાંજ હઇશું અને ત્યાંથીજ આપણે મળી આવશું એમ તેઓ નામદાર ધારશે."

કુતામા કબિલાના લોકોએ અલ-મ્હેદી અને

અલ-કાયમ જે મકાનોમાં રહેતા હતા તે સિવાય આખા શહેરમાં લુંટ ચલાવી હતી. આ બે મકાનો સંબંધમાં ખરેખર ખુદાવન્દતઆલાએ તેમને આંધળા બનાવી દીધા હતા. સન્દલે સૂચના કરી કે "અલ-કાયમના મકાનમાં જે સામાન છે તે ખસેડીને અલ-મ્હેદીના રહેઠાણુવાળા મકાનમાં લઇ જઇએ કે જેથી બધું એકજ જગ્યાએ ભેગું થાય." અમે એ મુજબ કર્યું અને બધી ચીજો એ મકાનમાં લઈ જઇને ભેગી કરી.

જ્યારે સન્દલ કેદખાનામાં અમને મળવા આવ્યો હતો ત્યારે તેણે અમને કહ્યું હતું કે "મ્હેલ છોડયા પ્હેલાં અલ-મ્હેદીએ તેમાં રહેલા ભોંયરામાં કપડા લતાં, ગાલિચા અને જુદી જુદી ચીજો બધું મુકવા મને ફરમાન કર્યું હતું. મેં જાતે ઊભા રહીને બધું પેક કરાવ્યું હતું અને બધી વ્યવસ્થા બરાબર કરવામાં આવી હતી એ વિષે મેં ખાત્રી કરી હતી અને બધુ બરાબર પેક કરી વ્યવસ્થિત રીતે મુકાઈ દરવાજો બંધ કરવામાં ન્હોતો આવ્યો ત્યાં સુધી હાકેમનો કાસદ તેમને અબુ અબ્દલ્લાહ પાસે જવા કહેવા આવ્યો ન્હોતો."

અમે મકાનની ડેલીની પરશાળમાં બેઠા; એટલામાં તો, સીજીલમસના રહીશો, બધા ચિ'થરે હાલ કપડાંમાં, સાજાં તેમજ ઘવાયેલાં મર્દો ઓરતો અને બચ્ચાંઓની એક મોટી સંખ્યા અમારી સાથે આશ્રય લેવા જમા થઈ ગઇ. તેઓએ પોતાની જાન બચાવવા અમારો આશરો માંગ્યો. વખત વિતતો ગયો (અને રાત પડી) અને પોણી રાત્રી વિતી હશે એવામાં અમે ઘોડેસ્વાર ટુકડીની ઘોડાઓની ખરીયોનો અવાજ અને એક મોટો કોલાહલ થતો અચાનક સાંભળ્યો. તે એક ઘોડેસ્વારોની બનેલી મોટી ટુકડી હતી. તેઓ મસાલોને અજવાળે સ્થાનિક લોકોની દોરવણી નીચે કે જેઓ તેમને અમારા રહેઠાણ તરફનો રસ્તો બતાવતા હતા તેમની સાથે મકાન તરફ આવતા હતા.

અલ—કાયમના પ્હોંચવા પછી અમારા મૌલા અલ—મ્હેદીએ અમારી શોધ માટે વારંવાર માણસો મોકલ્યા હતા. અબુ અબ્દલ્લાહે બધી વખતે એક પછી એક ટુકડીયો મોકલી હતી. તેઓએ અલ—કાયમ પોતાના પિતાને જઇ મળ્યા તે પ્હેલાં જે મકાનમાં રહેતા હતા ત્યાં અમારી શોધખોળ ચલાવી હતી. સીજીલમસના કોઇ રહીશે આવીને અમને કહ્યું ન્હોતું

કે તેઓ અમારી શોધ કરે છે અથવા કોઇ તેમને અમે જ્યાં જઈને રહ્યા હતા ત્યાં લઇને આવ્યા નહિ. કબિલાના માણસો જતા અને પાછા જઇ અમને શોધી કાઢવાની પોતાની અશક્તિ અબુ અબ્દલ્લાહ પાસે જાહેર કરતા.

ત્યારબાદ અલ-મ્હેદીએ અબુ અબ્દલ્લાહને કહ્યું કે "હું જે મકાનમાં રહેતો હતો તેનો પત્તો સ્થાનિક રહીશો પાસેથી મેળવવા જણાવ કે જ્યાં તેઓ હોવા જોઇએ." એ ઉપરથી એક તપાસપાર્ટી શહેરમાં આવી અને સ્થાનિક રહીશોને તે મકાન વિષે પુછપરછ કરી અને તેઓ તેમને અહિં લઈ આવ્યા.

તેઓ અમારા મકાન તરફ આવતા હતા એ જોઇને અમે ઊઠયા અને તેમને મળવા સામે ગયા. અમે તેઓમાં સકલાબી નામના ગુલામને જોયો જેનો હુકમ તેઓ માન સાથે ઉઠાવતા હતા. તે અબુ અબ્દલ્લાહનો ગુલામ હતો જેને તે દિવસે તેણે અલ-મ્હેદીને ભેટ આપ્યો હતો. તેનું નામ અલ ઇકીજાની કરીને હતું કારણ કે તેને તેના શેઠે કુતામા મુલ્કમાં આવેલા ઇકીજાનમાંથી ખરીદ કર્યો હતો કે

જ્યાં તે આવ્યા પછી તરતજ વસ્યો હતો. ટુકડીના માણુસો ઘોડા ઉપરથી ઉતરી પડ્યા અને દરવાજાની પરશાળમાં આવીને અમને બથ ભરી ભેટયા. તેઓ ત્યાંજ થોભ્યા અને (અંગત) ખાદિમ અમારી સાથે મકાનમાં દાખલ થયો. તેણે અમને બધાંને અમારા નામ પુછયા અને તેથી અમે તેને અમારી ઓળખાણ આપી અને તેના નામ વિષે અમે પુછપરછ કરી. તેણે અમને કહ્યું કે "ખુદાતઆલાના શુક્રાના છે કે હું તમારામાંનો એક બન્યો છું કારણ કે મારા શેઠ મૌલાના અસ સૈયદે અલ-મ્હેદીને મને ભેટ કર્યો છે." કુતામા મુલ્કમાં દાઈ અબુ અબ્દલ્લાહને ત્યાંના લોકો અસ સૈયદ કહીને બોલાવે છે.

અમે મકાનમાંથી અંગત સામાન, કપડાં લતાં વગેરે જે જે લઈ જઇ શકાય એવું હતું તે બધું બ્હાર કાઢયું અને ભાર બરદાર પ્રાણીઓ ઉપર મુકયું. અમને ઘોડાઓ આપવામાં આવ્યા જે ઉપર સ્વાર થઇને અમે છાવણી તરફ ચાલ્યા. અમે ત્યાં પ્હોંચ્યા તો જોયું કે અબુ અબ્દલ્લાહ ઘોડા ઉપર સ્વાર થઇને અમારી વાટ જોતો ઉભો હતો. અલ-મ્હેદી કે જેઓ નામદાર પોતાના માટે દાઇએ ઉભા કરેલા તંબુમાં

રહ્યા હતા તેમનો તે મુજબ તેને હુકમ હતો. તેઓશ્રી અલ–કાયમને ટોળાના માણુસો સહી સલામત લઈ આવ્યા પછીજ તેમાં (તંબુમાં) દાખલ થયા હતા.

જ્યારે અબુ અબ્દલ્લાહે અમને આવતા જોયા એટલે તે ઘોડા ઉપરથી નીચે ઉતરી પડયો અને અમે પણ એ મુજબ ઘોડાઓ ઉપરથી નીચે ઉતર્યા અને એક પછી એક બાથ ભરીને તેને ભેટયા કે જે વખતે ગુલામ ઇકીજાની અમારામાંના દરેકની એક પછી એકના નામ આપી ઓળખાણ કરાવતો હતો. તેણે કહ્યું "મને અલ–મ્હેદીના માથા મુબારકના સોગન્દ છે કે તેમણે મને એવી તાકત આપી છે કે હું જે માંગુ તે મને મળે અને તેથીજ આ કાર્યમાં હું ફતેહ મેળવી શકયો છું." તેણે મારી પીઠ ખુલ્લી કરાવી અને મારો વાંસો જોયો અને તેના ઉપર ફટકાના મારથી જે શોલ ઉઠી આવ્યા હતા તે હાથ લગાડી જોયા અને મારી બેડોળ બની ગયેલી આંગળીયો અને આંખો જોઈ તે બાદ તેજ મુજબ તેણે તૈયબને પણ તેની પીઠ અને આંખ ઉપર હાથ લગાડીને જોયું પણ અબુ યાકુબ તરફ તેણે કાંઇ લક્ષ આપ્યું નહિ.

તે બાદ તે અમને ઇમામના તંબુ આગળ લઇ ગયો કે જ્યાં અલ-કાયમ ચંદ્રની માફક પ્રકાશતા અમારી વાટ જોઇને દરવાજામાં ઊભા હતા; જ્યારે તેમણે અમને જોયા ત્યારે તેઓશ્રી હસ્યા અને અમને મુબારકબાદી આપી અને પછી અમને તંબુમાં (ઇમામ) અલ-મ્હેદીની હજુરમાં લઈ ગયા.

અમે જોયું કે અલ-મ્હેદી તંબુની મધ્યમાં ઊભા કરવામાં આવેલા ઉંચા પ્લેટફોર્મ ઉપર સોળે કળામાં પ્રકાશતા સૂરજની માફક ચમકતા બેઠા છે. અમે આંખમાં દડદડ વ્હેતા આંસુ સાથે તેમની આગળ ઘુંટણીએ પડયા અને તેઓ નામદારે હસતા હસતા ખુદાતઆલાને શુકરાનાનો સિજદો કરી તેની મહત્તાના વખાણ કર્યા. તેમના નામ ઉપર સલવાત હોજો.

ત્યારપછી તેઓશ્રીએ અમુક પેટીયોમાં માનના જે બે પોષાકો પેક કરી ત્યાં લાવી રાખ્યા હતા તે લાવવા સન્દલને હુકમ કર્યો. ગુલામ તે લઇ આવ્યો, જેમાંથી એક અલ-મ્હેદીએ પોતે પ્હેરી લીધો અને બીજો અલ-કાયમને પ્હેરી લેવા ફરમાવ્યું. ત્યારપછી તેમણે બીજા પોષાકો અને તરવારો કે જે પણ પેક કરી

તૈયાર રાખવામાં આવેલ હતી તે લાવવા ફરમાવ્યું. ત્યારપછી તેઓશ્રીએ પોતાને હાથે માનનો એક પોષાક અબુ અબ્દલ્લાહને પ્હેરાવ્યો અને પાઘડી અને તરવાર ભેટ આપ્યા અને તેજ મુજબ તેઓ નામદારે મને પોષાક ભેટ આપ્યો. તેઓ નામદારે મને દબાકી હીરની કિનારવાળો પોષાક તેમજ પાઘડી, લેંઘો અને બુટ પ્હેરવા ફરમાવ્યું. તેઓ નામદારે મને એક તરવાર પણ ભેટ આપી. ત્યાર બાદ તેઓ નામદારે બીજા બધાંને તૈયબ, મુસ્લીમ, દલ અને અબુ-યાકુબને તરવારો અને પોષાકે નાયત કર્યા. ખરેખર આ બધી ચીજો અમે સલમીયા છોડયું ત્યારથીજ અમારા માટે તેઓ નામદારે તૈયાર રખાવી હતી.

ત્યાર બાદ તેઓ નામદારે પોતાના અને અમારા માટે એક મોટો તંબુ ઊભો કરવા અબુ અબ્દલ્લાહને ફરમાન કર્યું. જે મુજબ તેણે તંબુ ઊભો કરાવ્યો અને અલ-મ્હેદીએ તેમાં બિછાવવા માટે કિમતી આલિશાન ગાલિચાઓ મોકલી આપ્યા.

ત્યાર બાદ તેઓ નામદારે બીજા દિવસે (અલ-મ્હેદીની) સલામીની કવાયત માટે લશ્કરના માણસે

તૈયાર રાખવા હુકમ ફરમાવ્યો. તેમને તેઓના દરજ્જા અને હોદ્દા પ્રમાણે દાઈએ અલ–મ્હેદી પાસે ઓળખાણ કરાવવાની હતી. આના જવાબમાં અબુ અબ્દલ્લાહે અરજ ગુજારી કે "માણુસો અનાડી છે અને તેઓ બધા ઈમામના દીદાર કરવાને ઘણાજ અધિરા છે. (એથી એ પ્રસંગે તેઓને કાબુમાં રાખવાનું બહુજ મુશ્કેલ થઈ પડશે.) તેથી બ્હેતર એ થઇ પડશે કે એક ખુલ્લા સામીયાના જેવા તંબુમાં બિરાજેલા ઈમામને છેટેથી દીદાર કરવાની તેમને સૂચના આપવામાં આવે. તે પોતે–અબુ અબ્દલ્લાહ–તેમના મોખરે ઉભો રહે અને દરજ્જા પ્રમાણે દસ દસની ટુકડીમાં લઇ જઇ ઇમામની હુઝુરમાં ઓળખાણ કરાવે, તે મુજબ તેઓ આપ નામદારને સલામી આપી પાછા ફરી ચાલ્યા જાય. જ્યારે બધાં દાઇઓ અને કાયદોની આ પ્રમાણે દસ દસમાં ઓળખાણ થઇ જાય પછી તેથી ઉતરતા દરજ્જાવાળાઓની પચાસ પચાસની ટુકડીયોમાં ઓળખાણ કરાવાય. ત્યારપછીના વધુ ન્હાના દરજ્જાવાળાઓની સો સોમાં અને પાંચસો પાંચસોમાં ઓળખાણ કરાવાય. ત્યાર બાદ તેણે પોતાનો એવો ઈરાદો હોવાની અરજ ગુજારી કે બધી ટુકડીયોને કુચ કરાવી ઇમામની સામે

એક ચોરસ વ્યુહમાં એવી રીતે ગોઠવી દેવામાં આવે કે તેઓ બધા ઇમામના દીદાર કરી સલામી આપવાની ક્રિયા કરી શકે.

જા'ફર પોતાનું વર્ણન આગળ ચલાવતા જણાવે છે કે તેઓ નામદારે મારા તરફ આંગળી ચીંધી તેમાં તેને મદદ કરવા મને લેવા અબુ અબ્દલ્લાહુને ફરમાન કર્યું.

બીજી સવારે એક ખુલ્લા સામીયાનામાં તખ્ત ઉપર અલ-મ્હેદી બિરાજમાન થયા. તેઓ નામદાર એક ભભકાદાર પોષાકમાં સજ્જ થયેલા હતા અને તેમનો ચ્હેરો તેમાંથી જાણે સૂર્ય ઉગતો હોય એવો ચમકી રહ્યો હતો. તેમની જમણી બાજુએ તખ્તને અડીને ચંદ્ર માફક ચમકતા અલ-કાયમ તરવારથી સુસજ્જ ઉભા હતા. તેની આગળ જમણી બાજુ બે કદમ આગળ તૈયબ ઉભો હતો. ડાબી બાજુ તખ્તથી બે કદમ દૂર મુસ્લીમ ઉભો હતો અને તખ્તની પાછળના ભાગમાં અબુ યાકુબ, નવો ગુલામ અને સન્દલ પોતાના હાથમાં ચમર લઇને ડાબી અને જમણી બાજુએ ઉભા હતા અને અલ-મ્હેદીના સર મુબારક

ઉપર વાયુ ઢોળતા હતા. હું-જા'ફર ખુલ્લા સામીયાનાના દરવાજા ઉપર, મારા હાથમાં ખુલ્લી તરવાર પકડીને ઊભો હતો. અબુ અબ્દલ્લાહ દરવાજાથી સોએક કદમ દૂર એક હજાર રક્ષકોને બે હારમાં તેની મદદમાં ઉભા રાખીને તેમની સાથે ઊભો હતો. તે બધા દાઈયો અને કાયદોને નામ દઈ પૂકારતો અને દસ દસની ટુકડીયોમાં તેમને મોકલતો. જેવા તેમાંના દસ ભેગા થઈ આવતા એટલે તે તેમને દરવાજે ઉભેલા હજુરી (ચેમ્બરલેઈન)ને જઈને મળવા સૂચના આપતો અને જ્યારે તેમને અલ-મ્હેદીની હજુરમાં રજુ કરવામાં આવે ત્યારે તેઓને ફાવે તેમ કાંઇ પણ બોલવાની મનાઇ કરવામાં આવી હતી પણ તેમણે ફક્ત તેઓ નામદારને સલામ કરી આપણા મોલા માટે ખુદાવન્દ-તઆલા પાસે દુઆ માંગવાની હતી અને જ્યારે તે એટલે હજુરી (ચેમ્બરલેઇન) જવાનો હુકમ કરે કે તરતજ તેમણે પાછા ચાલ્યા જવાનું હતું.

જા'ફર કહે છે કે તે દિવસથી મારૂં નામ ચેમ્બર-લેઈન પડયું છે. હું અમલદારીયોને દસ દસની સંખ્યામાં લઇ ગયો અને ખાદિમોમાં અલ-મ્હેદીને તેમના

ખલિફ તરીકેના ઈલ્કાબ ધારણ કર્યાના પ્રસંગે સલામી આપવાનો પ્હેલો મોકો મને મળ્યો. જ્યારે (પ્હેલી ટુકડીએ) મુબારકબાદી અને શુભેચ્છાના શબ્દો ઉચ્ચારવાની ક્રિયા પુરી કરી એટલે ઇમામે તેમને દુઆ આશિષ ફરમાવ્યા અને તેમના ભક્તિભાવ માટે તેમને શાબાશી આપી, અને આ કરણીના ફળ તરીકે આખરતમાં ખુદાવન્દતઆલા તેમને કેટલી મોટી નવાજેશ ફરમાવશે તે સમજાવ્યું.

આ ક્રિયા પાછળ અમે આખો દિવસ ગાળ્યો. ત્યાર પછી અલ–મ્હેદીને આ ક્રિયા પુરી કરવાને બીજા વધુ ત્રણ દિવસ સુધી બિરાજવું પડ્યું. જ્યારે હું આ કામકાજમાં ગુંથાયેલો હતો ત્યારે અલિસા બિન મિદરારને કેદ કર્યાના સમાચાર મળ્યા. આથી અલ–મ્હેદીને ભારે ખુશી ઉપજી અને ખુશાલી અને ખુદાતઆલાના આભારના જયનાદોથી આખી છાવણી ગાજી રહી.

જ્યારે હાકેમને અલ–મ્હેદીની હજુરમાં લાવવામાં આવ્યો ત્યારે તેને તેના સાથીયો સાથે ચાબુકથી ફટકાવવા અને તેની માલમિલકત જપ્ત કરવા હુકમ

ફરમાવવામાં આવ્યો. ત્યાર બાદ હાકેમ કે જેની જાન બચાવવા માટે અલ-કાયમે માંગણી કરી અને જે ઇમામે કબુલ ફરમાવી તે સિવાય બધાને કતલ કરી નાંખવાના હતા, પણ તે ફટકાના મારથી એટલો પિડાયો કે તે ખાઈ પી શકવાને અશક્ત બની ગયો અને (બીજાઓની) કતલ બાદ થોડા દિવસજ તે જીવવા પામ્યો અને ગુજરી ગયો અને તેને માફ કરવા માટે ખુદાતઆલા પાસે કોઈએ દુઆ માંગી નહિ.

ત્યારપછી અલ-મ્હેદી પાસે એટલી પ્રચંડ સેના હતી કે જેટલી તેમના પ્હેલાં કોઈ રાજાએ ભેગી કરી ન્હોતી. આ સેનાની સરદારી લઇને તેઓ નામદારે કુચ આરંભી અને આખરે કતામા મુલ્કમાં પ્હોંચ્યા. મને યાદ છે કે-જા'ફર જણાવે છે-જ્યારે અમે સહાજા મુલ્કમાંથી પસાર થયાં ત્યારે અમે (આગળ ઉપર) જે જગ્યાએ આશીર શહેર વસાવવામાં આવ્યું ત્યાંથી કુચ કરતા હતા ત્યારે અલ-મ્હેદીએ સામે દેખાતી ટેકરીયોનું નામ પૂછ્યું. તેઓશ્રીને જવાબ આપવામાં આવ્યો કે ટેકરીયોની તે હારને જબ્બલે સંહાજા કહેવામાં આવે છે અને તેમણે કહ્યું કે આ પ્હાડોમાં

એક મોટો ખજાનો દાટવામાં આવ્યો છે.

આ કિતાબના લખનાર મુહમદ બિન મુહમદ અલ યમની કહે છે કે આ પાછળની વાત જા'ફર પોતા પાસેથી મેં કોઈ દિવસ સાંભળી નથી પણ તેના મર્ણ બાદ ટુંક વખતમાં તેના તરફની સત્તાવાર તરીકે મને એ ઈજીપ્તમાં કહેવામાં આવેલ છે.

અલ–મ્હેદીના કુતામા મુલ્કમાં આવી પ્હોંચવાની વાત ઉપર ચાલો હવે આપણે આવીએ.

તેઓશ્રી માટે નાણાની જે રકમ એકઠી કરવામાં આવી હતી તેનો તે નામદારે કબજો લીધો અને હી. સ. ૨૯૭ ઇ. સ. ૯૦૯–૯૧૦ માં તેઓશ્રી ઇફ્રિકીયા તરફ કુચ કરી ગયા. તે નામદારના ત્યાં પ્હોંચવાના દિવસે ઇલાકાના સઘળા પ્રખ્યાત માણસો આરબો અને બીન આરબો, કોઈ પણ જાતના ભેદભાવ વગર બેઉ, તેમજ સાધારણ વર્ગના ઘણા માણસો તેમને આવકાર આપવા આવી પ્હોંચ્યા; વળી અબુ મુતલિબિત અને અલ મારવર્દી તો કેરવાનથી બ્હાર પડી ઠેઠ તાહુરત વીસ દિવસના રસ્તા જેટલાં છેટે, તેઓશ્રીની મુલાકાત માટે આવી પ્હોંચ્યા. છ દિવસના રસ્તા ઉપર

આવેલા બગાયામાં તેઓ નામદારની મુલાકાતે હુસેન અથવા જા'ફર તરફથી પોતાને ઉતરી આવેલા વંશધરો હોવાનો જેઓ દાવો કરતા હતા અને જેઓ કૈરવાનના શીયાઓની માન્યતા ધરાવતા હતા તે લોકોમાંથી ઘણા આવ્યા હતા.

જ્યારે અલ-મ્હેદીએ ઇફ્રિકીયામાં પ્રવેશ કર્યો ત્યારે, જા'ફર પોતાનું વર્ણન આગળ ચલાવતા કહે છે-તેઓશ્રીએ ત્યાંના અને બીજા શહેરોના દરેકને સામાન્ય માફી આપ્યાનો ઢંઢેરો બ્હાર પાડયો. અબ્દલ્લાહ ઇબ્નલ કાદિમ અને અયુબ કે જે ઇલાકાના અલ-મ્હેદીના કબજા વખતે ઝયતુલ્લાહના નીચેના અધિકારી હતા તેમનો પણ તેમાં સમાવેશ થતો હતો. આ બાબતની તેમને જાણ કરવામાં આવતા તેઓ જાહેરમાં આવ્યા. આ અયુબ અઘલાબાદ રાજ્યમાં ઘણાજ અગત્યના મુખ્ય અધિકારીયોમાંનો એક હતો.

અલ-મ્હેદીએ અબ્દુલ્લાહ બિન અલ કાદિમને આમદાનીના બધા અધિકારીયો અને જગાત વસુલ કરનારા અમલદારોના ખાતાઓના મુખ્ય અધિકારી તરીકે નિમણુક કરીને એક અગત્યની જગ્યા આપી. તે

આ ઉંચા હોદ્દા ઉપર શેતાને તેને ફરેબ આપ્યો અને તે કુતામાના બળવામાં સામેલ થઇ (આખરે) તેણે આપઘાત કર્યો ત્યાં સુધી ચાલુ રહ્યો હતો.

અબુ જા'ફર મહમદ ઇબ્ને અહામદ અલ–બગદાદી કરીને એક શખ્સ હતો કે જે, અલ–મ્હેદીએ ઇફ્રિકીયાનો કબજો લીધો તે પ્હેલાં અન્દલુશીયામાંથી આવ્યો હતો અને અમુક કારભારીયો કે જેની તે સેવા કરતો હતો તેનો માનિતો થઇ પડયો હતો અને અલ–મ્હેદી પધાર્યા ત્યારે તેને સરકારી ખાતામાં સેક્રેટરી તરીકે નિમવામાં આવ્યો હતો તેને તેઓશ્રીએ રેવન્યુ ખાતામાં અધિકારી તરીકે સેવા કરવાનું કામ સોંપ્યું અને આખરે તે અલ–કાદિમની જગ્યાએ નિમાયો; છેવટે તેને સર્વ પ્રકારના કારોબારનો અધિકારી નિમવામાં આવ્યો અને દરેક અગત્યની અને બીજી બેઉ બાબતો તેના હસ્તક મુકવામાં આવી.

તેની આ ઝળકતી કારકીર્દીનું કારણ–જા'ફર કહે છે, આ હતું:—

જ્યારે અલ–મ્હેદી સીજીલમસમાં હતા ત્યારે એક વખત તે અલ–મ્હેદીની હજુરમાં આવ્યો અને તેમની

શાનમાં કેટલાક કસીદા રજુ કર્યા. આ મુજબ તેણે અલ-મ્હેદી પાસે પગ પેસારો કર્યો અને તે તેઓશ્રીને તેમની પ્રશંશા કરીને રાજી કરતો અને તેથી તેઓ નામદારે તેને પોતાની હુઝુરમાં આવવાનું અને તેને જે જોઇએ તે માંગી લેવા ફરમાવ્યું. તે અલ-મ્હેદીની મુલાકાતે વખતો વખત આવતો અને તેમની શાનમાં તેણે બનાવેલા કસીદાઓ બોલતો. એક વખત અલ-

દીએ તેને બગદાદ છોડવાનું કારણ પૂછયું જેના જવાબમાં તેણે કહ્યું કે "અલી ઇબ્ને ઈસા મારા તરફ દુશ્મની ધરાવતો હોવાથી મને મારી નાંખવા ઇચ્છતો હતો અને તેથી મારી જાન બચાવવા અને બીજા કેટલાક સંજોગોને લીધે મઘરીબના આ દેશમાં મારે આવવું પડયું છે." અલ-મ્હેદીએ તેની બારીક તપાસ લીધી. તેના (ધાર્મિક) વિચારો અને તેની લાયકાત ચકાસી જોયાં અને તેમને લાગ્યું કે તે એક બાહોશ, નિખાલસ દિલનો અને મજબુત મનનો માણસ હોવાથી એક ઉત્તમમાં ઉત્તમ મંત્રી અને એક સારો વઝીર થઇ શકે એવો શખ્સ છે એટલે તેમણે તેને ધાર્મિક મર્મ આપ્યો અને અન્દલુશીયામાં પાછા જવા ફરમાવ્યું, એમ કહીને કે "જો મારા મુરીદો અને ખાદિમો

ઉપર જે મ્હાન આફતો ઉતરવાની છે તેની મને અગાઉથી ખબર નહિ હતે તો હું તને જવા દેત નહિ.” તે નામદારે તેને જણાવ્યું કે “તારી સલામતી માટે મને ભય છે એટલા માટેજ હું તને અંહિથી જતો રહેવા ફરમાવું છું; પણ કુતામા મુલ્કના હાઇના ઇફ્રિકીયા સર કર્યાના તને ખબર મળે કે તરતજ તારે ફેરવાનનો રસ્તો પકડવો.” ખરેખર અબુ જા'ફર અલ બગદાદીએ એમજ કર્યું અને (ઇમામો) અલ-મ્હેદી, અલ કાયમ અને અલ મનસુર તરફથી તેને અનેક તરેહની જે જે નવાજેશો થઇ તે ફક્ત તે નામદારોજ જાણી શકે.

જા'ફર વધુમાં જણાવે છે કે તે બાદ થોડા વખત પછી અબુ જા'ફર અલ-જઝારી અને જા'ફર અલ હાજીબ કે જેની ઓડક મુલુક હતી (મારો માસિયાઇ ભાઇ, કે જેને હું “ભાઇ” કહીને હમેશાં બોલાવતો.) તેઓ અલ-મ્હેદીના ઝનાનાની ઓરતોને લઇને રકદા શહેરમાં કે જે ઇફ્રિકીયાને કબજે કર્યા બાદ અલ-મ્હેદીનું તે વખતનું પાટનગર હતું ત્યાં આવી પ્હોંચ્યા. આથી અલ-મ્હેદીને ઘણોજ આનંદ થયો.

અલ-મ્હેદી તખ્તનશીન થયા અને એ મુજબ ખુદાવન્દતઆલાએ એમના દુશ્મનો અને તેના (ખુદાતઆલાના) વલીઓના દુશ્મનોની વિરૂદ્ધતા છતાં પોતાનો કરાર પૂરો કર્યો.

અલ હમ્દોલિલ્લાહ રબ્બલ આલમિન. (બધા વખાણ ખુદાતઆલાના છે કે જે જગતનો માલિક-પાલણહાર છે.)

અમિરૂલ મોમનીન, આપણા મૌલા અને માલિકના નાચીઝ ગુલામ અને ખાદિમના જાણવામાં જે આવ્યું છે તે આ છે. તેના (ઈમામના) અને તેના વડવાઓ અને તેના વસીયો ઉપર સલવાત! આ છે અલ-મ્હેદી અને અલ-કાયમે સલમીયા છોડયું અને રકદામાં પ્હોંચ્યા ત્યાં સુધી જે બનાવો બન્યા તેનો અહેવાલ. મેં આ બધું આપણા મૌલાના ગુલામ જા'ફર બિન અલી-ખાનગી કારભારી (ચેમ્બર લેઈન) પાસેથી સાંભળ્યું છે; તેના ઉપર ખુદાતઆલાની રહેમત હોજો. આ બનાવો બન્યાને લાંબો વખત વિતી જવાથી અને તેના ઉપર જે વિતકો વિત્યા તેને લીધે એ વખતે મેં સાંભળ્યું ત્યારે) તેને ઘણી વિગતો યાદ ન્હોતી.

અલહમ્દો લિલ્લાહ–ખુદાતઆલાના વખાણ–કે જે અવ્વલ અને આખર, જાહેર અને બાતિન છે. માણસ જાત માટે ઉત્તમમાં ઉત્તમને તેણે જેને મોકલ્યા તેમના પર તેમજ તેમના ઉત્તમોત્તમ વલીઓ, તેનાં રસુલ (હ૦) મહમદ અને વલી અને તેના વસી (હ૦) અલી અને તેના ગાદી વારસો–ઇમામો ઉપર સલવાત હોજો–અને તે બધા ઉપર ઉંચામાં ઉંચી સલામ હોજો.

(સમાપ્ત)